# "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોધ્ધાર – ૧૫

## <u>શિલ્પશાસ્ત્ર ગ્રંથ</u>

# શિલ્પદીપક

**: દ્રવ્ય સહાયક :**

અધ્યાત્મયોગી આચાર્ય મહારાજા શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ને જ્ઞાનનો એટલો રસ, વિહાર ગમે તેટલો કરીને આવ્યા હોય છતાં મહાત્માઓને વાચના આપે જ, તેઓશ્રીના હાથમાં પુસ્તક હોય જ, ક્યારે પણ પુસ્તક વીના બેઠેલા જોયા નથી... જેઓશ્રીએ જ્ઞાન માટે અથાગ મહેનત કરી હતી એવા અધ્યાત્મયોગી પ.પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક ગચ્છનાયક પ.પૂ. કલાપ્રભસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તીની સરલ સ્વભાવી પ.પૂ. ન્યાયશ્રીજીના શિષ્યા માતૃહૃદયા પ.પૂ. વિદ્યુતપ્રભાશ્રીજીના શિષ્યા વિક્રમઇન્દ્રાશ્રીજીના શિષ્યા શ્રીઈન્દ્રયશાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી કેશવબાગ કોલોનીના બહેનોની જ્ઞાનખાતાની ઉપજમાંથી

**: સંયોજક :**

**શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા**

**શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**

**શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન**

હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

**સંવત ૨૦૬૫ ઈ.સ. ૨૦૦૯**

ॐ

જ.વિ.૯૯

विश्वकर्मायनमः

गंगाधर प्रणीत.

# शिल्पदीपक.

सलाट कडीया अने सुथारोने अत्यंत उपयोगी.

છપાવી પ્રસિદ્ધકર્તા.


મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર.

ત્રણદરવાજા—અમદાવાદ.

"સત્યપ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નહાલચંદ તથા ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપ્યું. છે. ખાડીયામાં—અમદાવાદ.

આવૃત્તી બીજી પ્રત—૧૨૦૦


સર્વે હક્ક પ્રસિદ્ધકર્તાએ પોતાને સ્વાધીન રાખ્યા છે.


સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

કિંમત રૂપિયા દોઢ.

Registered for Copy right under the
Government of India's Act xxV of 1867.

All rights are reserved by the Publisher.



विश्वकर्माचतुर्बाहु
अक्षमालांचपुस्तकं कंबाकमंडलुंचत्ते त्रिनेत्रोहंसवाहनः १ "ज्ञानरत्नकोशे"

यह चित्र कर्मके
ऊपर प्रश्न होनेका है औरबाजूपर श्लोकमें जो रूप बताया है सो देवपंक्तीका है

# પ્રસ્તાવના.

ઉત્તમ પ્રકારનાં ઘરો, વાવ, કુવા, તળાવ અને કિલ્લાઓ કેવી રીતે બાંધવા? આકાશમાં ચાલતાં વિમાનો, કાષ્ટના ઘોડા, દુર્બીનો, કાળમાપક યંત્રો વિગેરે કેવી રીતે બનાવવાં? મેઘાસ્ત્ર, પવનાસ્ત્ર, અગ્ન્યાસ્ત્ર, ચક્ર, ત્રિશુળ વિગેરે દિવ્ય શસ્ત્રોની ગોઠવણ કેવી રીતે કરવી? અને ટુંકામા વ્યવહારમાં કામ લાગતી અનેક ચીજો સહેલાઈથી તૈયાર કરવાનું સાંચાકામ કેવી રીતે બનાવવું! વિગેરે જાણવાની જે વિદ્યાકળા તે શિલ્પશાસ્ત્રના નામથી ઓળખાય છે. પ્રાચીનકાળમાં આ ભૂમિમાં જેમ વૈદક, જ્યોતિષ્ય, યોગ, વિગેરે ચમત્કારીક વિદ્યા; ઓના મહાન્ શોધકો થઇ ગયા છે, તેવીજ રીતે વિશ્વકર્મા નામે એક દેવના શિલ્પી થઇ ગયા છે કે જેમને શિલ્પનું અતિ ચમત્કારીક જ્ઞાન હોવાથી પોતે એવાં તો યંત્રો બનાવ્યાં હતાં કે જેની મદદથી માત્ર એક રાત્રિમાં મોટાં નગોરાનાં નગરો બાંધી તૈયાર કરતા; તેમજ જે જે દેવને જેવી ઇચ્છા થાય તેવી જાતનાં વિમાનો, શસ્ત્રો, બાગ બગીચા વિગેરે બનાવી આપતા અને તેઓના એવા સામર્થ્યના લીધે એ શિલ્પશાસ્ત્ર વિશ્વકર્માની વિદ્યાના નામે પણ ઓળખાય છે.

આ શાસ્ત્ર સંબંધી ખાસ વિશ્વકર્માના હાથથીજ લખાયેલો કોઇ ગ્રંથો છે કે નહી તે હજુ નક્કી થતું નથી; પરંતુ શોધ ખોળ કરતાં તેમની પાછળ થઈ ગયેલા બીજા આચાર્યોના રચેલા ગ્રંથો જેવાકે રાજવલ્લભ, વિશ્વકર્માવિદ્યાપ્રકાશ, વિગેરે મળી આવે છે; જે ગ્રંથોમાં વિમાન, વિગેરે ચમત્કારીક યંત્રોની બાબતો છોડીને બાકી હાલના શિલ્પીઓને કામ લાગે તેવી તમામ બાબતોનો સંગ્રહ કરેલો છે. પરંતુ તે ગ્રંથોની રચના અતિ કઠીણ હોવાથી સાધારણ બુદ્ધિવાળા શિલ્પીઓથી તે જલદી સમજી શકાય તેમ નથી. અને તેથી તેવા શિલ્પીઓના હિતને સારૂ એકાદ ઉત્તમ ગ્રંથની શોધ ખોળ અમે અનેક વર્ષોથી કરતા હતા, તેવામાં દક્ષિણના કોઇ ગંગાધર નામના વિદ્વાન શિલ્પીનો રચેલો આ 'શિલ્પદીપક' નામનો ગ્રંથ અમારા હાથ આવ્યો, જે વાંચી–જોતાં તેમાં હાલના શિલ્પીઓને ઉપયોગી તમામ બાબતો જેવી કે ઘર બાંધવાનાં તમામ પ્રમાણો, લેણદેણ, દરેક ઈમારતના આયુષ્યનાં પ્રમાણો, તે ઈમારત આખરે કેવી રીતે નાશ પામશે, કેવી જમીનમાં કઇ વખતે કુવો વિગેરે જળાશયો ખોદવાથી તેમાં અખુટ જળ થઈ શકશે વિગેરે બાબતો અતિ સરળ રીતે સમજાવેલી હોવાથી તે ગ્રંથ ગુજરાતી ભાષાંતર સાથે થોડાંક વર્ષો પર અમારી તરફથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો, જે શિલ્પીઓને અત્યંત ઉપ-

યોગી પડવાથી ટુંક સમયમાં તેની બધી પ્રતો ખપી જવાથી આ બીજી આવૃત્તિ છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

જો કે આ ગ્રંથ સર્વે ઉપયોગી બાબતોથી ભરપુર છે, તોપણ તેમાં નથી અને રાજવલ્લભાદિ બીજા ગ્રંથોમાં છે, એવી કેટલીક બીજી ઉપયોગી બાબતોનો હાલના કેટલાક વિદ્વાન્ શિલ્પીઓની સૂચનાથી આ આવૃત્તિમાં સુધારો વધારો કરવામાં આવ્યો છે અને તેથી પહેલી આવૃત્તિના કરતાં આ આવૃત્તિ શિલ્પીઓને વધારે ઉપયોગી થઇ પડશે એમ આશા રખાય છે. જો આ ગ્રંથને દિન પ્રતિદીન વધારે આશ્રય મળતો જશે, તો આગળ ઉપર આ શાસ્ત્રના વિમાનાદિક બનવાની ક્રિયાના ગ્રંથોનો પણ શોધ ખોળ કરી તેઓને છપાવવા ઉત્સાહિક થઇશું–હાલ એજ.

પ્રસિદ્ધકર્તા.

**મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.**

ત્રણદરવાજા **અમદાવાદ.**

# સાંકળીયું.


## પ્રકરણ ૧ લું.

વિશ્વકર્માના રૂપનું વર્ણન. ૧
પ્રથમ ઘર કરનાર સૂત્રધારનાં લક્ષણ ૨
નિર્દોષ સમય ૨
ગજવિધાન ૨
ગજનું માપ ૩
આંગળનાં નામ ૩
છાયાદિકની સમજણ ૪
ગજની સમજણ ૪
તાળાદિ માપ ૭
આઠ પ્રકારનાં સુત્રનાં નામ ૭
ગ્રહારંભ કરવાના માસની સમજણ ૭
ખાતને વિષે તિથિનું પ્રમાણ લેવાનું ૮
શુભાશુભ માસકોષ્ટક ૯
ઘર કરવાની રાશી જોવાનું. ૯
વછ જોવાની રીત ૧૦
વછ ચક્ર. ૧૧
ઉપરના વછચક્રની સમજણ નીચે ૧૧
દીશાની સમજણ ૧૨
સુત્રમાંકડીનું પ્રમાણ ૧૩
ઘર કરવાની રાશી ૧૫
ભુમિ પરીક્ષા ૧૫
ભુમિનું બળીદાન ૧૬
બીજી રીતે ભોમી પરીક્ષા ૧૬
પાણીના વહનનું ફળ ૧૭
અથ ખુંટીનું પ્રમાણ ૧૮
શલ્ય કાઢવાની વિધી, ભુમિ સોધન ૧૯
અથ શલ્યની વીધી ૧૯
અથ ખાત કરવાની વિધી. ૨૨
ખાતકોષ્ટક. ૨૩
ઘર આગળ કેવીજાતનાં ઝાડો વાવવાં ૨૪

## પ્રકરણ ૨ જું.

અથ આયવિચાર ૨૬
આયનું ઉદાહરણ ૨૬
આયનાં નામ દીશાકોષ્ટક ૨૬
આય દેવનાં સ્થાન ૨૭
માણસની આય લાવવાની રીત ૩૧
માણસની આય લાવવાનું ઉદાહરણ ૩૧
આયનાં સ્વરૂપ ૩૨
ઘરનાં માપ કરવાની વિધી ૩૩
આય કલ્પવા વીશે ૩૩
ક્ષેત્રફલ કાઢવાનો પ્રકાર ૩૪
મુળરાશી લાવવાનું ઉદાહરણ ૩૪
મુળરાશી ટુંકામાં લાવવાની સમજણના નિયમ ૩૫
નક્ષત્ર લાવવાની સમજણ ૩૬
સ્પષ્ટિ કરણ ૩૬
ગણ જોવાવાનો પ્રકાર ૩૭
ગણનાં નક્ષત્ર ૩૭
નક્ષત્રની દીશા મુખ જોવાનો પ્રકાર ૩૮
તિર્યકમુખાં નક્ષત્ર ૩૮
અધોમુખ નક્ષત્ર ૩૯
ઘરની રાશી કાઢવાની રીત ૩૯
નક્ષત્રની રાશી જાણવાનું ૩૯
ઘરના ચંદ્રનું ફળ જોવાનું. ૪૦
ચંદ્રનાં ફળ ૪૦
ઘરનું કોષ્ટક ૪૧
ખડાષ્ટક જોવાનું. ૪૧
ઘર તથા ઘરની રાશી ઉપરથી ઇષ્ટ અનિષ્ટ ખડાષ્ટક સમજવાનું કોષ્ટક. ૪૨
કોષ્ટક સમજવાની રીત. ૪૩
રાશીના સ્વામિની સમજણ ૪૩
સ્વામી જોવાનું કોષ્ટક ૪૫

વ્યય સમજનો પ્રકાર. ૪૫
અંશક જાણવાનો પ્રકાર. ૪૭
અંશક જોવાનું. ૪૮
નવ તારા સમજણ. ૪૯
તારા ગણવાનું કોષ્ટક. ૫૦
હોડાચક્ર ઉપરથી ઘરધણીના નામનું નક્ષત્ર કહાડવાની સમજણ. ૫૧
ઘરના અધિપતીની સમજણ. ૫૧
ઘરના અધિપતી સમજવાનું કોષ્ટક. ૫૨
કોષ્ટકની સમજણ. ૫૨
અધિપતીના વર્ગ. ૫૨
ઘરની ઉત્પત્તિ. ૫૩
સરળતાથી ઘરની ઉત્પત્તિનું જોવાનું કોષ્ટક. ૫૩
યોનીવૈર સમજવાની રીત. ૫૩


---

## પ્રકરણ ૩ જું.


નક્ષત્રના વૈર સમજવાની રીત. ૫૫
નક્ષત્રની નાડી સમજવાની રીત. ૫૫
ઘરવિશે સારોનરસો પ્રવેશ જોવાની રીત. ૫૬
ખડકીના બારણા વિશેની સમજણ. ૫૬
બારણા ઉપર બારણું મુકવા વિશે. ૫૭
બારણું પુરવા વિશે. ૫૭
બારણાવેધ ૫૮
બારણાના ઉદયના ભેદ. ૫૮
ધ્વજદંડના પ્રમાણની સમજણ ૫૯
નક્ષત્રની નાડીની સમજણ. ૬૦


---

## પ્રકરણ ૪ થું.


બારણું મુકવાની વિધી. ૬૧
ઘરના ભાગની વિધી. ૬૧
પદભાગમાં થાંભલા મુકવાની વિધી. ૬૩
થાંભલો મુકવાની વિધી. ૬૪
સ્થંભ મુકવાની વિધી. ૬૫
ઘરનું લાંબા ટુંકી પ્રમાણ. ૬૬
જાળી તાકાં મુકવાનું પ્રમાણ. ૬૬
માળનું પ્રમાણ. ૬૭
વેધવિધી. ૬૭
દ્વાર મુકવાની વિધી. ૬૮
વેધવિધી. ૬૮
ઘરના વિભાગ વિશે. ૬૮
સમુળ ઘર વિશે. ૬૯
પ્રતીકાર ઘર વિશે. ૬૯
એક ઘરનાં બે ઘર કરવા વિશે. ૬૯
એક વાસ્તુના બે ઘરના વેધ. ૬૯
પછીતવિધી. ૭૦
ઘરનિશેધવિધી. ૭૦
ઘરમાં ચિત્રવિધી. ૭૦
વાસ્તુભંગ ન કરવા વિશે. ૭૦
દીશાલોપ. ૭૧
ગુણદોષ વિધી. ૭૧
ઘર ઉંચું કરવા વિશે. ૭૧
ઘરના ખુણાવેધ. ૭૨
રાહુમાં દ્વાર મુકવા વિશે. ૭૨
દ્વાર મુકવાનું અંગ. ૭૩
ઘરના માનનો લોપ ન કરવા વિશે. ૭૩
બે બારણાનો વેધ. ૭૩
પદભંગ વિશે. ૭૩
માનભંગ વિશે. ૭૪
ઘરના મુખ વિશે. ૭૪
નલહિન ઘર વિશે. ૭૪
તત્વપરથી હરેક કામનો આયુષ. ૭૪
અથ તત્ત્વનું ફળ. ૭૫
ધ્રુવાદિ ઘરોના નામની સંખ્યા. ૭૫

સોળ ઘરનાં નામ. ૭૭
ઘરની કાંબડીનું પ્રમાણ. ૭૭
ઘરનો નકશો. ૭૮
કાંબડીની રેખાવિધાન. ૭૯

## પ્રકરણ ૫ મું.

ચક્રવર્તિરાજાના ઘરનો વિસ્તાર. ૭૯
મહા મંડલિક રાજાએ કેવડું ઘર બનાવવું તેનો વિચાર. ૮૦
મંડલિકના ઘરનો વિચાર. ૮૦
સામંતના ઘરનો વિસ્તાર. ૮૦
જાગીરદારના ઘરનો વિસ્તાર. ૮૦
સેનાપતિના ઘરનો વિચાર. ૮૦
પ્રધાનના ઘરનું પ્રમાણ. ૮૦
બીજા હલકા કામદારોનાં ઘરો. ૮૦
સાધારણ માણસના ઘરનું પ્રમાણ. ૮૧
દેવ અને રાજાના ઘરનાં નામ. ૮૧
સાધારણ માણસના ઘરનાં નામ. ૮૧
નાનાં મોટાં ઘરોના પાયાનું પ્રમાણ. ૮૧
પાયાના પત્થરોની લંબાઈ પહોળાઇ. ૮૧
ઘરની પહોળાઈ ઉપરથી દ્વારનું માપ. ૮૨
કુંભીઓનું માપ અને તે ગોઠવવાની રીત. ૮૨
ગોખલા મૂકવાની રીત. ૮૨
ખડકી મૂકવાની રીત. ૮૨
ખડકીના બારણાનું માપ. ૮૩
તૈયાર બારણું ચણીલેવાથી થતી હાનિ. ૮૩
બારણું નાનું મોટું કરવાથી થતી હાનિ. ૮૩
વાસ્તુ કરેલા ઘરનો ભંગ કરવાથી થતી હાનિ. ૮૩
બારણાની ઉભણીનું માપ. ૮૩
કેવીજાતનાં બારણાંથી ભય પેદા થાય. ૮૩
ઘરની છાંયાનો વિચાર ૮૩
એક પાટડાવાળા ઘરથી થતું નુકશાન. ૮૪
ઓછા વધારે માપવાળી કુંભીથી થતું નુકશાન. ૮૪
થાંભલાનો વિચાર. ૮૪
કરાની ઉંચાઇનો વિચાર. ૮૪
ઢાળનું પ્રમાણ. ૮૪
ઘરમાં નીસરણી કઇ તરફ રાખવી. ૮૫
પછીતનો વિચાર. ૮૫
જુના ઘરને પાડવાનું વિધાન. ૮૫
શ્રીમંતના ઘરમાં જમીન કઇ તરફ વધારે રાખવી તે. ૮૬
ઘરમાં ધનશાળા કીયા ઠેકાણે કરવી? ૮૬
વસ્ત્રશાળા કયાં કરવી? ૮૬
દેવશાળા કયાં કરવી? ૮૬
વાસણો કઈ જગોએ રાખવાં? ૮૬
અશ્વશાળા કઇ તરફ બનાવવી? ૮૬
ઔષધશાળા કયાં બનાવવી? ૮૬
ભોજનશાળા કયા ઠેકાણે કરવી? ૮૬
અગ્નિશાળા કયાં કરવી? ૮૬
ગૌશાળા કયાં કરવી? ૮૬
પાણીયારૂં કયાં કરવું? ૮૬
ગજશાળા કયાં કરવી? ૮૬
શસ્ત્રાલય કયાં કરવું? ૮૬
સ્ત્રીવાસ કયાં કરવો? ૮૬
ભંસો બકરાં ઘેટાં વગેરે કયાં રાખવાં? ૮૬
નાટકશાળા કયાં કરવી? ૮૬
રાજમાતા અને પટરાણીનું ઘર. ૮૬
ધર્મશાળા કયાં બનાવવી? ૮૬
તીજોરી કયાં રાખવી? ૮૬
ગધેડાં અને ઊંટનાં સ્થાનકો. ૮૬
કોઠાર કયાં કરવો? ૮૬
શંકરનું દેવળ કયાં કરવું? ૮૬
જાજરૂ કઈ બાજુ રાખવું? ૮૬

કુમારોને રહેવાની જગા. ૮૬
યોદ્ધા અને બખતરોનું ઠેકાણું. ૮૬
છત્ર ધરનાર, ચામર ઢોળનાર, ગુરૂ, તંબોળી વિગેરેનાં સ્થાનક. ૮૭
શયનગ્રહ. ૮૭
પાઠશાળા. ૮૭
વાજીંપ્રશાળા. ૮૭
રસોડું. ૮૭
ગણિતયંત્રો. ૮૭


## પ્રકરણ ૬ ઠું.



ગામમાં વાસ કરવાનો વિચાર. ૮૭
ગામમાં વસવા વિશે. ૮૮
આયપરથી ઘરનાંદ્વારમુકવાની રીત. ૮૮
ઘરમાં વાસ કરવાના નિષેધગહ. ૮૯
કઈ તિથીમાં ઘરનું દ્વાર ન મુકવું. ૮૯
ઘર કરવાનાં વાર ને લગ્ન. ૮૯
ઘરમાં કુવો કરવાની દિશા જોવાનું. ૯૦
ઘરનો આવરદા જાણવાની રીત. ૯૧
લક્ષ્મીયુક્ત ઘરનો યોગ. ૯૧
ઘર બીજા ધણી પાસે જવાના યોગ. ૯૧
ઘરના આરંભમાં નક્ષત્ર વારનાં વિશેષ ફળ જોવાનું. ૯૧
અથ દ્વારચક્રની સમજણ. ૯૨
અથ ઘરમાં વાસ પુરવાનાં મુહુર્ત. ૯૩
અથ જીર્ણઘરમાં પ્રવેશનાં મુહુર્ત. ૯૪
ઘરપ્રવેશ પેહેલાં વાસ્તુશાંતી લગ્ન વારાદિ ૯૪
કળશ મુકવાનું મુહુર્ત. ૭૪
વામ રવિનો વિચાર. ૯૫
અથ કળશચક્ર. ૯૫
ઘરપ્રદેશ કર્યા પછી કરવાની વિધી. ૯૫
નક્ષત્રનાં નામ. ૯૬
નક્ષત્ર ઉપરથી રાશી ચંદ્ર જોવાનું કો. ૯૬
ચારે દીશાઓમાં ચંદ્રનું ઘર જોવાનું ૯૬
ચારે દીશાના ચંદ્રનુ ફળ. ૯૬
ધ્રુવ નક્ષત્ર ને તેના વિશે કામ. ૯૭
ઉગ્રગણ અને તે વિશે કામ. ૯૭
શીઘ્રગણ ને તે વિશે કામ. ૯૭
લઘુગણ ને તેના વિશે કામ. ૯૮
મૃદુગણ ને તેના વિશે કામ ૯૮
તીક્ષ્ણગણ ને તેના વિશે કામ ૯૮
સતાવીશ યોગનાં નામ. ૯૮
યમઘંટ યોગ સમજવાનું ૯૮
યમઘંટનાં ફળ. ૯૮
દીશાકાળની સમજણ. ૯૯
જોગણીનું ઘર જોવાનું. ૯૯
વારના અનુક્રમે રાહુનું મુખ જોવાનું. ૧૦૦
માસ પ્રમાણે રાહુ જોવાનું. ૧૦૦
વાર તથા નક્ષત્રશુળ. ૧૦૦
અથ ઘાતચક્ર. ૧૦૧
અથ દીવસનાં ચોઘડીયાં. ૧૦૨
અથ રાત્રિનાં ચોઘડીયાં. ૧૦૨
અથ શુભ શુકન. ૧૦૨
ગામ જતાં અપશુકન. ૧૦૩
ગામ જતાં અપશુકનનો પરીહાર. ૧૦૪



**મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર.**

ત્રણ દરવાજા—અમદાવાદ.

आ नीचे आयोना बेबे रुपो बनाव्या छे, तेमां एकस्री अने बीजो पुरुष छे.



# अथ श्री शील्पादिपक.

श्रीगणेशायनमः

श्रीसरस्वत्यैनमः

श्रीविश्वकर्मणेनमः

## स्तुति.

### प्रकरण १ लुं.

श्लोक ॥ स्मृत्वास्वचित्तेमततंगणेशं
गोवर्धनाख्योधरणीसुरोऽहम् ॥
श्रीशिल्पदिपकसंज्ञकस्य
व्याख्यासुभाषांसरलांप्रकुर्वे ॥ १ ॥

અર્થ—શ્રી ગણુપતીનું ચીત્તને વિશે સો વાર સ્મર્ણ કરીને હું ગોવરધન નામનો દ્વીજ આ શિલ્પદિપક નામના ગ્રંથની મનોહર ભાષાએ કરી ભુષિત સરલ સર્વે શિલ્પી સજ્જનોને સમજાણુ પડે તેવી રીતે ગુજરાતી ભાષાની ટીકા કરૂં છું. ॥ ૧ ॥

વિશ્વકર્માના રૂપનું વર્ણન.

श्लोक.

कंबासूत्राम्बुपात्रंवहतिकरतलेपुस्तकंज्ञानसूत्रं
हंसारूढंत्रिनेत्रः शुभमुगटशिरः सर्वतोवृद्धकाया ॥
त्रैलोक्यंएनमृष्टंसकलसुरगृहंराजहर्म्यादिहर्म्यां
देवोसौसूत्रधागजगतखिलहितः पातुवोविश्वकर्मा ॥ २ ॥

અર્થ—જેના એક હાથમાં કાંબી, બીજા હાથમાં સુત્ર ને ત્રીજામાં જળનું કમંડળ અને ચોથા હાથમાં પુસ્તક ધારણ કરેલું, વળી જેને હંસનું વાહન છે, ને જેને ત્રી નેત્ર છે, જેના મુસ્તક ઉપર મુકુટ ધારણ કરેલા છે, એટલુંજ નહી પણ સર્વે પ્રકારે જેનું શરીર વૃદ્ધિ પામેલું છે, તથા ત્રણલોક જેણે સરજેલાં છે, તેમજ સર્વે પ્રકારનાં દેવઘરો, રાજઘરો અને સર્વ સામાન્ય લોકનાં ઘરો જેણે રચેલાં છે, એવા સર્વ જગતનું હીત કરતા વિશ્વકર્મા જે સૂત્રધાર તે તમારૂં રક્ષણ કરો. ૨

### પ્રથમ ઘર કરનાર સુત્રધારનાં લક્ષણ.

### श्लोक.

सुशिलचतुरोदक्ष शास्त्रज्ञलोभवर्जिता ॥
क्षमावानस्यद्विजश्चैव सुत्रधारसउच्यते ॥ ३ ॥

અર્થ—જેની શાંત વૃત્તિયો હોય ને ઘણો ચતુર, ડાહ્યો, શિલ્પશાસ્ત્રને પરીપુર્ણ જાણનાર ને લોભ રહીત, ક્ષમાવાન (ક્રોધ રહીત) દ્વીજ સમાન આચરણવાળો સુત્રધાર કહીએ. એવો સુત્રધાર સર્વે કામને વિશે અગ્રેસર કરીએ. ૩

### નિર્દોષ સમય.

### श्लोक.

शुभमासेसितपक्षे अतितेचोत्तरायणे ॥
चंद्रताराबलंभर्त्तु सुलग्नेचशुभेदिने ॥ ४ ॥

અર્થ—સર્વે સુત્રધારે શુભ માસ, અજવાળીયું પક્ષ, ઉત્તરાયણના સૂર્ય તથા ચંદ્ર તારાનું પરીપુર્ણ બળ જોઈ શુભ લગ્ન રૂડો દીવસ નિરવિઘ્ન સમય જોઈ નવીન કામનો આરંભ કરવો. ૪

### ગજ વિધાન.

### श्लोक.

मात्राप्रोक्ताष्टभिर्जेष्टानिस्तुषेश्चैवयवोदरेः
मात्राभिस्तिमृभिः पर्वप्रोक्तःपर्वष्टभिःकरः ॥ ५ ॥

અર્થ—છોડાં વગરના (છડેલા) આઠ આડા જવની એક ઉત્તમ માત્રા કહી છે, ત્રણ માત્રાનું એક પર્વ કહ્યું છે ને આઠ પર્વનો એક હાથ (ગજ) કહ્યો છે એજ

પ્રમાણે સાત આડા જવની મધ્યમ માત્રા છે અને છ આડા જવની કનિષ્ટ માત્રા જાણવી. ઉત્તમ મધ્યમ ને કનિષ્ટ એ ત્રણ માત્રાના ઉત્તમ મધ્યમ ને કનીષ્ટ ગજ જાણવા.

## ગજનું માપ.

### श्लोक.

छायावाणुरेणुंकेशाग्रलिक्षा
युकाप्रोक्ताःस्याद्यवस्त्वंगुलश्च ।
छायादिभ्योष्टघ्नमानस्यवृद्धिः
प्रोक्तोहस्तोजैनमंरत्यांगुलश्च ॥ ६ ॥

અર્થ—છાયાદીકના અનુક્રમે આઠ આઠ ગુણા કરવાથી માપ થાય છે તે એવી રીતે કે,

એક છાયાને આઠ ઘણાં કરતાં એક અણું થાય તથા તેવા આઠ અણુંની એક રેણું થાય, તેવા આઠ રેણુંનો એક કેશાગ્ર થાય, ને તેવા આઠ કેશાગ્રની એક લીક્ષા (લીખ) થાય. તેવી આઠ લીક્ષાની એક યુકા (જુ) થાય, તેવી છ જુનો એક જવ થાય, તેવા આઠ આડા જવનો એક આંગળ થાય. ને તેવા ચોવીશ આંગળનો એક હાથ (ગજ) થાય. ૬

## આંગળનાં નામ.

૧ આંગળનું નામ માત્રા.
૨ ,, ,, કળા,
૩ ,, ,, પર્વ.
૪ ,, ,, મુષ્ટી.
૫ ,, ,, તલ.
૬ ,, ,, કરપાદ (પા ગજ)
૭ ,, ,, દ્રષ્ટી.
૮ ,, ,, તુણી.
૯ ,, ,, પ્રાદેશ.

૨૧ આંગળનું નામ રત્ની.
૨૪ ,, ,, અરત્ની (પુરોગજ)
૪૨ ,, ,, કિષ્કુ (એક ગજને અઢાર આંગળ ૧॥ ગજ.)
૮૪ ,, ,, પુરૂષ (સાડા ત્રણ ગજ.)
૯૬ ,, ,, ધનુષ્ય (ચાર ગજ.)
૧૦૬ ,, ,, દંડ (ચાર ગજને દશ આંગળ.)
૧૦૦૦ ,, ,, ધનુષ્ય (ચાર હજાર ગજનો એક કોષ.)

| | | |
|---|---|---|
| ૧૦ આંગળનું નામ | શયતાળ પોંચાથી મધ્યમાના અંત સુધીનો ભાગ. | |
| ૧૧ ,, ,, | ગોકર્ણ. | |
| ૧૨ ,, ,, | વિતસ્તી (વેંત). | |
| ૧૪ ,, ,, | અનાહુપદ. | |

૨. કોષનો ( આઠ હજાર ગજનો એક ગવ્યુતી. ને ૨, ગવ્યુતી ( સોળ હજાર ગજનો એક જોજન.

## છાયાદીકની સમજણ.

છાયા એટલે ઘરના છાપરાના છીદ્રમાંથી સૂર્યના તડકાનાં કીરણોની ભોંય સુધી પ્રભા ગોળ દંડના જેવી ધુમાડીયા રંગની પડેલી દેખાય છે. અને તેમાં જે ઝીણી રજકરણ ઉડતી દેખાય છે તે રજકરણોને આણું કહે છે તે અણુની છાયા દ્રષ્ટીએ પડતી નથી. પણ યંત્રવડે કરીને જોતાં તે છાયા દેખાય છે. એવી આઠ છાયા જ્યારે મળે ત્યારે એક અણું થાય છે. તે આણું ને ત્રસરેણું પણ કહે છે.

વળી રેણું સાથી ઝીણા રજકરણ છે જે હાથમાં આવી શક્તી નથી તેને રેણું અથવા રથરેણું કહે છે.

કેશાગ્ર ( વાળની અણી ) લીક્ષા ( માંથાની લીખ ) અને યુકા (જુ) ને યવ (જવ) આંગળ (આઠ આડા જવ) તે તે ગજનો ચોવીશમો ભાગ થાય છે.

## ગજની સમજણ.

ઉત્તમ મધ્યમ ને કનીષ્ટ એવા ત્રણ પ્રકારનાં ગજનાં માપ નીચે પ્રમાણે છે.

### ઉત્તમ ગજનો પ્રકાર.


આ ઉત્તમ ગજના ત્રણ આંગળનું પ્રમાણ છે એવા આઠ ભાગે એક ગજ થાય છે.

( એક પર્વનું. )

આ મધ્યમ ગજના ત્રણ આંગળનું પ્રમાણ છે તેવા આઠ ભાગે આ ગજ થાય છે.

( એક પર્વનું. )

આ કનીષ્ટ ગજના ત્રણ આંગળનું પ્રમાણ ( એક પર્વનું માપ છે તેવા આઠ ભાગે ગજ થાય છે.



रुद्र. वायु. विश्वकर्मा अग्नि. ब्रम्हा. काल. वरुण सोम. विष्णु.
साधन.
सुत्र.
सोगती.
आप्रकार.
ओलंबो.
काटखुणो.
काट खुणो.
गोणी ओ.
वास्तु पुरुषनुं चित्र.
ईश. पर्जन्य. जय. इंद्र. सूर्य. सत्य. भृश. आकाश अग्नि.
दिति. आप. आपवत्स. अर्यमा. सवित्र अने सवित्री पूषा.
अदिति विसथ.
शैल. पृथ्वीधर. गृहक्षत.
ब्रह्मा.
कुबेर यम.
भल्लाट गंधर्व.
मुख्य. रुद्र अने रुद्रदास मेष. मृग.
नाग. जय. मृग.
रोग. पापयक्ष्मा शोष असुर. वरुण. पुष्प. सुग्रीव नंदि. पितृ.

ઉપર પ્રમાણે ત્રણે પ્રકારના ગજ કરવાનો વીધાન છે. તે ગજનાં આઠ પર્વ છે તે દરેક પર્વને વીશે દેવતાઓનું સ્થાપન છે.

## દેવતાઓનાં નામ.

### श्लोक.

रुद्र वायुविश्वकर्माहुताशो
ब्रह्मकालस्तोयपःसोमविष्णु ॥
पुष्पेदेवामुलतोस्मिंश्चमध्यात
पंचाष्टांत्यंद्व्यग्निवेदैर्विभज्य ॥ ७ ॥

અર્થ—ગજના પ્રથમના છેડાનો દેવતા રૂદ્ર છે. પ્રથમ ફુલ અથવા ચોકડીનો વાયુ દેવ છે. બીજા ફુલે વીશ્વકરમા દેવ છે. ત્રીજે અગ્ની, ચોથે બ્રહ્મા, પાંચમે ફુલે કાળ છે, છઠે વરૂણ. સાતમે સોમ, આઠમે વીશ્નુ છે એ પ્રમાણે ફુલોનું રક્ષણ દેવ કરી રહ્યા છે માટે તે ફુલોમાં તે તે દેવનું સ્થાપન કરવું.

ગજના મધ્ય (વચમાં) ભાગથી બાકી રહેલા ઉત્તર ભાગના પાંચમા તસુના ચાર ભાગો કરવા. અને આઠમા તસુના પાંચ ભાગો કરવા અને બારમા તસુના છ ભાગો કરવા એ રીતે ગજ કરવો,

## વળી ત્રેવીશ દેવતાનાં નામ.

### श्लोक.

इशोमारुत्त विश्ववन्हि विधयः सूर्यश्चरुद्रोयमः ॥
वैरुपावमवोष्टदंतिवरुणोषचक्र इच्छाक्रिया ॥
ज्ञानंवित्तपतिर्निशापतिजयो श्रीवासुदेवोहली ॥
कामोविश्वुरितिक्रमेणमरुतोहस्तेत्रयेविंशति ॥ ८ ॥

અર્થ—એક ગજના ચોવીશ તસુની ત્રેવીસ રેખાયો છે તે દરેક રેખા અગર આંક ઉપર એક એક દેવનું સ્થાપન ગણતાં ત્રેવીસ દેવતાઓ થાય છે. તેમનાં નામ નીચે પ્રમાણે.

પ્રથમ રેખા ઊપર મહાદેવ, બીજી ઉપર વાયુ, ત્રીજી ઉપર વિશ્વદેવ, ચોથી ઉપર અગ્નિ, પાંચમી ઉપર બ્રહ્મા, છઠી ઉપર સુર્ય, સાતમી ઉપર રૂદ્ર, આઠે યમ, નવે વિશ્વકર્મા, દશ અષ્ટ વસુવો, અગિઆરે ગણપતિ, બારે વરૂણ, તેરે કાર્તિક સ્વામી, ચૌદે ઇચ્છા દેવી, પંદરમે ક્રીયાદેવી, સોળમે જ્ઞાન, સત્તરમે કુબેર, અઢારમે ચંદ્રમા, ઓગણીશમે જય, વીશમે વાસુદેવ, એકવીશે બળભદ્ર, બાવીશમે કામદેવ, ત્રેવીશમે રેખા ઉપર વિષ્ણુ ભગવાનનું સ્થાપન, જ્યાં જ્યાં જે દેવનું સ્થાપન ત્યાં ત્યાં તે દેવનું પુજન કરવું.—

## અથ ગજના દેવ દબાવા વીશે.

### श्लोक.

उच्चाटनंरोगभयंचदुःखंवन्हेर्भयंपीडितकंप्रजायाः
मृत्युर्विनाशोपिधनक्षयःस्यान्मोहःक्रमाद्दैवतपीडितेन।

અર્થ—ગજના સુત્રનો દેવતા શિલ્પીના હાથમાં દબાય તો ઉચાટન કરે, જો પેહેલા કુલનો દેવ દબાય તો રોગ કરે, બીજાનો દુઃખ કરે, ત્રીજાનો અગ્નિ ભય કરે, ચોથાનો બાળકને દુઃખ કરે, પાંચમાનો મૃત્યુ કરે, છઠાનો કુટુંબનો નાશ કરે, સાતમાનો ધનનો ક્ષય અને આઠમા કુલનો દેવ દબાય તો ચિત્ત ભ્રમ કરે અગર ગાંડો કરે માટે ઘર કરવા જતી વખતે પ્રથમ ગજનું પુજન કરીને ગજ ઝાલવો પણ કોઇ કુલ ઉપર આંગળી કે અંગુઠો આવે નહી. બે કુલના વચમાં ઝાલવો તેનું પ્રમાણ ૯

### श्लोक.

हस्तेयत्नात्पुष्पयोरंतराले
त्वष्टाऽधार्योमंदिरादेर्निवेश
हस्ताद्भ्रष्टोयात्यकस्मात्तदासौ
कार्योविघ्नंदुःखमाविष्करोति ॥ १ ॥

અર્થ—ઘર કરનાર સૂત્રધારે ઘરનું કામ કરવા જતી વખતે ગજના બે કુલોના મધ્ય ભાગે ગજને યત્નવડે પકડવો જોઇએ, અગર જો ગજ ઉપાડતી વખતે તે ગજ જમીન ઉપર પડી જાય તો તે કામમાં વિઘ્ન કરે. ૧૦

## અથ તાળાદીક માપ.

### श्लोक.

तालेद्वादशमात्रकापरिमित तालद्वयंस्यात्करः
पादोनद्वीकरोपिंकिष्कुरुदितश्चापचतुर्भिः करैः ॥
क्रोशोदंडसहस्त्रयुग्ममुदितोद्वाभ्याचगव्युतिका ।
ताभ्यांयोजनमेवभुमिरखिलाकोटीसतैर्योजनैः ॥ ११ ॥

અર્થ—બાર માત્રાનો એક તાળ થાય, બે તાળનો એક ગજ થાય, પોણા બે ગજનો એક કિષ્કુ થાય, ચાર ગજનું એક ધનુષ અથવા દંડ થાય, બે હજાર ધનુષનો એક કોસ થાય, બે કોસે એક ગવ્યુતિ થાય, બે ગવ્યુતિએ એક જોજન થાય, એવો સો (૧૦૦) ક્રોડ જોજનની એક પૃથ્વી થાય. ૧૧

## આઠ પ્રકારના સુત્રનાં નામ.

### श्लोक.

सूत्राष्टकंद्रष्टीनृहस्तमौंजं
कार्पासकंस्यादवलंबसंज्ञम् ॥
काष्टंचसृष्टाख्यमतोविलेख्य
मित्यष्टसूत्राणिवदंतितज्ज्ञाः ॥ १२ ॥

અર્થ—સુત્રના જાણનારાઓએ આઠ પ્રકારનાં સુત્ર કહ્યાં છે તેમાં પ્રથમ દ્રષ્ટી સુત્ર, બીજો ગજ, ત્રીજી મુંજની દોરી, ચોથો સુત્રનો દોરો, પાંચમો ઓળંબો એ આઠ પ્રકારના સુત્રો કહ્યાં છે. ૧૨

## ગ્રહારંભ કરવાના માસની સમજણ.

### श्लोक.

चंद्रताराबलंभर्तुं शुभेलग्नेशुभेदिने ॥
चैत्रेशोककरंविद्यात् वैशाकेचधनागमं ॥ १३ ॥

અર્થ—ઘરનો આરંભ કરતી વખતે ચંદ્રનું બળ તથા તારાનું બળ જોવું અને શીલ્પશાસ્ત્રમાં બતાવેલા દીવસ ને કહેલાં જે શુભ લગ્ન આવે ત્યારે

આરંભ કરવો. તેમાં પ્રથમ માસ જોવા. જો ચૈત્ર માસમાં ખાત કરે તો ઘરધણીને શોક ઉપજે, વૈશાખે ખાત કરે તો ધણીને ઘણો લાભ થાય. ૧૩

### શ્લોક.

जेष्टेगृहस्तुपिड्यंते अषाडेपशुनाशनं ।
श्रावणेधनवृद्धिस्यात् शुन्यंभाद्रपदंतथा ॥ १४ ॥

અર્થ—અને જેઠ માસમાં કરે તો ઘરધણીને ગ્રહની પીડા થાય ને અષાડ માસમાં પશુનો નાશ કરે શ્રાવણ માસમાં ખાત કરે તો ધનવૃદ્ધિ કરે, ને ભાદરવા માસમાં કરે, તો [શુન્યતા] અશુભ કરે.

### શ્લોક.

कलहंचचाश्वीनमासे भर्त्तुनाशंचकार्तिके ॥
मार्गशिरेधनप्राप्ति पौषेचकामसंपदा ॥ १५ ॥

અર્થ—આસો મહિને ખાત કરે તો કલેશ થાય. કાર્તિક માસે કરાવનારના શેવકનો નાશ થાય, માર્ગશીર માસે કરે તો તેને ધનની પ્રાપ્તિ થાય, અને પૌષ માસને વીશે કરે તો સર્વે સંપત્તિ પ્રાપ્તી થાય.

### શ્લોક.

माघेऽग्निभयंविद्यात् फाल्गुनेचश्रीयोत्तमा ॥ १६ ॥


અર્થ—જો કદાપી માહા મહીનામાં ખાત કરે તો તે ઘરને અગ્નિનો ભય કરે ને ફાગણ માસમાં કરે તો તેને લક્ષ્મીની વૃદ્ધિ થાય.

ખાતને વિશે તિથીનું પ્રમાણ લેવાનું

### શ્લોક.

त्रतियापंचमीचैव सप्तमीनवमीस्तथा
ऐकादश्यांत्रयोदश्यांएतेतिथीसुखावहा ॥ १७ ॥

અર્થ—૩–૫–૭–૯–૧૧–૧૩ આ ૭ તીથીઓ ઘર કરવાનાં ખાત કરવામાં શુભ કહી છે ને બાકીની ૧–૨–૪–૬–૮–૧૦–૧૨–૧૪ (૫–૦)) અમાસ ઈત્યાદી તીથીઓ ખાતના કામમાં વરજવી કહી છે. ૧૭


त.
र
धा.
द
रा.
गो
ण.
सा
श्रा

## શુભાશુભ માસ કોષ્ટક.

| | માસ. | ફલ. | પરીણામ. |
|---|---|---|---|
| ૧ | ચૈત્ર. | શોક | અશુભ |
| ૨ | વૈશાખ. | ધનવૃદ્ધિ | શુભ |
| ૩ | જેઠ. | મૃત્યુ | અશુભ |
| ૪ | અષાડ. | પશુનાશ | અશુભ |
| ૫ | શ્રાવણ. | પશુની વૃદ્ધિ | શુભ |
| ૬ | ભાદરવો. | ઘર ઉજડ થાય | અશુભ |
| ૭ | આસો. | કલેશ | અશુભ |
| ૮ | કાર્તિક. | સેવકનો નાશ | અશુભ |
| ૯ | માગસીર. | ધનપ્રાપ્તિ | શુભ |
| ૧૦ | પોસ. | લક્ષ્મી મળે | શુભ |
| ૧૧ | માહા. | અગ્ની ભય થાય | અશુભ |
| ૧૨ | ફાગણ. | લક્ષ્મી વૃદ્ધિ | શુભ |

ઉપરના જે માસનું કોષ્ટક કર્યું છે તેમાં શુભ માસમાં ગ્રહારંભ તથા પ્રવેશ કરવો ને અશુભ કહેલા માસમાં ગ્રહારંભ કે પ્રવેશ કરે તો તેને અશુભ થાય.

### ઘર કરવાની રાશી જોવાનું.

### श्लोक.

आदित्येहारिकर्कनक्रघटगेपुर्वापरास्यंगृहं ।

कर्तव्यंतुलमेषवृश्चिकवृषेयाम्योतरास्यंतथा ॥
द्वारंभिन्नतयाकरोतिकुमतिर्द्रव्यप्रणाशस्तदा ।
कन्यामिनधनुर्गतेमिथुनगेचास्मिनकार्यंगृहं ॥ १८ ॥

અર્થઃ—સિંહ, કર્ક, મકર, અને કુંભ, એટલી રાશિના સૂર્યમાં પૂર્વ અને પશ્ચિમ દિશાના દ્વારવાળું ઘર કરવું. તથા તુળા, મેષ, વૃશ્ચિક, અને વૃષ, એટલી રાશિના સૂર્યમાં દક્ષિણ અને ઉત્તર દીશાના દ્વારવાળું ઘર કરવું, પણ કુમતિવડે તેથી ઉલટી રીતે કોઇ કરે તો દ્રવ્યનો નાશ થાય. તેમજ કન્યા, મિન, ધન ને મિથુન એટલી રાશિના સૂર્ય હોય ત્યારે કોઇ દીશાના દ્વારવાળું ઘર કરવું નહીં. ૧૮.

## વત્સ જોવાની રીત.


### श्लोक.

कन्यादित्रिषुपूर्वतोयमदिशित्याज्यंचचापादित ।
द्वारंपश्चिमतस्त्रिकेजलचरातसौम्येरवौयुग्मतः ॥
तस्माद्वत्समुखंदिशासुभवनद्वारादिकंहानिकृत्
सिंहंचाथवृषंचवृश्चिकघटंयातहितसर्वतः ॥ १९ ॥

અર્થઃ—કન્યા, તુળા, અને વૃશ્ચિક એ ત્રણ રાશિના સૂર્ય હોય ત્યારે વત્સનું મૂખ પૂર્વમાં હોય છે, ધન, મકર અને કુંભ, એ ત્રણ રાશીના જ્યારે સૂર્ય હોય ત્યારે વત્સનું મૂખ દક્ષિણ દિશામાં હોય છે, અને મીન, મેષ ને વૃષ, એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મૂખ પશ્ચિમ દિશામાં હોય છે, વળી મિથુન, કરક અને સિંહ એ ત્રણ રાશિના સૂર્ય હોય ત્યારે વત્સનું મૂખ ઉતર દીશા તરફ હોય છે. માટે તે વત્સને સામે ઘરનું દ્વાર મુકવામાં આવે તો કોઈ પ્રકારની હાની થાય, અને તે વત્સની પાછળ જો દ્વાર મુકાય તો આયુષ્યનો ક્ષય થાય, પણ સિંહ, વૃષ, વૃશ્ચિક અને કુંભ, એ ચાર રાશિના સૂર્યમાં ઘરનાં ચારે દિશાઓનાં દ્વારો મુકવામાં આવે તો વત્સનો દોષ નડે નહીં ૧૯

## वत्सचक्र.

ઉત્તર.




પશ્ચિમ. પૂર્વ.

દક્ષિણ.

## ઉપરના વત્સચક્રની સમજણ નીચે ॥

ઘરની ભુમિના ચારે દિશાઓના સાત સાત ભાગ કરવામાં આવેલા છે અને દરેક ખુણાનો વિભાગ જુદો પાડવામાં આવ્યો છે, તેમ ખુણામાંના એકે ખુણામાં દ્વાર મૂકવું નહીં. ગમે તેવો ચોખ્ખો દિવસ હોય પણ ખુણામાં દ્વાર મુકવું નહીં કારણ કે તે ખુણાનો ભાગ દિગ્મુંઢપણાનો છે એટલુંજ નહીં પણ ખુણાના ભાગે વાસ્તુદેવની સંધિ અને શિર વીગેરેનો ભાગ છે. તેમજ અષ્ટસુત્રી અને ષટસુત્રીને પીડા કરવી નહીં. હવે દીશાઓમાં દ્વાર મુકવાનું હોય તેવા વખતમાં તે દિશા સામે વત્સ હોય તો તે વત્સનો દોષ ત્રણ માસ સુધી રહે છે, તેવા વખતે દ્વાર મુકવાની જરૂર હોય છે ત્યારે સુક્ષ્મ મતે એવી રીતે છે કે દીશાઓના સાત વિભાગો

કરેલા છે, તે દરેક દીશામાં વત્સ ત્રણ ત્રણ માસ સુધી રહે છે તેનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

મિથુન, કર્ક, ને સિંહરાશિના સૂર્યમાં એટલે જેઠ, અષાડ ને શ્રાવણમાં વત્સ ઊત્તર દિશા ભોગવે છે. તે ઉત્તરનો ભાગ ઈશાન અને વાવ્યકોણ વચ્ચેનો છે તે વત્સ વાવ્યથી ઇશાન તરફ જાય છે. તે ઉત્તરના ભાગમાં સાત વિભાગો કરેલા છે. તેમાં પેહેલા ભાગમાં ૫) દીવસ વત્સ રહે છે ને બીજામાં ૧૦) દીવસ સુધી રહે છે ત્રીજામાં ૧૫) દીવસ વત્સ રહે છે, અને ચોથા ભાગમાં ૩૦) દીવસ સુધી વત્સ રહે છે. તે ભાગ દીશાનું મધ્ય બીંદુ છે અને તે પછી ૧૫ (પાંચમાં વીભાગે ૧૦ દીવસ છઠા વિભાગે ૫) દીવસ સાતમા વિભાગે વત્સ રહે છે તે રીત જાણનારા કોઇ કોઈ હુંશિયાર જોશીઓ તેવા સમયમાં બારણું બેસારવાનું મુરત આપે છે, પણ જે વખત દીશાના મધ્યભાગમાં વત્સ હોય છે તે વખત વત્સની સામે કે પાછળ મુરત આપતા નથી. પણ ઘણી જરૂરીથી ઉતાવળા હોય તો ડાબી બાજુ ૧૫–થી તે ૫) સુધી કે જમણી બાજુ ૧૫, થી કે ૫) સુધી ચંદ્ર, તારા, નક્ષત્ર, વાર, તીથી, ઇત્યાદી શુભ વખત જોઈ દ્વાર મુંકવાનું મહુરત આપે છે એ રીતે ચારે દિશાઓની સમજણ લેવી.

ચાર દીશાઓના ઘર કે આસાદ કે રાજાઓનાં ધામ ચાર દ્વારવાળાં હોય તો વત્સનો બાધ લાગતો નથી ઇતિ ॥

## દિશાની સમજણ.

प्राचीमेषतुलारवीउदयतेस्याद्वैष्णवेवन्हिभे ।
चित्रास्वातिभमध्यगानिगादिताप्राचिबुधैःपंचधा ॥
प्रासादंभवनंकरोतिनगरंदिग्मूढमर्थक्षयं ॥
हर्म्येदेवगृहेपुरेचनितरामायुर्धनंदिग्मुखे ॥ २० ॥

અર્થ—જે દિશામાં મેષ અને તુળા રાશિનો સૂર્ય ઉગે તથા શ્રવણ અને કૃતિકા નક્ષત્રો ઉગે તેજ પુર્વ દીશા છે એમ જાણવું તથા ચીત્રા અને સ્વાતિ એ બે નક્ષત્રો જે મધ્ય ભાગ છે તેજ પુર્વ દિશા છે એમ સમજવું, એમ પાંચ પ્રકારે વિદ્વાન પુરૂષોએ બતાવી છે તે દિશા સાધી ઘર તથા આસાદ અને નગર બાંધવામાં આવે તો આયુષ્ય અને ધનની વૃદ્ધિ થાય, પણ દિગ્મૂઢ અથવા દીશાના

ભાગમાં ન રહેતાં વાંકું ચુંકું ઘર પ્રસાદ કે નગર રચાય તો આયુષ્ય અને ધનનો નાશ કરે ૨૦

## ધ્રુવ માંકડીનું પ્રમાણ.

### श्लोक.

तारेमार्कटिकेध्रुवस्यसमतानीतेऽवलंबेनते ।
दीपाग्रेणतदैक्यतश्चकथितासूत्रेणसौम्यादिशा ॥
शंकोर्नेत्रगुणेतुमंडलवरे छायाद्वयान्मत्स्ययोः
जातायत्रयुतिस्तुशंकुतलतोयाम्योत्तरेऽतःस्फुटे ॥ २१ ॥

અર્થ—ધ્રુવની માંકડીના આદ્ય ભાગે જે બે તારાઓ છે તે તારીકાઓ છે, તે તારીકાઓ ધ્રુવની સીધી લીટીમાં આવે તે વખત તેની સાથે ઓળંબો ઝાલવો અને જ્યારે એ બે તારાઓ ધ્રુવની સિધી લીટીમાં આવ્યાથી ઓળંબાની સીધી લીટીમાં અથવા ધ્રુવ તથા બે તારીકાઓ અને ઓળંબો એ ત્રણે એક સીધી લીટીમાં થાય ત્યારે સમજવું કે તે બરોબર ઉત્તર દીશા છે. અને ધ્રુવ તથા ધ્રુવની માંકડીના આદ્યના બે તારા ને ઓળંબો એ એક સૂત્રમાં થાય ત્યારે તે ઓળંબાની પાછળ એક ઘડા ઉપર દીવો મૂકી જોવું કે એ દીવો અને ઓળંબો એક સૂત્રમાં છે તો તે દીવાવાળી દીશા દક્ષિણ સીદ્ધ થઈ ॥ ૨૧ ॥

o આ ધ્રુવ છે

o આ તારો અને

o આ તારા એ બે ધ્રુવ નીચે અથવા ઉપર એક સુત્રમાં આવે એટલે સીદ્ધ થાય.

o o

o o

વિશેષ સમજણ—ધ્રુવની માંકડી છ તારાની છે તે નીરંતર ધ્રુવની પાછળ ઘડીઆળના કાંટાની માફક નીરંતર એક દીવસ રાત્રીએ ફરી રહે છે. છ તારામાંના ધ્રુવની નજીક રહેનારા બે તારા ધ્રુવના સમસુત્ર રહે છે તે સીધી લીટી તજી વાંકા થતા નથી. ધ્રુવની ઉપર કે નીચે એક સીદ્ધી લીટીમાં આવે ત્યારે તે વખત તેજ ઉત્તર દીશા છે એમ સીદ્ધ થાય છે પણ એકલા ધ્રુવના આધારે ઉત્તર દીશા નક્કી થતી નથી કારણ એ ધ્રવને આખું જગત અચળ માંને

છે પણ કાંઈક ચળાયમાન છે. સાંજે એક ઉત્તર દીશાની ભીતના કરા ઉપર ધરૂવને મુકીએ ને સવારે જોઈએ તો અરધ હાથને આશરે પુર્વ દીશા તરફ ગયો માલમ પડશે, પણ પોતાનું મંડળ મુકી બહાર જતો નથી. એ ધ્રુવને આધારે દરીયામાં વહાણ પણ ચલવે છે પણ જો માંકડીની ઓળખાણ ન હોય તો કોઈ વખત દીશાસુન્ય થઈ જાય છે માટે જરૂર એ માંકડી કે જેને સસરૂષી કહે છે તે ઓળખી રાખવી અને સુબુદ્ધીવાન પુરૂષો પોતાનું મૃત્યુ એ ધ્રુથી છમાસ આગળ કળી શકે છે. શાસ્ત્ર પુરાણમાં એમ કહે છે કે મર્ણ આગળ છ માસથી એ ધ્રુવ દેખાતો નથી.

આવી રીતનાં પ્રાચીન સાધનો હાલના શિલ્પી ત્યાગ કરી બેઠા છે, કારણ કે કત્રીમ સાધનો જોઇને (ધરૂવમાંછલી) વીગેરે

ઉપર બતાવેલી છ તારાની માંકડી વાંકી આકૃતીની છે (તે માંકડીના છેલા બે તારા ધ્રુવથી નીચે ઘણા દુર દેખાય છે. એ માંકડીના મથાળાના બે તારાઓ ફાગણશુદમાં સીદ્ધી લીટીમાં આવેલા જોવામાં આવે છે એ રીતે ધ્રુવ સાધવાની એક રીત થઇ.

હવે બીજી રીતે દિશા સાધવાનેમાટે પ્રકારવડે બત્રીસ આંગળનું એક ગોળ મંડળ કરી તેમાં શંકુ સ્થાપન કરવો (સુર્યોદય થતા પહેલાં) એને જોવું કે સુર્ય ઉદય થતાંજ મંડળ બાહાર શંકુની છાયા પશ્ચિમ દીશામાં દુર નીકળી જશે. પણ જેમ જેમ સુર્ય ચડતો જશે તેમ તેમ શંકુની છાયા મંડળ સામે ખેંચાતી આવશે તે વખત ધ્યાન રાખવું કે મંડળની લીટી ઉપર શંકુની છાયાની અણીનો છેલો ભાગ જ્યાંહાં આવે ત્યાંહાં એક બિંદુ કરવું. તે છાયા મંડળના મધ્ય ભાગે (શંકુની પરધિ અથવા પડઘી નીચે) આવે તે ઠેકાણે એક ચીન્હ કરવું ત્યાર પછી સુર્ય પશ્ચિમે જશે તેમ તેમ શંકુની છાયા પૂર્વ તરફ ચાલતાં છેવટે મંડળની લીટી ઉપર દાખલ થાય એટલે ત્યાં પણ એક બીંદુ કર્યા પછી આધના બીંદુ અથવા અંત્યના બીંદુ ઉપર, પ્રકારની એક અણી મુકી ગોળ ફેરવવો અને તેજ રીતે બીજા બીંદુ ઉપર પ્રકાર ફેરવવો એટલે બંન્ને ગોળ મંડળો પ્રથમના ગોળ મંડળના મધ્યે સ્થાપેલા શંકુ નીચે કરેલાં ચીન્હોનો સ્પર્શ ન થતાં મધ્ય બીંદુની આજુબાજુ મચ્છાકૃતી અથવા માછલાંના પેટ જેવો ભાગ થશે. તે ભાગના મધ્ય બીંદુને લગાવી એક ઉત્તર અને દક્ષિણ સામે એક સીદ્ધી લીટી ખેંચી દેવી અથવા રેખા પડવાથી તે મછના પાછળની દક્ષીણ દીશાને આગળની ઉત્તર દીશા થશે એ દીશા સીદ્ધ થઈ એમ જાણવું.

### ઘર કરવાની રાશી.

### श्लोक.

राशिनामलिमीनासिंह भवनंपुर्वासुखंशोभनं ।
कन्याकर्कटनक्रराशिगृहिणांयाम्याननंमंदिरम् ॥
राशेर्धन्वतुलायुगस्य सदनंशस्तंप्रतिचीमुखं ।
पुंसांकुंभवृषाजराशिजनुषांसौम्याननंस्याद्गृहम् ॥ २२ ॥

અર્થ—વૃશ્ચિક, મીન, અને સિંહ રાશીવાળા મનુષ્યોએ પૂર્વ દિશા સામેના દ્વારાવાળું ઘર કરવું. તથા કન્યા, કર્ક અને મકર, રાશિવાળા પુરૂષોએ દક્ષિણ દિશાનાદ્વારનું ઘર કરવું તથા ધન, તુળા ને મિથુન રાશિવાળા પુરૂષોએ પશ્ચિમ દિશાના દ્વારાવાળું ઘર કરવું. અને કુંભ, વૃષભ ને મેષ રાશિવાળા મનુષ્યોએ ઉત્તર દીશાના દ્વારવાળું ઘર કરવું. ॥ ૨૨ ॥

### ભૂમિ પરિક્ષા.

### श्लोक.

श्वेताब्राह्मणभूमिकाचघृतवद्गंधाशुभस्वादिनी ।
रक्ताशोणितगंधिनीनृपतिभूःस्वादेकषायाचसा ॥
स्वादेम्लातिलतैलगंधिरुदितापिताचवैश्यामही ।
कृष्णामत्स्यसुगंधिनीचकटुकाशूद्रेतिभूलक्षणम् ॥ २३ ॥

અર્થ—જે ભુમી રંગે ધોળી હોય, તથા ઘી જેવી સુગંધી હોય અને જેનો સ્વાદ સારો હોય તેવી ભુમિમાં બ્રાહ્મણે ઘર કરવું. તથા જે પૃથ્વી લાલ હોય તથા રૂધીર જેવી સુગંધી હોય અને કષાએલો જેનો સ્વાદ હોય ( હીમજ હરડે જેવો ) તેવી ભૂમીમાં ક્ષત્રીએ ઘર કરવું; તથા જે પૃથ્વીનો રંગ પીળો હોય તથા તલના તેલ જેવી જેની સુગંધી હોય અને સ્વાદમાં જે ખાટી હોય તેવી ભૂમીમાં વૈસ્યને ઘર કરવું. અને જે પૃથ્વીનો રંગ કાળો હોય તથા માછલા જેવી જેની સુગંધી હોય અને સ્વાદમાં કડવી હોય તેવી ભૂમીમાં શુદ્રને ઘર કરવું, ૨૩

श्लोक.

स्वादेभवेद्यामधुरासिताभा
चतुर्षुवर्णेषुमहिम्रशस्ता ।
स्नेहान्विताबभ्रुभुजागयोर्या
सौहार्दवत्याखुबिडालयोर्या ॥ २४ ॥

અર્થ—જે પૃથ્વી સ્વાદે મીઠી હોય તથા રંગે ધોળી હોય અને જે પૃથ્વીમાં નોળીઓ ને સર્પ નીરવૈરપણે એકઠા રહેતા હેય, તેમજ બીલાડી અને ઉંદર સંપીને એકઠા રહેતાં હોય તેવી ભૂમીમાં ચારે વરણે ઘર કરવું એમ બીજા પક્ષાંતરે કહ્યુ છે. ૨૪

અથ ભુમિનું બળીદાન.

श्लोक.

परीक्षितायांभुविविघ्नराजं
समर्चयेचंडिकयासमेतं ॥
क्षेत्राधिपंचाष्टदिशाधिनाथान्
सपुष्प धुपैर्बलिभिः सुखाय ॥ २५ ॥

અર્થ—પૃથ્વીની પરીક્ષા કરી ચંડી સહીત ગણપતીનું પૂજન કરવું. તેમજ ક્ષેત્રપાળ અને આઠે દીગ્પાળોનું પૂજન પુષ્પ ધુપ અને બળીવડે કરવાથી સુખ થાય.

બીજી ભુમી પરીક્ષા.

श्लोक.

खातंभूमिपरिक्षणेकरमितंतत्पुरयेत्तन्मृदा ।
हीनेहीनफलंसमेसमफलंलाभोरजोवृद्धितः ॥
तत्कृत्वाजलपुर्णमासतपदंगत्वापरिक्ष्यंततः ।
पादार्द्धेनविहिनकेथनिभृतेमध्याधमेष्टजले ॥ २६ ॥

અર્થ—પૃથ્વીની પરીક્ષા બીજા પ્રકારે પણ કરવાનું કહ્યું છે તે એવી રીતે કે ઘર કરવાની જમીનમાં એક હાથ ઊંડો ખાડો ખોદવો, અને તે ખાડો ખોદતા

નીકળેલી માટી પાછી તે ખાડામાં પુરતાં ઘટે તો હીન ફળ જાણવું, તથા ખોદેલી માટી પાછી તે ખાડામાં પુરતાં બરોબર જમીન પ્રમાણે થાય તો તેનું સાધારણ ફળ જાણવું. અને પુરતાં જો કદાપિ વધે તો તે ઘર લાભકારી થાય.

હવે જે ખાડો ખોદી માટી કહાડી પાછી તેજ ખાડામાં પૂરી હોય તે માટી પાછી બહાર કહાડી પછી તે ખાડામાં પાણી પૃથ્વીની સપાટી બરોબર આવે તેટલું ભરીને પછી તેની પાસેથી (૧૦૦) ડગલાં દુર જઇને પાછા આવીને પાણી ભરેલું જોવું. તેમાં ચોથા ભાગનું પાણી ઘટયું હોય તો મધ્યમ ફળ જાણવું. ને અડધ ભાગનું પાણી ઘટયું હોય તો અધમ ફળ થાય. અને જેટલું ભર્યું હોય તેટલું ને તેટલું રહે તો ઉત્તમ ફળને આપે. ૨૬

## પાણીના વહનનું ફળ.

## श्लोक.

भूमेःप्राक्प्लवनंचशंकरककुप्सौम्याश्रितंसौख्यकृत्
वन्हौवन्हिभयंयमेचमरणं चौराद्भयंराक्षसे ॥
वायव्येप्लवनंचधान्यहरणं स्याच्छोकदंवारुणे ।
विप्रादेरनुवर्णतश्चसुखदंमृष्टेः क्रमात्सौम्यतः ॥ २७ ॥

અર્થ—જે જમીન ઉપર ઘર કરવાનું હોય તે જમીન ઉપર પાણીનું વહન (ગતિ) પૂર્વ દીશા, ઉત્તર ને ઇશાન આ ત્રણ દીશાએ વહી જાય તો સુખ થાય, જો અગ્નિકોણ તરફ વહન થાય તો અગ્નિનો ભય કરે, તથા દક્ષિણ તરફ પાણીની ગતિ થતી હોય તો તે મૃત્યુને કરાવે. નૈરૃત્યકોણ તરફ પાણીની ગતિ હોય તો તે ચોરનો ભય કરાવે. ને વાવ્યકોણે જાય તો તે અન્નનો નાશ કરાવે. અને પશ્ચિમ દીશા તરફ પાણીની ગતિ થતી હોય તો તે શોક (પરીતાપ) કરાવે.

વળી પક્ષાંતરે કહ્યું છે કે, ઉત્તર દીશા તરફ વહન થાય તેવા ઢાળની જમીન બ્રાહ્મણને શ્રેષ્ટ છે ને પુર્વ તરફ પાણીની ગતિવાળી જમીન ક્ષત્રીને શ્રેષ્ટ છે, તથા દક્ષિણ તરફ પાણીની ગતી થતિ હોય તેવી જમીન વૈશ્યને શ્રેષ્ટ છે. ને પશ્ચિમ તરફ ગતિ કરે એવી જમીન શુદ્રને શ્રેષ્ટ છે. ૨૭

## અથ ખુંટીનું પ્રમાણ.

### શ્લોક.

अग्नौराक्षसवायुशंकरदिशिस्थाप्यःक्रमात्कीलिकाः ॥
अश्वस्थात्खदिराच्छिरीषककुभात्वृक्षात्क्रमेणद्विजात् ॥
वर्णानांकुशमुंजकाशशणजंसूत्रंक्रमात्सूत्रणे ॥
निम्ना भूःस्फुटितोषराबिलवतिशल्यैर्युतानोशुभा ॥२८॥

અર્થ—જે જમીનમાં ઘર કરવું હોય તે જમીનમાં પ્રથમ અગ્નિ કોણે ખીલી ઘાલવી. બીજી ખીલી પછી નૈરૃત્ય કોણે ઘાલવી, તે પછી ત્રીજી વાવ્ય કોણે ઘાલવી ને ચોથી ખીલી ઇશાન કોણે ઘાલવી. તેની રીતી એવી છે કે, *બ્રાહ્મણને પીપળાની, ક્ષત્રીને ખેરના લાકડાની, તથા વૈશ્યના ઘર વીશે સરષ (કળીયો સરષ કહે છે તે), શુદ્ર જાતીને કુકુભ (સાદડ) ના લાકડાની ખીલીઓ ઘાલવી, એ રીતે ચારે દિશાઓની ચારે ખીલીયો ઘાલ્યા કેડે તેને દોરી બાંધવી. તેમાં બ્રાહ્મણનું ઘર હોય તો તે ડાભની તથા ક્ષત્રીનું ઘર કરવું હોય તો મુંજની દોરી અને વૈષ્યનું ઘર કરવું હોય તો તેને કાસની દોરી બાંધવી. ને શુદ્રનું ઘર કરવું હોય તો શણની દોરી બાંધવી જોઇએ. વળી ઘરનો આરંભ કરતાં પહેલાં જે જમીનમાં ઘર કરવું હોય તે જમીન ખાડાવાળી તથા ફાટેલી [જેમ દરાર અથવા મોટા ચીર પડી ગયા હોય તેવી જમીન] તથા ખારવાળી અને જેમાં ઉંદર અને સર્પનાં દરો હોય તથા જેને ખોદતાં જેમાં ૧ હાડકાં નીકળે તેવી જમીન સર્વદા તજવી, તેમાં ઘર કરવું નહીં. ૨૮

* ચાર જાતી માટે ચાર પ્રકારનું સુત્ર બતાવ્યું છે પણ વાસ્તુમંડન નામનો ગ્રંથકરનાર મંડન તો એમ કહે છે કે ચાર વરણને રૂનું સૂત્ર હોય તો ચાલે, તેમજ ચાર જાતીઓને માટે ચાર જાતના લાકડાની ખુંટીઓ કહે છે પણ તે ખુંટીઓનું માપ બતાવ્યું નથી. પણ વાસ્તુમંડનમાં કહ્યું છે કે વીપ્રને પીપળાની ૩૨) આંગળ લાંબી અને ચાર હાંસોવાળી ખુંટીઓ જોઇએ તથા ક્ષત્રીને અઠાવીશ આંગળની ખેના લાકડાની આઠ હાંસોની કરવી. તથા વૈશ્યને ચોવીશ આંગળ સોળ હાંસની કરવી, અને શુદ્રને સાદડની વીશ આગળ ગોળ કરવી.

૧ હાડકાંવાળી જમીન તજવાની કહી છે પણ શલ્ય કાઢી શોધન કરી તે જમીનમાં ઘર કરવું તેવું આગળ શ્લોકમાં બતાવશે.

## શલ્ય કાઢવાનો વિધી. ભૂમિશોધન.

**આ કોઠાઓ કાઢયા છે તે ઘર કરવાનો ભૂમિ છે એમ સમજવું.**

પુર્વ.

| | | | | |
|---|---|---|---|---|
| ઇશાન. | પ. વર્ગના પાંચ અક્ષર ૫. | અ. વર્ગના પાંચ અક્ષર ૫. | ક. વર્ગના પાંચ અક્ષર ૫. | અગ્નિ. |
| ઉત્તર. | શ. વર્ગના ચાર અક્ષર ૪. | આ મધ્ય. ય. વર્ગના ચાર અક્ષર ૪. | ચ. વર્ગના પાંચ • અક્ષર ૫. | દક્ષિણ. |
| વાવ્ય. | ત. વર્ગના પાંચ અક્ષર ૫. | એ. વર્ગના ચાર અક્ષર ૪. | ટ. વર્ગના પાંચ અક્ષર ૫. | નૈરૃત. |

પશ્ચિમ.

૧ પ્રથમ પૂર્વ દિશાના કોઠામાં, અ, વર્ગના અ, ઇ, ઉ, ઋ, લૃ છે.
૨ અગ્નિ કોણના કોઠામાં, ક, વર્ગના, ક, ખ, ગ, ઘ, ઙ, છે.
૩ દક્ષિણ દિશાના કોઠામાં, ચ, વર્ગના, ચ, છ, જ, ઝ, ઞ, છે.
૪ નૈરૃત્ય દિશાના ટ, વર્ગના કોઠામાં ટ, ઠ, ડ, ઢ, ણ, છે.
૫ પશ્ચિમ દિશાના કોઠામાં એ, વર્ગના એ, ઐ, ઓ, ઔ છે.
૬ વાવ્ય દિશાના કોઠામાં ત, વર્ગના ત, થ, દ, ધ, ન, છે.
૭ ઉત્તર દિશાના કોઠામાં શ, વર્ગના શ, ષ, સ, હ, છે.
૮ ઇશાન કોણના કોઠામાં પ, વર્ગના પ, ફ, બ, ભ, મ, છે.
૯ છેલા મધ્ય કોઠામાં ય, વર્ગના ય, ર, લ, વ, એ ચાર છે.

ઉપરનું મંડન સુત્રધારનું પ્રમાણ રાજવલ્લભમાં છે પણ ~~ભુપાળવલ્લભ~~ તેથી કાંઈ ઉલટી રીત બતાવે છે તે નિચે પ્રમાણે છે.

### અથ શલ્યની વિધી.

### श्लोक.

वल्मिकिनिरुजांनित्यमुषरास्फुटितामृतिम् ॥
दत्तेभुःशल्ययुग्दुःखंशल्यज्ञानमथोवदेत ॥२१॥

अकचतैहशपैयान क्रमाद्वर्णानिमान्नव ॥
नवकोष्टीकृतेभूमीभागेप्राच्यादितान्लिखेत ॥ ३० ॥
अप्रश्नेस्याद्यदिप्राच्यां नरशल्यंतदाभवेत् ।
सार्धहस्तप्रमाणेनतच्चमाष्यमृत्यवे ॥ ३१ ॥
अग्नेर्दिशितुकप्रश्नेखरशल्यंकरद्वये ॥
राजदंडोभवेत्तस्यभयंनैवनिवर्त्तते ॥ ३२ ॥
याम्यांदिशिचंस्यप्रश्नेनरशल्यंतथावदेत् ॥
तद्गृहस्वामिनोमृत्युंकरोत्याकटिसंस्थितम् ॥३३॥
नैऋत्यांदिशितप्रश्नेसार्द्धहस्तादधस्तले ॥
शुनोस्थिजायतेतच्चडिभानांजनयेन्मृतिम् ॥३४॥
एप्रश्नेपश्चिमस्यांतुशिशोःशल्यंप्रजायते ॥
सार्द्धहस्तेप्रवासायसदनस्वामिनःपुनः ॥३५॥
वायव्यांदिशिहप्रश्नेतुषांगाराश्चतुःकरे ॥
कुर्वंतिमित्रनाशंतेदुःस्वप्नस्यप्रदर्शनात् ॥३६॥
उदीच्यांदीशिशप्रश्नेतिमिशल्यंकटेरधः ॥
तच्छिद्रंनिर्धनत्वायकुबेरसदृशस्यहि ॥३७॥
इशान्यांदिशिपप्रश्नेगोःशल्यंसार्द्धहस्ततः ॥
तद्गोधनस्यनाशाय जायतेगृहमेधिनः ॥३८॥
मध्यकोष्टेचयप्रश्नेवक्षोमात्रेभवेदधः ॥
केशाःकपालंमर्त्यस्यभस्मलोहंचमृत्यवे ॥३९॥

અર્થઃ—રાફડાવાળી ભૂમિમાં ઘર કરવાથી ઘરધણીને રોગ કરે, ખારવાળી અને ફાટેલી જમીનમાં ઘર કરવાથી ઘરધણીનું મૃત્યુ કરે, અને શલ્યવાળી ભૂમિમાં ઘર કરવાથી ઘરધણીને દુઃખ પ્રાપ્ત થાય તેટલા માટે શલ્યજ્ઞાન કહેવું જોઇએ. ॥ ૨૯ ॥

એ શલ્યજ્ઞાન સમજવાની રીત એવી છે કે જે જમીનમાં ઘર કરવાનું હોય તે જમીનના નવ ભાગ (કોઠા) કરી તે દરેક કોઠામાં પૂર્વ દિશાથી આરંભી (શ્રષ્ટી) માર્ગે મધ્ય દિશા સુધી નવ કોઠામાં અનુક્રમે નવ અક્ષરો લખવા અથવા કલ્પવા. ૩૦

તે અક્ષરો એ છે કે—**अ क च त ए ह श प य** એ નવ અક્ષરો છે. તે નવ કોઠાઓમાં કલ્પી ઘરધણી પાસે ફળ મુકાવવું. અને પછી જોવું કે અ, વાળા પૂર્વના કોઠામાં મુકે તો તે ઘર કરવાની જમીન મધ્યે પૂર્વ દિશાએ જમીનમાં દોડ હાથ ઉંડું માણસનું હાડકું છે તે હાડકું રહી જાય તો તે જમીન ઉપર કરેલા ઘરમાં વસનારનું મરણ થાય. ૩૧ અગ્નિકોણના કોઠામાં જ્યાં ક, છે ત્યાં જો ફળ મુકે તો તે જમીનમાં ગધેડાનું અસ્તી હોય; તે રહે તો તે ઘરમાં વસનારને રાજ્યદંડ થાય, એટલુંજ નહીં પણ તે ઘરમાં વસનારને નિરંતર ભય રહે. ૩૨ દક્ષિણના કોઠામાં ફળ મુકયું હોય તો ત્યાં ચ છે. તે જમીનમાં પુરૂષની કેડ સુધી ઉંડું ખોદતાં માણસનું હાડકું હોય તે રહી જાય તો તે ઘરમાં રહેનારનું મરણ કરે. ૩૩ નૈરૃત્ય તરફના કોઠામાં ત છે. તે કોઠામાં ફળ મૂકે તો ત્યાં દોંડ હાથ ઉંડું કુતરાનું હાડકું હોય તે રહી જાય તો તે ઘરમાં રહેનાર ધણીનાં બાળકો જીવે નહીં. ૩૪ પશ્ચિમ દિશાના કોઠામાં એ, છે. ત્યાં ફળ મૂકે તો તે કોઠાની જમનીમાં દોઢ હાથ ઉંડું બાળકનું અસ્તી હોય તે રહી જાય તો તે ઘરમાં રહેનાર ધણીને વારંવાર પ્રવાસ કરવો પડે. ૩૫ વાવ્યકોણના કોઠામાં હ છે. ત્યાં ફળ મૂકે તો ત્યાં ચાર હાથ ઉંડે ફોતરાં અથવા કોયલા હોય. તે જમીન ઉપર વસનારને વારંવાર ખોટાં સ્વપ્નાં આવે માટે શલ્ય કહાડવું. અને ખોટાં સ્વપ્નાના પ્રતાપથી મિત્રનો નાશ થાય. ૩૬. ઉત્તર દિશાના કોઠામાં શ, છે. ત્યાં ફળ મૂકે તો જમીનમાં કમ્મરથી નિચે થોડેક ઉંડે ખોદે તો માછલાનું હાડકું હોય. (બીજા ગ્રંથોમાં બકરાનું કહ્યું છે.) તેવી જમીનમાં વસનાર માણુસ કુબેર જેવો ધનવાન્ હોય તો પણ ઉતાવળથી નિરધન થાય. ૩૭. ઈશાન ખુણાના કોઠામાં પ, છે, તે કોઠામાં ફળ મૂકે તો તે પૃથ્વીમાં દોઢ હાથ નિચે ગાયનું હાડકું હોય તે રહી જાય તો જમીન ઉપર રહેનાર માણુસનાં ગાયો વિગેરે ઢોરોનો નાશ થાય. ૩૮ મધ્યના કોઠામાં ય છે. તેમાં ફળ મૂકે તો તે જમીનમાં માણુસની છાતી બરોબર શલ્ય છે. તે શલ્યો એવી રીતે હોય કે મનુષ્યના વાળ માણુસના માથાની ખોપરી, ભસ્મ, લોઢું વિગેરે સર્વે શલ્યો અથવા તેમાંથી કોઇ પણ શલ્ય હોય એમ જાણવું. શલ્ય જમીનમાં રહી જાય તો તે ઘરમાં રહેનાર માણુસનું મરણ થાય. ૩૯.

ઉપર બતાવ્યા પ્રમાણે [illegible] કરતા શલ્યનું માપ

બતાવે છે તેજ રીતે બીજા ગ્રંથોમાં પણ બતાવે છે. પરંતુ अ क च જે અક્ષરો કોઠામાં મુકવાના બતાવ્યા છે તેમાં ને રાજવલ્લભના કર્તાના કહેવામાં થોડોક ફેર છે. તે વાંચકવર્ગે વિચારી લેવું. શલ્યના દોષો શિલ્પ શાસ્ત્રના તમામ ગ્રંથોમાં કહેલા છે માટે જરૂર કહાડયા વિના ઘર કરવું નહીં.

## श्लोक.

जानुमात्रंखनेद्भूमिमथवापुरुषोन्मिताम् ।

અર્થ—શલ્ય કાઢવા માટે ઢીંચણ સુધી અથવા પુરૂષ પ્રમાણે ખોદવું–વળી "प्रतिष्ठासार समुच्चय" વિષે લખે છે કે—

अधःपुरुषमात्रात्तुनशल्यंदोषदंगृहे ॥
जलांतिकंस्थितंशल्यं प्रासादेदोषदंनृणाम् ।
तस्मात्प्रासादिकींभूमिंखनेद्यावज्जलांतकं ॥ ४० ॥

અર્થ–ઘર કરવાની જમીનમાં એક પુરૂષ પ્રમાણથી નિચે શલ્ય હોય તો તે શલ્યનો કાંઈ દોષ નથી. પણ પ્રાસાદ કરવાની ભૂમિ વિશે તો પાણી આવે ત્યાં સુધી શલ્યનો દોષ છે. ૩૯

## અથ ખાત કરવાનો વિધી.

## श्लोक.

आग्नेय्यां खननं कुर्यात् मीनादित्रितयरवौ ।
मिथुनादित्रयेभानौ नैऋत्यांखननंशुभम् ॥ ४१ ॥
कन्यादित्रतियेचैवं वायव्यांसंखनेद्बुधः ।
चापादित्रतियेभानाविशान्यांखननंस्मृतं ॥ ४२ ॥

અર્થ—મીન, મેષ, અને વૃષભ રાશિના સૂર્ય હોય તો અગ્નિ કોણમાં ખાત કરવું. (કારણ કે એ ત્રણ રાશિમાં નાગનું મુખ પશ્ચિમે હોય છે.) મીથુન, કર્ક ને સિંહ રાશિના સૂર્ય હોય તો નૈરૂત્ય કોણમાં ખાત કરવું. (કારણકે નાગનું મુખ તે સંક્રાંતિમાં ઉત્તરમાં હોય છે.) ૪૧ તેમજ કન્યા, તુળા ને વૃશ્ચિક સંક્રાંતિ હોય તો વાવ્ય કોણમાં કરવું. ( શાથી કે નાગનું મુખ પૂર્વમાં હોય છે ) ને ધન, મકર ને કુંભ આ સંક્રાંતિમાં ઇશાન કોણમાં ખાત

કરવું (કારણ કે તે સંક્રાંતિમાં નાગનું મુખ દક્ષિણ દિશામાં છે ) નાગના મુખ ઇત્યાદિ શરીરમાં જો ખાત થાય તો અનેક પ્રકારની હાની ને ઉપાધી થાય માટે ખાલી જગ્યા ( નાગની કુખે ખાલી ભાગમાં ) ખાત કરવું. ખાત મૌહુરત એટલે જે કોણ ખાલી હોય ત્યાં એક ગજ સમચોરસ ખાડો કરવો ને તે ખાડામાં પંચરત્ન કળસમાં મુકી ઉપર ઇંટો કે પથ્થર પાંચ ચણવા. ૪૨

---

ફાગણ, ચૈત્ર, વૈશાખ એ ત્રણ માસમાં અગ્નિ કોણમાં ખાત કરવું. જેઠ, અષાડ, શ્રાવણ એ ત્રણ માસમાં નૈરૃત્ય કોણમાં ખાત કરવું. ભાદરવો, આશો, કાર્તિક એ ત્રણ માસમાં વાવ્ય કોણે ખાત કરવું. માગસીર, પોષ, ને મહા એ ત્રણ માસમાં ઇશાન કોણમાં ખાત કરવું.

---

## खात कोष्टक.

પુર્વ.

| | | | |
|---|---|---|---|
| ઇશાન કોણ. | ખાત.<br>ધન, મકર, કુંભ.<br>માગસીર, પોસ, માહા. | ખાત.<br>મીન, મેષ, વૃષભ.<br>ફાગણ, ચૈત્ર, વૈશાખ. | અગ્નિકોણ |
| ઉત્તર. | | | દક્ષિણ. |
| વાવ્ય કોણ. | કન્યા, તુળા, વૃશ્ચિક.<br>ભાદરવો, આસો, કાતિક.<br>ખાત. | મીથુન, કર્ક, સિંહ,<br>જેઠ, અસાડ, શ્રાવણ,<br>ખાત. | નૈરૃત્યકોણ |

પશ્ચિમ.

એ રીતે ખાત કરવાની સમજણ ઉપરના કોષ્ટક પ્રમાણે છે પણ બારણું મૂકવું તેનો વિચાર કરવો કે ખાત કરતી વખતે જે દિશામાં મુખ હોય તે દિશામાં બારણું ન મૂકવુંઃ જેમકે અગ્નિકોણે ખાત તો નાગનું મુખ પશ્ચિમમાં છે ને નૈરૃત્યકોણે ખાત તો નાગનું મુખ ઉત્તર દિશામાં છે. અને વાવ્ય કોણે ખાત તો નાગનું મુખ પૂર્વ દિશામાં છે, વળી ઇશાન કોણે ખાત તો નાગનું મુખ દક્ષિણ દિશામાં છે. માટે જ્યાં નાંગનું મૂખ હોય ત્યાં બારણું ન મૂકવું ને મૂકે તો દોષ ભરેલું છે.

વળી જો કદાપી તે નાગના મુસ્તકે ખાત કરે તો ઘરના માલીકનાં માત, પિતાનો નાશ થાય. ને પુછડા ઉપર ખાત કરે તો રોગ કરે, વળી નાગની

પીઠ ઉપર ખાત કરે તો હાનીને ભય થાય અને જો કુખમાં ખાત કરે તો ધન અને પુત્રની વૃદ્ધી થાય.

दक्षिण पूर्व विभागे पूजन पूर्वं शिला समास्थाप्या ।
शेष शिला दक्षिणतः स्तंभ्योप्येवं विधानेन ॥

પૂર્વ દક્ષિણના મધ્ય ભાગે અગ્નિ કોણમાં સમચોરસ પત્થરને પૂજી સ્થાપવો. અને એવી રીતે બાકી રહેલી શાળાઓનું ક્રમવાર મંડાણ કરવું એ પ્રમાણે ક્રમવાર દીશાઓના થાંસલા સ્થાપવા.

भित्ते मूलं स्थापनीयं जलांते पाषाणै वा हेमरत्नैःसगर्भम् ।
शीर्षे गुर्वीलेपहीनाधिका वा संधि श्रेणीपादहीनार्थहान्यै ॥

પાણી સુધી અગર તો સજીવન પત્થર સુધી ભીંતનો પાયો નાંખવો. ઉપર બતાવેલ પત્થર પંચરત્ન ઉપર મુકવો અને એ મુકેલ પત્થર ઉપરથી પાયો ચણવો. પાયામાંથી ભીંતની લીધેલ પહોળાઇ ( ઓસાર ) જ્યાં સુધી ચણાય ત્યાં સુધી એવીને એવી રાખવી. પણ ઉપર પહોળો અને નીચે સાંકડો એમ કરવું નહીં. પાયાની અંદર માટી કે ચુનાવતી ઇંટો મૂકવી. તેની શ્રેણ તુટવી ન જોઇએ. નહીંતો મકાનની હાણુજ થાય.

भवनपुर सुराणां सूत्रणे पूर्व मुक्तः ।
कथित इह पृथिव्याः शोधने च द्वितीयः ॥
तदनु मुख निवेशे स्थंभ संरोपण स्याद् ।
भवन वसनकाले पंचधावास्तु यज्ञः

મકાનની જમીનને પહેલાં દોરીથી ભરી વાસ્તુપુજા કરવી. ભૂમિને શોધતાં પહેલવાર, પત્થર સ્થાપતાં બીજીવાર, દ્વાર મૂકતાં ત્રીજીવાર, સ્થંભ મૂકતાં ચોથીવાર, અને મકાન તૈયાર થયે વાસો કરવા જતાં પાંચમીવાર વાસ્તુનું પુજન કરવું.

सदुग्ध वृक्षा द्रविणस्य नाशं कुर्वंति ते कंटकिनोरिभीतिम् ।
प्रजा विनाशं फलिनः समिपे गृहस्य वर्ज्याः कलधौतपुष्पाः॥

દુધવાળાં ઝાડ ઘર આંગણે રાખીએ તો લક્ષ્મી નાશ. કાંટાવાળાં ઝાડથી દુશ્મનનો ત્રાસ, અતી ફળ યુકત ઝાડોથી પ્રજા નાશ થાય છે. અને પીળાં ફુલવાળાં ઝાડો પણ વાવવાં નહીં.

दुष्टो भूत निषेवितो विटपिनो च्छिद्यते शक्तितः ।
तद्वद्बिल्वशमीत्व शोक बकुलौ पुनाग सच्चंपकौ ॥
द्राक्षा पुष्पकमंडपंचतिलकान् कृष्णां वपेद्दाडिमीम् ।
सौम्यादेः शुभदौकपित्थ कवटावौदुंबराश्वत्थकौ ॥

દુષ્ટ તેમજ જે વૃક્ષમાં ભુત રહેતું હોય તેને જોરથી ન કાપવું. તેમજ બીલી, ખીજરો, આસોપાલવ, બોરસળી, પુન્નાગ અને ચંપો, તેને પણ ન વાઢવાં, આંગણામાં દ્રાક્ષ, ચંદન, પીપળી, દાડમી એ રોપવાં કહ્યાં છે. રહેણાકની ઉત્તરે કોઠી, દક્ષિણે ઉંબરો, પૂર્વે વડ, પશ્ચિમે પીંપળો એવી રીતે ઝાડ વાવવાં.

खर्जूरी दाडिमी रंभा बदरी बीज पूरिकाः ।
केतकीचेक्षवो रूढा स्वयं गेहेन सौख्यदाः ॥
अश्वत्थोदुंवर वटप्लक्षाम्र कार्मुकादिकान् ॥
वर्जयेद् गृहमाश्रित्य हर्म्य वृद्धि विघातकान् ॥
करवीरसुनिद्राक्षा जाति तगर कुब्जिकाः ।
अन्ये देवद्रुमास्तेषां न कुर्यादाश्रितं गृहं ॥

ખજુરી, દાડેમ, બોરડી, કેળ, કેતકી, લીંબુ, પીંપળો, શેરડી, ઉંબરો, પીંપળી, વડ, આંબો, ખેર, કણેર, અગથીઓ, દ્રાખ, તગર, જાઇ અને સેવતી, એ ઝાડો જ્યાં હોય ત્યાં ઘરધણીને સુખ ન થાય.

बदरी कदली चैव इक्षुदंडेषु दाडिमी ।
यत्र गृहं प्ररोहंति तद् गृहं न प्ररोहति ॥
द्राक्षा मुनि करवीरै जाती तगर कुब्जिका ।
अन्येषां देववृक्षाणां नकुर्याद् गृहवास्तुतः ॥

કેળ, શેરડી, બોરડી, દાડેમ, દ્રાક્ષ, અગસ્ત, કણેર, જાઇ, તગર, સેવતી (ગુલાબ) એવાં બીજાં કોઇ પણ દેવનાં ઝાડો આંગણે રાખવાં નહીં. વાવવાં નહીં.

ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રે શિલ્પદિપક ગ્રંથે ઘર પ્રકરણ પ્રથમ ॥ ૧ ॥

# प्रकरण २ जुं.

## અથ આય વિચાર.

### श्लोक.

आयऋक्षंव्ययंतारा अंशकानिक्रमेणतु।
सगुण्यंदिर्घव्यासंच अष्टभिभागमाहरेत् ॥ १ ॥

અર્થઃ-આય, નક્ષત્ર, વ્યય, તારા, અંશક એટલાં વાનાં ઘર કરનારને ક્રમવડે કરી શુભ ને અશુભ જોવાં પછી આરંભ કરવો. જે જમીનમાં ઘર કરવું હોય તે જમીનને લાંબી તથા પોહોળી ભરી ભરતાં જેટલા ગજ થાય તે લંબાઈ તથા પહોળાઈનો ગુણાકાર કરી આઠે ભાગવા. ભાગ જતાં શેષ જે અંક વધે તે આય જાણવી. ૧

પણ તે આય કાઢવાને ક્ષેત્રની લંબાઇને પોહોળાઇના જે ગજ તથા આંગુળ થયા હોય, તે બધાનો ગુણાકાર કરતાં ઘણી ગુચવણ પડે છે માટે ટુંકાણમાં થાય તેવી સમજણ નિચે પ્રમાણે છે.

૧ ગજના આંગુળ ૨૪ ) છે ને આયો ૮ ) છે તો ૨૪ ) ને ૮ ) આઠે ભાગતાં શેશ ૦ ) વધે છે માટે એ ૮ ) મી આય થાય. માટે જેટલા ગજ હોય તે બધાના આંગળ કરી આઠે ભાગતાં શેશ કાંઈ વધે નહીં માટે ભરતાં જેટલા લંબાઈના ને પોહોળાઇના ગજ થયા હોય તે કાઢી નાંખી કેવળ લંબાઇ પોહોળાઈના ગજ ઉપર આંગળ હોય તેનો ગુણાકાર કરી આઠે ભાગવા એટલે તે ક્ષેત્રની આય જે હશે તે આવશે. કારણ આઠથી વધારે ઓછે ભાગવાનું હોત તો ગજ કાડી નાંખવાની જરૂર નહોતી. પણ આ આઠે ભાગવાનું છે માટે ગજને ત્યાગવાનું છે.

## આયનાં નામ.

ध्वजादिशेषमायंतुलभ्यंतेनात्रसंशयः।
ध्वजोधुम्रोतथासिंहोश्वानवृषोखरोगज ॥ २ ॥
ध्वांक्षश्चैवसमुदिष्टंप्राच्यादिषुप्रदक्षिण।
अन्योन्याभिमुखातेचक्रमछंदानुसारत ॥ ३ ॥

અર્થ—ધ્વજાદી આઠ આયનાં નામ ધ્વજાય, ધુમ્રાય, સિંહાય, શ્વાનાય,

વૃષાય, ખરાય, ગજાય. ૨ અને ધ્વાંક્ષાય ઇત્યાદિ આઠ આયો છે, તે આયોને પૂર્વાદિ દિશાએ સૃષ્ટીક્રમ પ્રમાણે દેવી. તે આઠે આયો સામાસામી સનમુખ રહે છે એમ વિશ્વકર્મા કહે છે. તે સમજવાને નિચે કોષ્ટકમાં જોવું ૩

## આયનાં નામ ને દિશા કોષ્ટક.

| આયની સંખ્યા. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| આયનાં નામ. | ધ્વજાય | ધુમ્ર | સિંહાય | શ્વાનાય | વૃષાય | ખરાય | ગજાય | ધ્વાંક્ષાય |
| આયની દિશા. | પૂર્વ | અગ્નિ | દક્ષિણ | નૈરૂત્ય | પશ્ચિમ | વાય્ય | ઉત્તર | ઇશાન |

## આય દેવાનાં સ્થાન.

ध्वजेसिंहोवृषश्चैव गजश्चशस्वेश्मनि ।
अधमान्येखरध्वांक्षं धुम्रश्वानसुखावहा ॥ ४ ॥
कल्याणकुरुतेसिंहे नृपाणांचविशेषतः ।
विप्रगृहेध्वजंश्चैव क्षत्रीणांसिंहमेवच ॥ ५ ॥
वैषश्चव्रषभायश्च धनधान्यसुखप्रदा ।
शुद्रस्यगजमेवोक्तं सर्वकामफलप्रदा ॥ ६ ॥
ध्वजश्चैवार्थलाभश्चसंतापोधुम्रमेवच ।
सिंहेचविपुलान्भोगान् कलहं श्वानेसदाभवेत् ॥ ७ ॥
धनधान्यंवृषेश्चैव स्त्रिमरणंरासभेनतु ।
गजभद्राणिपश्यंति ध्वाक्षेचमरणंध्रुवं ॥ ८ ॥

અર્થઃ—ચ્યાર કરનારી જે વરણ છે તેને ઘેર ધ્વજાય, વૃષાય, સિંહાય, ગજાય દેવી. ૪ બ્રાહ્મણના ઘર વિષે ધ્વજાય દેવી, ક્ષત્રીના ઘર વિશે સિંહાય દેવી. ૫ અને વૈશ્યના ઘર વિશે વૃષભાય દેવી, શુદ્રના ઘર વિશે ગજાય દેવી. એ પ્રમાણે ચારે વરણને અધીકાર પ્રમાણે આય દે તો ઘરધણીને સર્વે પ્રકારે સુખ આપે. તેથી ઉલટી રીતે આય દે તો દોષ કરતા છે. ૬ ધ્વજાય દે તો ઘરધણીને અર્થનો લાભ ઘણો થાય, ને જો ધુમ્રાય દે તો શોક ને અનેક પ્રકારના સંતાપ થાય. અને સિંહાય દે તો ઘણી લક્ષ્મી ને નાના પ્રકારના

ભોગ મળે, ને શ્વાનાય દે તો સદાકાળ કલેશ થાય. વૃષભાય દે તો ધન અને ધાન્યનો લાભ થાય અને ખરાય જો દે તો ઘર કરાવનારની સ્ત્રીનું મરણ થાય. તથા ગજાય દે તો શુભ ફળ ધણીને થાય, ને ધ્વાંક્ષાય દેવામાં આવે તો મરણ નિપજે. એ પ્રમાણે આય દેતી વખતે સૂત્રધારે બરોબર તપાસી ગણીત કરી કોષ્ટકમાં જોઇ અધિકાર પ્રમાણે ઉત્તમ આય દેવી ને જો કનિષ્ટ આય દીધામાં આવે તો નિશ્ચે ઘરધણીને વિઘ્ન કરે. ॥ ૮॥

ધ્વજાયનાં સ્થાન.

प्रसादेप्रतिमायेभ्रमयंत्रेपीठमंडपे ।
वेदीकुंडशुचिनां च पताकाछत्रचामरे ।
वापिकूपतडागेषुकुन्डानां च जलाशये ॥ ९. ॥
ध्वजोशुभः सिंहस्थानेध्वजंतत्रप्रजापयेत ।
आसनेदेवपीठेषु वस्त्रालंकारभुषणे ॥ १० ॥
केयुर्मुगटाद्यंचनिवेशयेध्वजंशुभं ।
अग्नीकर्मेषुसर्वेषुहोमशालागृहेषुच ॥ ११ ॥

અર્થઃ—સર્વે પ્રકારના પ્રાસાદ, ઉભી બેઠી પ્રતિમાને વિષે, ભ્રમણ કરનારા યંત્રમાં બ્રાહ્મણને ઘેર, પીઠ મંડપે, વેદી, કુન્ડ, શુચીસ્થાને, પતાકા, છત્ર, ચામર, વાવ, કુવો, તળાવ, ટાંકામાં, ૯ સિંહસ્થાને, દેવને બેસવાનું આસન તથા ગાદીએ, વસ્ત્ર મુકવાને ઠેકાણે, અલંકાર આભૂષણ મુકવાને ઠેકાણે. ૧૦ હાર મુગટ, સઘળા અગ્નિ સ્થાને, અગ્નિ કુંડમાં, ચોરીમાં ઇત્યાદિ હોમશાળામાં, ધર્મશાળામાં, દેવાલયમાં, સિંહાસનના ચોતરે, દેવ મંદીરે, મહાદેવના બાણમાં ઇત્યાદિ ઠેકાણે ધ્વજાય મુકવી. ભુલથી બીજી મુકે તો વિઘ્નકર્ત્તા છે ૧૧

धौमानांग्रहेचैव धौमंतत्रप्रदापयेत् ।
आयुधानांसमस्तेषु नृपाणांभुवनेषुच ॥ १२ ॥
नृपसिंहासनश्चैव सिंहतत्रनिवेशयेत् ।
श्वानंम्लेच्छायसंप्रोक्ता विष्टांगारेनटेषुच ॥ १३ ॥
वेश्यागृहेषुसर्वेषु श्वानंश्वानोपजीवनं ।
वणीजंसर्वकर्मेषु भोजनपात्रेषुमंडपे ॥ १४ ॥

वृषानांतुरगागारे गोशालागोकुलेषुच ।
तंतुर्वितनुसारैश्च वाजीत्राणांगृहेषुच ॥ १५ ॥
कुलालैरजकादीनां खरंगर्धभजिवीनाम् ।
अन्योपस्करकर्माद्यं मदनागारेगृहेगजं ॥ १६ ॥
गजंचगजशालायां सिंहयत्नेनवर्जयेत् ।
सिंहासनगजश्चैव जानुजंगादिषुद्भवः ॥ १७ ॥
मठेषुयंत्रशालेषु जैमशालादिसंभवे ।
ध्वांक्षैचैवमदातव्यं शिल्पिकर्मोपजिवीनं ॥ १८ ॥
स्वकेस्वकेवेस्थानेषु सर्वेकल्याणकारयेत् ।
स्नेहाल्गुंगाश्चमैत्राद्या तत्रार्थेहितकामदा ॥ १९ ॥

## ધુમ્રાય દેવાનાં સ્થાન.

અર્થઃ—લુહારનું ઘર, સોનીનું ઘર, કંસારાના ઘરમાં, રાંધવાનો ચુલો, ધુમાડો નિકળવાનું સ્થળ, અગ્નિથી કામ કરવાનું ઘર, અને રસોડું, એટલે સ્થાનકે ધુમ્રાય દે તો શ્રેષ્ટ. ૧૨

## સિંહાય દેવાનાં સ્થાન.

રાજાઓના મહેલ, નગરનો કીલ્લો, દરવાજો, સરવે પ્રકારનાં આયુધ રાખવાની જગ્યાએ, રાજાને બેસવાના સિંહાસને, અન્ન ભરવાના ઘરમાં, યંત્ર (તોપ) વિગેરે શસ્ત્ર, કવચ, કેદખાનું ઇત્યાદિ ઠેકાણે સિંહાય દે તો ઉત્તમ ફળને આપે.

## શ્વાનાય દેવાનાં સ્થાન.

ચાંડાળને ઘેર, અંત્યજને ઘેર, નાટ્યકાર (નટને ઘેર), વેશ્યા (ગુણકાને ઘેર), શ્વાનની આજીવિકા વાળાને ઘેર, અને તાજખાનું, મલેચ્છને ઘેર ઇત્યાદિ ઠેકાણે શ્વાનાય દે તો ઉત્તમ ફળ આપે. ૧૪

## વૃષાય દેવાનાં સ્થાન.

ભોજનશાળા, બળદ બાંધવાનું સ્થળ, અશ્વશાળા, વૈશ્ય (વાણીઆને ઘેર) (વેપારીની દુકાન), લાકડાં ભરવાનું સ્થાન, ખાવાનાં વાસણમાં, મંડપમાં, ઘોડા બાંધવાના ઠામે, ગોશાળા, ઇત્યાદિ સ્થાનકોને વિશે વૃષભાય દે તો ઉત્તમ ફળ આપે.

## ખરાય દેવાનાં સ્થાન.

સર્વે પ્રકારનાં વાજીંત્ર વગાડનારનાં ઘરમાં તથા ગધેડાં પાળનારના ઘરમાં કુંભાર, ગોલા, ઓડ, રાવળીયા વિગેરેના ઘરમાં તથા ધોબીના ઘરમાં તથા ખંભારના ઘરમાં, તથા કલાલના ઘરમાં, લુગડાં વણનારના ઘરમાં, યાચકના ઘરમાં, વેશ્યાના ઘરમાં એટલે ઠામે ખરાય શ્રેષ્ટ છે.

## ગજાય દેવાનાં ઠામ.

શુદ્રના ઘરમાં, અલમ્બીમાં, મેનામાં, તાવદાનમાં, રથ, ગાડી, ગાડાં, વહાણ, કોચ, પલંગ, ગજશાળામાં, રાજાને ક્રીડા કરવાના સ્થાનમાં, વાડીમાં, રાણીના ઘરમાં, આસનમાં, શયનમાં, અને સામાન્ય સ્ત્રીના ઘરમાં, પેંડાર (ઢોર ચારનારના ઘરમાં) ઇત્યાદિ સ્થળોમાં ગજાય સારી તથા અશ્વશાળામાં પણ સારી. ઇતિ ૧૮

## ધ્વાંક્ષાય દેવાનાં સ્થાન.

શિલ્પી, તપાસ્વીના ઘરોમાં તથા કલીકા એટલે ગોળા હવાઈ વિગેરે દારૂખાનું રહેવાના સ્થળે, સન્યાસીના મઠમાં તથા ગોરજીના ઉપાશ્રયમાં તથા પોપટ, મેના વિગેરેના પાંજરામાં એવે ઠામે ધ્વાંક્ષઆય સારી છે. ૧૯

ઊપર જે આઠ પ્રકારના આયોના ભેદો કહ્યા તે પોતપોતાના સ્થાનકે કલ્યાણકારી છે પણ ઊલટે ઠામે ઉલટું કરે, એટલે અકલ્યાણકારી થાય. ઉપરની ટીકાનો અર્થ ૧૨ થી તે ૧૯ શ્લોક સુધીનો છે. ભેગા અર્થ કરવાનું કારણ શ્લોકમાં શેળભેળ વાત છે તેથી વાંચનારને ના સમજાય તેટલા માટે વિભાગ પાડીને અર્થ લખ્યા છે. અને ગ્રંથાન્તરે આમલો બખી છે.

**वृषभस्थाने गजं दद्यात् सिंह वृषभ हस्तिनौ ।**
**ध्वजं सर्वेषु दातव्यं वृषं नान्यत्र दियते ॥२०॥**

અર્થ—વૃષભઆયને ઠેકાણે ગજઆય દીજે, પણ વૃષભ ને ગજઆયને ઠેકાણે સિંહાય ન દેવો પણ સઘળે ઠેકાણે ધ્વજઆય દેવો એમ શાસ્ત્રમાં કહે છે માટે સર્વે શિલ્પીઓએ તે પ્રમાણે કરવું. ૨૦

વળી ગ્રંથાન્તરે એમ કહે છે કે આય ગણનાર શિલ્પીએ નક્કી ધ્યાનમાં રાખવું, કે જે જાતીને ઘેર આય લાવવાનો હોય તે આય પેહેલા માળમાં રાખવો. પેહેલા માળમાં ગજાય હોય તો તેના ઉપરના માળમાં સિંહાય કે ધ્વજાય રાખીએ તો સારૂં ફળ આપે. ધ્વજ, સિંહ, વૃષ અને ગજાય, એ ચારમાંથી કોઈપણ આય પ્રાસાદના કામમાં સારા છે. પણ કોઇપણ વખત સિં-

હોય ઉપર વ્રષ કે ગજાય રાખવો નહીં; કારણ તે પ્રમાણે જો રાખવામાં આવે તો ઘર કરાવનાર ધણીનું મૃત્યુ નીપજે, તેજ પ્રમાણે કોઈપણ આય ઉપર શૂન્ય લખવો નહીં, લાવેલો આનીકર્તા છે.

આયનું મુખ જે દિશામાં હોય તે દિશામાં ઘરનું કે દેવમંદિરનું દ્વાર રાખવું એ ઇષ્ટ છે, ડાબી તથા જમણી બાજુએ ઘરનું બારણું રાખવું તે પણ ઇષ્ટ છે. પણ ઘરનો જે આય હોય તેના મૂખ આગળ ઘરની પછીત હોય તો એ અનીષ્ટ ( ઇષ્ટ નથી ), એ આયનાં મૂખ આગળ સમજાશે.

## માણસના આય લાવવાની રીત.

रुद्र भागायते क्षेत्रे कृते पंचांश विस्तरे ।
उर्द्धपङ्क्तौक्रमत्कोष्टेष्विन्द्रधिष्ट्म्यद्धि भास्करान् ।।२१।।
तिथ्यष्ट वेद रामेषु राग नन्दान्समालिखन् ।
तदधो मातृकान्वर्णानाद्यान्क्षंतान्क्रमालिखेत् ।।२२।।
ऋॠऌॡ विसर्गान्त संयोगाक्षर वर्जितान् ।
नामाक्षरं संघातं वसुभिर्विभजेत्सुधीः ।।२३।।
शेषमायो मनुष्यस्य ध्वजाद्यो देहगो भवेत् ।
नक्षत्रं तारकांशश्च व्ययाद्यं चापि देहगम् ।।२४।।
ध्वजादिनां चतुर्णांतु चत्वारो वृषभादय ।
भक्षके भवनेवर्ज्यो गृहस्वाम्यायभक्षकाः ।।२५।।

અર્થઃ—અગીયાર અંશ લંબાઈ અને પાંચ અંશ વિસ્તાર કરેલા ક્ષેત્રમાં ઉપરની પહેલી પંકતીમાં પ્રથમના કોઠાઓ અનુક્રમે ૧૪, ૨૭, ૨, ૧૨, ૧૫, ૮, ૪, ૩, ૫, ૬, ૯, એ અંકો લખવા પછી તેની નીચેના કોઠાઓમાં અકારાદિ વર્ણો આદિ લેઈને વર્ણ અનુક્રમે ક્ષ ના અંત સુધી લખવા. ૨૩

તેમાં ઋ ૠ ઌ ૡ ળ, અનુસ્વાર, વિસર્ગ અને સંયોગાક્ષરો લેવા નહીં એ રીતે કોષ્ટક ભરવું. ૨૪

માણસના નામાક્ષર જેટલા હોય તેટલી સંખ્યાનો નામનો આદ્ય—અક્ષર કોષ્ટકમાં જોઈ ઉપર જે અંક હોય તેની સાથે ગુણી, તે ગુણાકારને આઠે ભાગવો; ભાગતાં જે શેષ રહે તે માણસના ધ્વજાદિ આય દેહના જાણવા, એ પ્રમાણે

બુદ્ધિવાન પુરૂષે નક્ષત્ર, વ્યય, તારા, અંશકાદિક દેહનાં આણવાં. ધ્વજાદિ (ધ્વજ ધુમ્ર, સિંહ, શ્વાન. ) એ ચાર આયોનાં અનુક્રમે વૃષભાદિ, ખર, અને ધ્વાંક્ષ) એ ચાર આયો ભક્ષ છે હવે જો ગૃહનો આયદાર ધણીની આયનું ભક્ષણ કરે એટલે સ્વામીનું મૃત્યુ થાય. ૨૫

ઈ

| ૧૪ | ૨૭ | ૨ | ૧૨ | ૧૫ | ૮ | ૪ | ૩ | ૫ | ૬ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | એ | ઐ | ઓ | ઔ | ક |
| ખ | ગ | ઘ | ઙ | ચ | છ | જ | ઝ | ઞ | ટ | ઠ |
| ડ | ઢ | ણ | ત | થ | દ | ધ | ન | પ | ફ | બ |
| ભ | મ | ય | ર | લ | વ | શ | ષ | સ | હ | ક્ષ |

અ

## માણુસની આય લાવવાનું ઉદાહરણ

આપણે ધારો કે ઘરધણીનું નામ જગજીવન છે તો તેનો પેહેલો અક્ષર જ, થયો તે, અ, વાળા કોઠામાંથી શોધી કાઢનો ને કોઠાથી ઉપરના ઇ વાળા કોઠામાં ૪) નો અંક છે તો હને જગજીવનના ૫) અક્ષર થયા તે પાંચને ચારે ગુણતાં વીશ ૨૦) થયા ને તે વીશને ૮) વડે ભાગતાં શેષ ૪ વધ્યા. માટે ઘરધણીનો ૪) થો શ્વાનાય થયો ને તે ઘરનો ધ્વાંક્ષાય છે તો તે માણુસનું મૃત્યું થાય માટે ઘરનો આય બદલવો.

ध्वजं पुरुषरुपेण धुम्रं मांजाररुपक ।
सिंहे च सिंहरुपेण श्वानं च श्वानरुपकं ॥२६॥
वृषं च वृषभरुपेण खरं गर्दभरुपकं ।
गजाय गयंदरुपेण ध्वांक्ष वायसरुपकं ॥२७॥

### આયનાં રૂપ.

અર્થ—ધ્વજાય પુરૂષ રૂપે છે, ધુમ્રાય બીલાડાના રૂપે છે, ને સિંહાય સિંહ રૂપે છે, શ્વાનાય કુતરા રૂપે છે, વ્રષભાય બળદ રૂપે છે, ખરાય ગધેડાના રૂપે છે, ગજાય હાથીના રૂપે છે, અને ધ્વાંક્ષાય કાગડા રૂપે છે. ૨૬—૨૭

सर्वेषु सिंहवर्गाद्या प्रबलाश्च महोकटा ।
महागणेश संप्रोक्ता दिशाष्टो क्षेत्रपाधिप ॥२८॥
सर्वे कुर्कटरुपेण पुरुषाकारे च पुष्कला ।
हस्तभ्यां नाररुपाभ्यां पादाभ्यां विहगाकृति ॥२९॥

અર્થઃ—સર્વે આયની કોટ સિંહના સરખી છે ને મહા બળવંત છે. આઠે દીશાઓના વિશે સ્થાનકના પ્રધાન છે. તે સર્વે આયની પુજા કરવાથી અનેક પ્રકારનાં વિઘ્ન નાશ કરે છે ॥૨૮॥ આઠે આયોની ડોક કુકડાના જેવી છે. ને પુરૂષના આકારે શરીર છે. હાથ પુરૂષના સરખા છે ને પગ પક્ષીના સરખા છે. ૨૯

## ઘરનાં માપ કરવા વિશે.

मानंदेव गृहादि भूपसदने शास्त्रोक्तहस्तेन तत् ।
गेहे कर्मकरस्य नाथ करतः स्यात्तार्ण छाद्ये गृहे ।
आयो दंड करांगुलादि मपितो स्तंऽगुलैरंशतः
क्षेत्रस्याप्यनुमानतोपि नगरे दंडे न मानं पुरे ॥३०॥

અર્થ—દેવ મંદીર અને રાજાના ઘર વિશે શાસ્ત્રમાં કહેલા હાથ વડે માપ કરવું અને સાધારણ લોકના ઘરનું માપ શિલ્પીના હાથે કરવું, પણ ઘાસ અને પાંદડાંથી છાઇને રહેનાર લોકના ઘરનું, ઘરધણીના હાથવડે માપ લેવાનું કહ્યું છે.

ઘર કરવાની ભુમીને હાથ, આંગુળ, અને જવથી માપીને તે ભુમીનું ક્ષેત્રફળ કહાડી, હાથ આંગુળ અને જવની ગણતરી પ્રમાણે આય મેળવવો પણ નગર અને પુરનું માપ દંડવડે માપી કરવું એમ કહ્યું છે ॥૩૦॥

## આય કલ્પવા વિશે.

आय कल्पो हस्तमयः करैश्च क्षेत्रे मात्राभिर्मितो मात्रीकाभिः ।
मध्ये पर्यकासने मंदिरे च देवागारे मंडपे भितिबाह्ये ॥३०॥

અર્થ—હાથ અને આંગુળો માપી તેનું ક્ષેત્રફળ કહાડયા પછી હાથ અને આંગુળો પ્રમાણે આય કલ્પવો કહ્યો છે. પણ ખાટલો અથવા પલંગ બે ઇશો અને બે ઉપલાં મળી ચારને માપમાં ન લેતાં ફક્ત મધ્યનો ગાળો ભરી આય મેળવવો, અને તેજ રીતે ઘરના બે કરા, એક મોવાળ ( આગલો ભાગ ) ને પછીત એ ચારના ઓસારને માપમાં ન લેતાં એ ચારના મધ્યેના ગાળાનું માપ લેઈ આય મેળવવો, પણ દેવમંદીર અને માંડવાની બહારની ફરકેથી એટલે

~~ચારે તરફની ભીંતના ઓટલા સહીત~~ ( જેટલી જમીન પાયામાં દબાય તે સહીત ) ~~માપમાં લેવાનું કહ્યું છે~~. એવી રીતે માપ ગણી આય મેળવવો. ॥૩૦॥

એ આય કાઢવાની વિશેષ સમજ એવી છે કે છત્ર ઈત્યાદી જે નાના દાગીના છે તેના વિશે ગજ અને આંગુળોનું માપ લેવાય નહીં તે માટે ઉપર ગજ પ્રમાણ લખ્યા પ્રમાણે જવ, જુકા, લીખ અને વાળની અર્ઘ્ય વડે માપ લેઇ આય મેળવવો કારણ કે હીરા, રત્ન, વીંટી ને નાનાં રૂપ તેનું આંગુળે માપ થાય નહીં.

વળી ક્ષેત્ર એટલે ઘરની જમીનનેજ ક્ષેત્ર કહેવાય એમ નહીં, પણ જેનું માપ કરવું હોય તે સરવે ક્ષેત્ર કહેવાય. ઇતી આય પ્રકરણ સંપુર્ણ.

## ક્ષેત્રફળ કાઢવાનો પ્રકાર.

**आयामं यदि क्षेत्रं च विस्तारं च गुणेशुच।**
**सप्तविंशति हरेद्भागं शेषस्यात्फल निश्चयः ॥३१॥**

જે ભૂમીમાં ઘર અથવા હરેક કામ કરવું હોય, તથા કાષ્ટ વિગેરે હરેક કામ કરવું હોય, તેની લંબાઇ તથા પહોળાઇ ગજે ભરી; પછી તે ક્ષેત્રની લંબાઇ તથા પહોળાઇનો ગુણાકાર કરી, તે ફળને સતાવીશે ભાગવું. ભાગ જતાં જે શેષ અંક રહે તે ક્ષેત્રની મુળરાશી જાણવી. ૩૩

## મુળરાશી લાવવાનું ઉદાહરણ.

કોઇ એક ક્ષેત્ર ( ઘર ) ૧૩ ગજને ૫ આંગળ લાંબુ છે ને ૫ ગજને ૫ આંગળ પોહોળું છે તો તે ક્ષેત્રની કઇ મુળ રાશી થઇ?

```
૧૩-૫×૨૪=૩૧૨+૫=૩૧૭ ⎫ આંગળ
 ૫-૫×૨૪=૧૨૦+૫=૧૨૫ ⎭ કર્યાં
              ------
               ૧૫૮૫
                ૬૩૪
               ૩૧૭
              ------
         ૨૭) ૩૯૬૨૫(૧૪૬૭
              ૨૭
            -----
             ૧૨૬
             ૧૦૮
            -----
             ૦૧૮૨
              ૧૬૨
            -----
              ૦૨૦૫
               ૧૮૯
             -----
               ૧૬ શેષ વધ્યા તે ક્ષેત્રની મુળ રાશી થઇ.
```

એ પ્રમાણે વધારે ઓછું ગમે તેવું લાંબુ પોહોળું ક્ષેત્ર હોય પણ ગણવાની તેવી રીત છે બીજી સરલ રીત આગળ આવશે.

## फलंचाष्ट गुणेतस्मिन् सप्तविंशति भाजीते ।
## यतशेषंलभ्यते तत्र नक्षत्रं तद्ग्रहस्यच ॥३२॥

**અર્થ**—તે ક્ષેત્રફળને આઠે ગુણવું ગુણતાં જે અંક આવે તેને સત્યાવીશે ભાગવો, ભાગતાં જે શેષ વધે તે ક્ષેત્રનું નક્ષત્ર જાણવું. ૩૨

## ઉદાહરણ.

પ્રથમ જે ક્ષેત્રનું ગણિત કર્યું છે તે ક્ષેત્ર ૧૩ ગજ ને ૫ આંગળ લાંબુ છે ને ૫ ગજ ને ૫ આંગળ પહોળું છે. તેનો ગુણાકાર કરતાં ૩૯૬૨૫ ફળ આવે છે માટે આવેલા ફળને આઠે ગુણી સત્યાવીશે ભાગવા.

```
            ૩૯૬૨૫
                ૮
         ----------
     ૨૭ ) ૩૧૭૦૦૦ ( ૧૧૭૪૦
          ૨૭
          ---
           ૪૭
           ૨૭
          ---
          ૨૦૦
          ૧૮૯
          ---
          ૧૧૦
          ૧૦૮
          ---
```

૨૦ માટે તે ક્ષેત્રનું નક્ષત્ર જાણવું ને તે મનુષ્ય ગણ છે.

એ ઉદાહરણ પ્રમાણે ગમે તે ક્ષેત્રનું નક્ષત્ર લાવવું હોય તો આઠે ગુણી સત્યાવીશે ભાગતાં જે શેશાંક વધે તે નક્ષત્ર જાણવું.

## મુળરાશી ટુંકામાં લાવવાની સમજણના નિયમ.

૧ જેટલું ક્ષેત્ર લાંબું તથા પોહોળું હોય, તેમાં જે ગજ ઉપર આંગળ હોય, તે આંગળમાં ગજને ત્રણ ઘણા કરી બાદ કરવા ને શેષ રહે તે રકમને લંબાઈ તથા પોહોળાઇનો ગુણાકાર કરી સત્યાવીશે ભાગી મુળરાશી લાવવી.

પણ જો કદાપિ આંગળના અંકમાંથી ગજને ત્રણ ઘણા કરી બાદ કરતાં આંગળનો અંક ઓછો હોય, અર્થાત્ બાદ થતો ન હોય તો, આપેલા ગજ માંથી ૧ ગજ લેઇ તેના ૨૪ આંગળ ગણીને પેલા આપેલા ગજ ઊપર જે આંગળ

હોય તેને ૨૪ ના અંકમાં મેળવી, બાકી રહેલા ગજને ત્રણ ઘણા કરી સરવાળામાંથી બાદ કરવા. પછી લંબાઈતથા પોહોળાઇ બંનેના ગજના આંગળ કરી બાદ કરવા પછી લંબાઇ પહોળાઈના આંગળનો ગુણાકાર કરી ૨૭ નો ભાગ દેવો, ભાગ દેતાં જે શેષ વધે તે ક્ષેત્રની મુળરાશી જાણવી.

### નક્ષત્ર લાવવાની સમજણ.

૨. હવે તે આવેલી મુળરાશીના અંકને સવાયો કરવો એટલે ક્ષેત્રનું નક્ષત્ર આવશે. જો કદાપિ સવા ઘણા કરતાં અંક ઉપર પાણો આવે તો તે દરેક પાણના સાત આંગળ ગણી, સવાયા અંકમાં મેળવી, ૨૭ નો ભાગ દેવો ને શેષ વધે તે નક્ષત્ર જાણવું.

## ઉદાહરણ.

કોઇ એક ક્ષેત્ર ૯ ગજ ને ૧૭ આંગળ લાંબુ છે, અને ૬ ગજ ૧૨ આંગળ પોહોળું છે તો તેની કઇ મૂળરાશી થઇ ?

હવે ૯ ગજ ને ૧૭ આંગળ લાંબુ છે તો ૯ ના અંકને ત્રણ ઘણા કરતાં ૨૭ તે કરતાં આંગળનો અંક ઓછો છે. માટે ૯ ગજમાંથી ૧ ગજ લેઇ તેના ૨૪ આંગળ કર્યા ને તેમાં ૧૭ મેળવ્યા અટલે ૪૧ નો સરવાળો થયો. ને પેલા ૯ ગજમાંથી ૧ લીધો એટલે ૮ રહ્યા, તે ૮ ને ત્રણ ઘણા કર્યા એટલે ૨૪ થયા. તે ૪૧ માંથી ૨૪ બાદ કર્યા તો ૧૭ આંગળ રહ્યા, લંબાઇના.

હવે પહોળું ૬ ગજ ને ૧૨ આંગળ, તો ૬ ગજ ને ત્રણઘણા કરતાં ૧૨) નો અંક ઓછો છે માટે, ૬ ના અંકમાંથી ૧ ગજ લેઇ તેના ૨૪ આંગળ કર્યા, તેમાં ૧૨ મેળવ્યા તો ૩૬ નો સરવાળો થયો. હવે પેલા ૬ ગજમાંથી ૧ લીધો એટલે ૫, રહ્યા તે ૫, ને ત્રણ ઘણા કર્યા એટલે ૧૫ થયા. તે ૩૬ના અંકમાંથી ૧૫ બાદ કરતાં ૨૧ નો અંક રહ્યો તે પહોળાઇ. તેની સાથે લંબાઇના આંગળનો ગુણાકાર કરવો.

### સ્પષ્ટીકર્ણ.

| | ગજ- | આંગળ | ગુ૦ ગુણ્ય. ગુણાંક ભા. શેષ. |
|---|---|---|---|
| લાંબુ. | ૯<br>૧<br>―<br>૮ | ૧૭+૨૪=૪૧−૨૪=૧૭×૨૧=૩૫૭÷૨૭=૬ | મુળરાશી. |
| | ગજ. | આંગળ. | |
| પોહોળું. | ૬<br>૧<br>―<br>૫ | ૧૨+૨૪=૩૬−૧૫=૨૧ | |

૬ ના સવાયા ૭ાા. એ પાણુના ૧૪+૭=૨૧ મું નક્ષત્ર ઉત્રાષાઢા મનુષ્ય ગણનું છે, જો કોઇ ક્ષેત્ર ૧૦ ગજ થાય તો ૧ ગજનો હીસાબ લેવો. કારણ દરેક દશકે ૧ ગજનો નિયમ છે. એવા ૨૦ ગજના ૨, ને ૯૦ ગજના ૯ નું પ્રમાણ બાંધવું. જ્યારે ૧૦૦ થાય એટલે પાછું ૧ ગજનું પ્રમાણ બાંધવું. તે ૯૦૦૦ ગજ સુધી ૯ ગજનું પ્રમાણ. પછી ૧૦૦,૦૦૦ લાખે ૧ ગજનું પ્રમાણ. એ રીતે હાલના શિલ્પી લોક લાંબી રકમને ટુંકાવી નક્ષત્ર લાવે છે. પણ ગણતાં વાર લાગે ને ભુલ પડે તો વળી ફેર ગણવું. એમ કરતાં ઘણો વખત જતો રહે છે માટે આ પુસ્તકમાં ચોરસાં (કોષ્ટક) મુકેલાં છે તેમાં જોવાથી ઝટ માલમ પડશે. માટે તે જોઇ લેવાં.

હવે ઉપરના નિયમ પ્રમાણે ઘરનું જે નક્ષત્ર આવ્યું હોય, તેણે ઘરની નામરાશી જાણવી, તે નામરાશીને ઘરના ધણીની નામરાશી જોઈ પછી આઠ જે ગણ છે તેની મિત્રાઇ જોઇએ. તે આઠ ગણ દેવગણ, મનુષ્યગણ, ને રાક્ષસગણ એવા ત્રણ પ્રકારના છે તે જોવા.

## ગણ જોવાનો પ્રકાર.

स्वगुणे चोत्तमांप्रिति मध्यमा देव मानुष्येः ।
कलहो देव दैत्यानां मृत्यु मानुष राक्षसं ॥ ३३ ॥

અર્થ—ઘર તથા ઘરધણીનો એકગણ હોય તો ઉત્તમ પ્રીતી જાણવી તથા દેવ અને મનુષ્યનો હોય તો મધ્યમ પ્રીતી; વળી દેવ ને રાક્ષસનો હોય તો કલેશ કરાવે, અને મનુષ્ય અને રાક્ષસ હોય તો મૃત્યુ કરાવે. માટે વેરવાળા ગણ તજવા કહ્યા છે. ૩૩

## ગણનાં નક્ષત્ર.

मृगाश्विनी च रेवत्यां हस्त स्वाति पुनर्वसु ।
पुष्यनुराधा श्रवणं च नवैते देवतागुण ॥३४॥
क्रातिका मूलाश्लेषा मघा चीत्रा विशाखयोः ।
धनीष्टा शतभीषाश्च जेष्टादि राक्षसगुण ॥ ३५ ॥
भरणि त्रयपुर्वाषु उत्तरा त्रयमेवच ।
आरुद्रा रोहिणीश्चैव नवैते मानुष्यागुणा ॥ ३६ ॥

અર્થ—મૃગશીર, અશ્વની, રેવતી, હસ્ત, શ્વાતી, પુનર્વસુ, પુષ્ય, અનુ-

રાધા, શ્રવણ એ નક્ષત્ર દેવગણનાં છે. ૩૪. કૃતિકા, મૂળ, અશ્લેષા, મધા, ચીત્રા, બિશાખા, ધનીષ્ટા, શતભીષા, જેષ્ટા એ નવ નક્ષત્રો રાક્ષસગણનાં છે. ૩૫ ભરણી, પુર્વા ફાલ્ગુની, પુર્વાષાડા, પુર્વા ભાદ્રપદ, ઉત્રાફાલ્ગુની, ઉત્રાષાડા, ઉત્રાભાદ્રપદ, આરૂદ્રા, રોહીણી, એ નવ નક્ષત્રો માનુષ્ય ગણનાં છે. એ પ્રમાણે સતાવીશ નક્ષત્ર ને ત્રણ ગણ છે. દરેક ગણનાં નવ નવ નક્ષત્રો છે.

## નક્ષત્રની દિશામુખ જોવાનો પ્રકાર.

मघा मूल विशाखा च क्रतिका भरणि तथा ।
पुर्वात्रयं तथाश्लेषा अधोमुखा प्रकिर्त्तिता ॥ ३७ ॥
भू कार्यमग्निकार्यं च युद्धं विविधं क्षयेत् ।
यज्ञकुंड तडागं च वापि भूमि गृहाणि च ॥ ३८ ॥
दुतारंभे निधिस्थाप्य निधानो खननं स्तथा ।
गणितं जोतिषारंभ खातं बिल प्रवेशनम् ॥ ३९ ॥

અર્થ—મધા, મૂળ, વિશાખા, કૃતિકા, ભરણી, પુર્વા ફાલ્ગુની, પુર્વાશાઢા, પુર્વા ભાદ્રપદ, અને અશ્લેષા એ નક્ષત્ર અધોમુખ છે. ૩૭

એ અધોમુખ નક્ષત્ર કએ કએ ઠેકાણે લેવાં સારાં છે તે નિચે પ્રમાણે.

ભુંઈરૂં ખોદાવવું હોય, યુદ્ધને ઠેકાણે, ટાંકું, કુવો, તળાવ વિગેરે જળાશયનાં કામ કરાવવાં હોય ત્યાં ૩૮ દુત રમવાને સ્થાનકે, ભંડારના સ્થાનકે, જોતીષ્યનો આરંભ કરતી વખતે, ખાત કરવામાં, ગ્રહપ્રવેશમાં એટલે ઠેકાણે અધોમુખ નક્ષત્ર લેવું. ૩૯

## તિર્યક્ મુખા નક્ષત્ર.

अधोमुखानि कार्याणि तानि सर्वाणि कारयेत् ।
जेष्टाश्विनी रेवत्यां मृगशिर पुनर्वसु ॥ ४० ॥
अनुराधा तथा स्वाति हस्त चीत्रा तिर्यक्मुखा ।
नविनं वणिजं कार्यं सर्व बिजानि रोपयेत् ॥ ४१ ॥
वाहनानि हि यंत्राणि दमनं च विनिर्दिशेत् ।
अश्व गजं च उष्ट्रं च वृषभं महिषं खरं ॥ ४२ ॥

दमनं कृषि वाणिज्यं गमनं क्षौरकर्मणी ।
अन्हर्व चक्र यंत्राणि शकटानां च वाहनं ॥ ४३ ॥

અર્થઃ—જેષ્ઠા, અશ્વની, રેવતી, મૃગશીર, પૂનર્વસુ, અનુરાધા, સ્વાતી, હસ્ત, ચીત્રા એ નવ નક્ષત્ર તિર્યક્મુખાં છે. ૪૦ તેમાં નિચે લખ્યા પ્રમાણે કાર્ય કરવા.

નવીન વાહનમાં, યંત્ર કરવામાં, ઘોડા જોડવામાં, ઘોડા, હાથી, ઉંટ, બળદ, ગધેડાં, પાડા ઇત્યાદિ લાવવામાં તથા ~~વાહન કરવામાં,~~ કોઇને પિડાવામાં, ખેતી કરવામાં, વેપાર કરવામાં, ગમન કરવામાં, ક્ષૌર કરાવવામાં, ( વાળવડા કરવામાં ) ધાણી દાટવામાં, વા ચલાવવામાં, ગાડાં જોડવામાં, એટલાં વાંનાં જો તિર્યક્ મુખા નક્ષત્રમાં કરે તો સારૂં ફળ આપે. ૪૧–૪૨–૪૩

## અધો મુખાં નક્ષત્ર.

तिर्यक्मुखानि कार्याणि तानि सर्वाणि कारयेत् ।
पुष्याद्रा श्रवणं चैव उत्रा त्रयमेव च ॥ ४४ ॥
रोहिणि शतभिषा च धनिष्टा उर्द्धवक्रयो ।
प्रासाद तोरणं कार्यं कृषि चैव समारभेत ॥ ४५ ॥
पट्टाभिषेकं रंभा प्रासादं च ध्वजं क्षयेत् ।
उर्द्धवक्राणि कार्याणि तानि सर्वाणि कारयेत् ॥ ४६ ॥

અર્થઃ—પુષ્ય, આર્દ્રા, શ્રવણ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાશાડા, ઉત્તરાભાદ્રપદ, રોહિણી, શતભીષા, ધનેષ્ઠા એ નવ નક્ષત્ર ઉર્દ્ધમુખાં છે.

એ નક્ષત્રમાં પ્રાસાદ ( હવેલી, દેહેરૂં ) કરવામાં, તોરણ કરવામાં, ખેતી કરવામાં, તથા રાજાને પટ્ટાઅભિષેક કરવામાં પ્રાસાદની ધ્વજા ચડાવવામાં ઇત્યાદિ કામમાં ઊર્દ્ધવક્ર નક્ષત્ર લેવાં. ૪૪–૪૫–૪૬

## ઘરની રાશી કાઢવાની રીત.

गृह क्षेत्रश्च नक्षत्रं षष्टीभी गुणितं तथा ।
पंचत्रिंशत शते भागं शेषं भुमिमेषादयः ॥ ४७ ॥

અર્થ—ઘરનું અશ્વની આદિ જે નક્ષત્ર આવ્યું હોય, તે આવેલા નક્ષત્રને ૬૦ ) ગણીને એકસોને પાંત્રીશે ( ૧૩૫ ) ભાગીએ ને ભાગ જતાં જે શેષ રહે તે ઘરની રાશી જાણવી. ૪૮

## નક્ષત્રની રાશિ જાણવાનું.

अश्विन्यादिं त्रयं मेषे सिंहे प्रोक्तं मघात्रयं ।

मुलादि त्रातियं चापि शेषेषू नव राशिनाम् ॥ ४८ ॥

અર્થ—અશ્વની, ભરણી, કૃતિકા આ ત્રણ નક્ષત્રની મેષ રાશિ જાણવી ને મઘા, પુર્વા ફાલ્ગુની, ઉત્રા ફાલગુની આ ત્રણ નક્ષત્રની સિંહ રાશી જાણવી. અને મુળ, પુર્વાફાલગુની, ઉત્રા ફાલ્ગુની આ ત્રણ નક્ષત્રની સિંહ રાશી જાણવી. અને મુળ, પુર્વાશાઢાને ઉત્રાશાઢા આ ત્રણ નક્ષત્રની ધન રાશી જાણવી. બાકીનાં જે નક્ષત્ર છે તે નવ રાશિનાં છે એટલે રોહિણી, મૃગશીર, વૃષભ રાશિનાં, આરૂદ્રા ને પુનર્વશુ મીથુન રાશિનાં છે; પુષ્પ ને અશ્લેષા કરક રાશિનાં હસ્ત ને ચીત્રા કન્યા રાશિનાં છે, શ્વાતી ને વિશાખા તુળા રાશિનાં છે, અનુરાધા ને જેષ્ટા વૃશ્ચીક રાશિનાં છે. ઊત્રા ભાદ્રપદ ને રેવતી મીન રાશિનાં છે. એ પ્રમાણે નક્ષત્રની રાશિ સમજવી. ૪૮

ઘરના ચંદ્રનું ફળ લેવાનું.

क्रतिकादि ससतस पुर्वाद्या च प्रदक्षिणा ।

अष्टाविंशाति मुक्तानां तत्र चंद्र मुनिहरेत् ॥ ४९ ॥

અર્થ—કૃતિકા આદિ લેઇ સાત નક્ષત્ર ઘરની પૂર્વમાં દેવાં, શ્રષ્ટીક્રમ પ્રમાણે પછી મઘા આદિ લેઇ સાત નક્ષત્ર દક્ષિણમાં દેવાં, પછી અનુરાધા આદિ લેઇ સાત નક્ષત્ર પશ્ચિમમાં મુકવાં, પછી ધનીષ્ટા આદિ લેઈ સાત નક્ષત્ર ઉત્તરમાં મુકવાં, એમ ચારે દિશામાં અઠાવી નક્ષત્ર મુકીને ચંદ્રમાનું ઘર, ઘરના વિશે જોવું. ૪૯

ચંદ્રનાં ફળ.

अग्रेतो हरते आयु पृष्टतो हरतेधनं ।

वाम दक्षिणादिशश्चंद्र धनधान्य प्रद स्म्रतः ॥ ५० ॥


અર્થ—ઘરનું ઉત્પન્ન થયેલું નક્ષત્ર જે દિશામાં આવે તે દિશામાં ચંદ્રનું ઘર છે એમ સમજવું. પણ તે ચંદ્ર ઘરની પાછળ આવે તો હાની કરે. તથા ઘરના સામે આવે તો ઘરના આયુષ્યનો ક્ષય કરે, અને ઘરનીજ જમણી તરફ અથવા ડાબી તરફ આવે તો શ્રેષ્ટ છે, ધન ધાન્યને આપવાવાળો છે એમ સમજવું.

અર્થ—~~દેવમંદીર અને રાજાના ઘરની સામે ચંદ્ર~~ આવે તો ~~શ્રેષ્ટ છે~~, શ્રીમંત માણસને ઘેર સામો દેવો નહીં. ૪૮

प्रासादे राजवेश्मेतु चंद्रो दद्यातहि अग्रतः ।

अन्येषां न दातव्यं श्रीमतादि गृहेषु च ॥ ५१ ॥

## ઘરનું કોષ્ટક.




## ખડાષ્ટક જોવાનું.

**सप्तमे उत्तमा प्रिती षडाष्टके मरणंध्रुवं ।**
**नव पंचे च सामान्यं सुखदं दशचतुर्थके ॥ ५२ ॥**
**त्रतिय एकादशि मैत्री द्वितिये द्वादशे रिपु ।**
**एवं षट विधोक्तव्यं पुरवेश्मनि परस्परं ॥ ५३ ॥**

અર્થ—જો ઘર અને ઘરના સ્વામિનો સાતમો ચંદ્ર અથવા અંક આવે, તો શ્રેષ્ઠ છે. ને એકનો ૮ અને એકનો ૬ આવે, તો તે ખડાષ્ટક કહેવાય; તે મૃત્યુ કરે, એકનો ૯ ને એકનો ૫ આવે, તો સામાન્ય ફળ આપે. એકનો ૧૦ અને એકનો ૪ હોય તો સુખ કર્ત્તા છે. ત્રણ ૩ અને ૧૧ હોય તો મૈત્રી છે. જો ૨ અને ૧૨ હોય તો શત્રુભાવને આપે. તે શિવાય બાકીના અંક આવે તો સમાન ભાવને આપનાર છે. તેની પૂરેપૂરી સમજણ પડવા માટે નીચે કોષ્ટક કરેલું છે તેમાં જોવું. ૫૨–૫૩.

# ઘર તથા ઘરધણીની રાશી ઉપરથી ઇષ્ટ અનીષ્ટ ષડાષ્ટક સમજવાનું કોષ્ટક.

ક.

| | | | નામ અક્ષર. | અ લ ઈ | બ વ ઉ | ક છ ઘ | ડ હ | મ ટ | પ ઠ ણ | ર ત | ન ય | ભ ધ ફ ઢ | જ ખ | ગ સ | દ ચ ઝ થ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘરનાં નક્ષત્ર. | | | રાશી | મે. | વૃ. | મિ. | કર્ક. | સિંહ. | કન્યા. | તુળા. | વૃશ્ચિક. | ધન. | મકર. | કુંભ | મીન. |
| ૧ | ૨ | ૩ | મે. | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ | મરણ | પ્રીતી | મરણ | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ્ર |
| ૪ | ૫ | ૦ | વૃ. | દરીદ્ર | ઇષ્ટ | દરિદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ | મરણ | પ્રીતી | મરણ | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ |
| ૬ | ૭ | ૦ | મિ. | શ્રેષ્ઠ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ | મરણ | પ્રીતી | મરણ | કલેશ | શ્રેષ્ઠ |
| ૮ | ૯ | ૦ | કર્ક. | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ | મરણ | પ્રીતી | મરણ | કલેશ |
| ૧૦ | ૧૧ | ૧૨ | સિંહ. | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ | મરણ | પ્રીતી | મરણ |
| ૧૩ | ૧૪ | ૦ | કન્યા | મરણ | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ | મરણ | પ્રીતી |
| ૧૫ | ૧૬ | ૦ | તુળા | પ્રીતી | મરણ | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ | મરણ |
| ૧૭ | ૧૮ | ૦ | વૃશ્ચિ | મરણ | પ્રીતી | મરણ | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ધ. | કલેશ | મરણ | પ્રીતી | મરણ | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ |
| ૨૨ | ૨૩ | ૦ | મકર. | શ્રેષ્ઠ | કલેશ | મરણ | પ્રીતી | મરણ | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર | શ્રેષ્ઠ |
| ૨૪ | ૨૫ | ૦ | કુંભ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ | મરણ | પ્રીતી | મરણ | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ્ર | ઇષ્ટ | દરીદ્ર |
| ૨૬ | ૨૭ | ૦ | મીન. | દરિદ્ર | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | કલેશ | મરણ | પ્રીતી | મરણ | કલેશ | શ્રેષ્ઠ | શ્રેષ્ઠ | દરીદ્ર | ઇષ્ટ |

ગ. ન.

## કોષ્ટક સમજવાની રીત.

આ કોષ્ટકમાં અ, આદિ લેઇને બાર રાશિમાંના ૩૨ અક્ષર મૂકેલા છે, તેમાંથી ઘરધણીનો અક્ષર શોધી કહાડવો, અને તે અક્ષરોની નીચે બાર રાશિના કોઠા છે તેમાં જે અક્ષરની નીચે જે જે રાશિનો કોઠો હોય તે તે અક્ષરોની રાશી સમજવી. અને તે રાશિના કોઠાની ડાબી બાજુએ નક્ષત્ર આપેલાં છે, તેમાંથી ઘરનું જે નક્ષત્ર આવ્યું હોય તે શોધી કાહાડવું અને તેજ નક્ષત્ર સમજવું. ઘરધણીની રાશિથી નીચે ઉતરતાં તથા ઘરની રાશીથી જમણી તરફ વધતાં જ્યાં એક કોઠો મળે ત્યાં જે ફળ મૂકેલું હોય તે તેનું ફળ જાણવું.

## ઉદાહરણ.

કોઇ એક ઘરધણીનું નામ ભગવાનદાસ છે, તો તે નિશાની ક, વાળા કોઠામાં જોતાં ભ, અક્ષર તેનો પહેલો થયો તો તેની ધનરાશિ થઇ. હવે તેના ઘરનું ૧૩ મું નક્ષત્ર રાખેલું છે તે દેવગણું છે તે નિશાની ગ, વાળા કોઠામાં જોતાં તે નક્ષત્રની કન્યારાશિ થઇ, હવે તે ઘરધણીની રાશી અને ઘરની રાશી બને વધારી નિશાની ન, ની હારના કોઠાઓમાં સીધી લીટીએ મેળવતાં શ્રેષ્ઠ ફળ આવે છે માટે તે ઘર સારૂં ફળ આપે, એવી રીતે દરેક રાશીનાં ઇષ્ટ અનિષ્ટ મેળવવાં.

---

### રાશીના સ્વામીની સમજણ.

**मेषवृश्चिकयोर्भौम शुक्रोवृषतुलाधिप ।**
**बुधकन्यामिथुनप्रोक्ता कर्कः स्वामीचंद्रमा ॥ ५४ ॥**
**सिंहस्याधिपतिसूर्य धन्वमिनाधिपोगुरु ।**
**मकर कुंभाधिपोमंद एतेराशिधिपास्मृतां ॥ ५५ ॥**

મેષ તે વૃશ્ચિકનો સ્વામી મંગળ, વૃષભ ને તુળાનો સ્વામી શુક્ર, કન્યા અને મિથુનનો સ્વામી બુધ, કર્કનો સ્વામી ચંદ્રમા છે. ॥ ૫૪ ॥ અને સિંહ રાશિનો સ્વામી સૂર્ય ( રવિ ) છે, ધન તથા મીનનો સ્વામી ગુરૂ છે, અને મક્કર, તથા કુંભનો સ્વામી શનિશ્ચર છે. એ પ્રમાણે બાર રાશિના સ્વામી સાતવાર છે. તે ઘર કરતી વખતે જોવાના છે. ૫૫

शत्रु मंदसितौसमश्च शशिनो मित्राणिशेषा ग्वे ।
स्तीक्ष्णांशुर्हिमरश्मिजश्चसुहृदौ शेषः समाः शीतगोः ॥
जीवेन्दुष्णकराः कजस्य सुहृदो ज्ञोरीः सितार्कीसमौ ।
मित्रे सूर्यसितौ बुधस्य हिमगुः शत्रुः समाश्चापरे ॥ ५६ ॥
सूरेसौम्यसितावरी रविसूतौ मध्योपरेत्वन्यथा ।
सौम्यार्कीसुहृदोसमौ कुजगुरु शुक्रस्यशेषावरी ॥
सुक्रज्ञौसुहृदौसमःसुरगुरुः सौरस्यचान्येरयो ।
येप्रोक्ताःस्वत्रिकोणभादिषु पुनस्तेमीमयाकीर्तिनाः ॥ ५७ ॥

અર્થ—સૂર્ય, શનિ અને શુક્ર શત્રુ છે, બુધ સમ છે. મંગળ, ગુરૂ અને ચંદ્ર મિત્ર છે.

ચંદ્ર સૂર્ય, અને બુધ મિત્ર છે, મંગળ, ગુરૂ, શુક્ર અને શનિ સમ છે. મંગળ, સૂર્ય, ચંદ્ર અને ગુરૂ મિત્ર છે, બુધ શત્રુ છે, શુક્ર અને શનિ સમ છે, બુધ, સૂર્ય શુક્ર એ મિત્ર છે. ચંદ્ર શત્રુ છે, મંગળ, ગુરૂ, શની સમ છે. ગુરૂ, બુધ અને શુક્ર શત્રુ છે અને શનિ સમ છે, સૂર્ય ચંદ્ર અને મંગળ મિત્રછે. ૫૬

શુક્ર, બુધ અને શનિ મિત્ર, મંગળ અને ગુરૂ સમ, અને સૂર્ય તથા ચંદ્ર શત્રુ છે.

શનિ, બુધ, શુક્ર મિત્ર છે, ગુરૂ સમ છે, સૂર્ય, ચંદ્ર અને મંગળ શત્રુ છે. ૫૭

એ રાશીના સ્વામિની સારી રીતે સમજણ પડવા સારૂં નીચે કોષ્ટક મૂક્યું છે, તેમાં જોવાથી માલમ પડશે.

## સ્વામિ જોવાનું કોષ્ટક.

| રાશી. | સ્વામિ | મિત્રભાવ. | શત્રુભાવ. | સમભાવ. |
|---|---|---|---|---|
| સિંહ. | સૂર્ય | ચંદ્ર, ગુરૂ | શુક્ર શનિ | બુધ |
| કર્ક | ચંદ્ર | સૂર્ય, બુધ | ૦ | ગુરૂ, શુક્ર, મંગળ, શનિ |
| મેષ વૃશ્ચિક, | મંગળ | સૂર્ય, ચંદ્ર, ગુરૂ. | બુધ | શુક્ર, શનિ. |
| મિથુન કન્યા | બુધ | સૂર્ય, શુક્ર | ચંદ્ર | મંગળ, ગુરૂ, શનિ |
| ધન મીન | ગુરૂ | સૂર્ય ચંદ્ર મંગળ. | બુધ, શુક્ર | શનિ |
| વૃષભ તુળા | શુક્ર | બુધ, શનિ | સૂર્ય, ચંદ્ર | મંગળ, ગુરૂ |
| મકર કુંભ | શનિ | બુધ, શુક્ર. | સૂર્ય, ચંદ્ર મગળ. | ગુરૂ. |

આ કોષ્ટકમાં ઘર તથા ઘરધણીની રાશીના સ્વામી જોવા ને તે જોતાં તે બંને ઇષ્ટ છે, શત્રુ છે કે સમ છે. જો શત્રુભાવ હોય તો તે ઘર કે પ્રસાદ કરવું નહીં ને સમ કે ઇષ્ટ હોય તો કરવું.

ઇતિશ્રી વાસ્તુશાસ્ત્ર શિલ્પદીપક ગ્રંથનું ૨ જું પ્રકરણ સમાપ્ત.

### વ્યય સમજવાનો પ્રકાર.

नक्षत्रंवसुभिर्भक्तं यत् शेषंतत् व्ययंभवेत् ॥
एकौकायस्यस्थानेषु व्ययमेव विधियते ॥ १ ॥

અર્થ—ક્ષેત્રનો લંબાઈ તથા પોહોળાઈનો ગુણાકાર કરતાં જે પીંડ (ગુણાકારનો) અંક આવે તેને સત્તાવીશે ભાગતાં જે શેષ વધે તે નક્ષત્ર અને તે નક્ષત્ર અંકને આઠે ભાગતાં શેષ રહે તે વ્યય સમજવો. આયને ઠેકાણે વ્યય પણ જોવો.

समव्ययपिशाचाश्च राक्षसश्चव्ययाकिकं ।
नेष्टंशुन्येशुभंज्ञेयं समेचसमता भवेत् ॥२॥
शांता प्रौरं प्रदोतव्या श्रीयानंद मनोहरा ।
श्रीवत्सा विभवश्चैव वितात्मक वयस्मृता ॥३॥
ध्वजेशांताशुभाप्रोक्ता नित्यंकल्याणकारका ।
भोगापुजाबलंनित्यं गतवादित्रसुरालये ॥४॥
धूम्रस्थानेयदाशांता धातुद्रव्यफलप्रदा ।
प्रौरंचासिंहस्थानेषु नित्यंभोगाश्रीयादिशं ॥५॥
प्राद्योतस्वानसंस्थाने नित्यंसुतस्यसौख्यदा ।
श्रीयानंदवृषभस्थाने सर्वकामफलप्रदः ॥६॥
मनोहरंखरंयोग्यं सर्वसंपात्तिदायकं ।
श्रीवत्संगजयोग्यंच गजसिंहबलाधिकं ॥७॥
बिभवंध्वांक्षमेवोक्तं सर्वकामफलप्रदिशेत ।
चिंत्यात्मकंवयमित्याह्न आयाष्टेषुविवर्जयेत ॥८॥

અર્થ—વ્યય એટલે ખરચ છે માટે ઘરના ધણીના આયથી વ્યયનો અંક ઓછો જોઇએ, જો આયનો અંક અને વ્યયનો અંક બરોબર (સમ) હોય તો તેને પિશાચ જાણવો. આયના અંકથી વ્યયનો અંક ન્યૂન (ઓછો) હોય તો તે લક્ષ્મીની પ્રાપ્તિ કરાવે. આયના અંકથી વ્યયનો અંક વધારે આવે તો તે રાક્ષસ જાણવો, માટે સમ અંક કે વધારે અંક મૂકવો નહીં ને જો ભૂલથી કોઈ ભૂકે તો તે ઘરમાં રહેનાર માણસ લક્ષ્મી ને પરીવારથી દુઃખી થાય ને વિનાશ કરે, કેવળ શૂન્યઆયને વ્યયનો અંક વધારે હોય તો હરકત નથી. ॥૨॥

એ વ્યય આઠ છે તેમનાં નામ બતાવીએ છીએ, ૧, શાંતા વ્યય, પ્રૌર

વ્યય, ૩, પ્રદોત વ્યય, ૪, શ્રીયાનંદ વ્યય, ૫, મનોહર વ્યય, ૬, શ્રીવત્સા વ્યય, ૭, વિભવ વ્યય, ૮, અને ચિત્તાત્મક વ્યય, એ આઠ પ્રકારના વ્યય છે ॥૩॥

ધ્વજાયના ભેળી શાંતાય સારી છે. ગીત ગાવાને સ્થાનકે, વાજીંત્ર વગાડવાના સ્થાનકે તથા દેવસ્થાને કલ્યાણ આપનારી છે. ॥૪॥

ધુમ્રાયની જોડે શાંતા હેવાથી ધાતુનો તથા દ્રવ્યનો લાભ કરે, સિંહાયની જોડે પ્રેર વ્યય હેવી તો લક્ષ્મી અને રૂડા ભોગ આપે ॥૫॥

શ્વાનાયની જોડે પ્રદોત હેવી તો પુત્ર પુત્રાદિકની વૃદ્ધિ કરે, વૃષભાયની જોડે શ્રીયાનંદ વ્યય હેવી તો સર્વે પ્રકારનું સુખ આપે. ॥૬॥

ખરાય ભેળી મનોહરા વ્યય હેવી તો સારૂં ફળ આપે, ગજાય ભેળી શ્રીવત્સા વ્યય હેવી તો ઉત્તમ ફળ આપે. ॥૭॥

ધ્વાંક્ષાયના ભેળી વિભવવ્યય સારી છે, ચિંતાત્મક વ્યય ત્યાગ કરવી તેમ આઠમી આય પણ વરજીત છે, એ પ્રમાણે આયની જોડે વ્યય સારી આવે તો સર્વે સંપત્તિનું સુખ આપે છે. ॥૮॥ તે વ્યય તથા આય સમજાવાની રીત ટીપણીમાં છે તે જોઈ લેવું.

## અંશક જાણવાનો પ્રકાર.

मूलराशैवर्ययंक्षेप्य गृहानामाक्षराणिच ।
त्रिभिरेवहरेद्भागं यच्छषंअंशकस्मृता ॥ ९ ॥

અર્થ—અંશક કાહાડવાની એવી રીત છે કે ઘરની જે મૂળરાશિનો અંક હોય ને તે અંકમાં વ્યય જે આવેલા હોય તે મેળવો અને તે બન્નેમાં ઘરના નામના અક્ષર મેળવવા, તે મેળવતાં જે અંક આવે તેને ત્રણે ભાગતાં જે શેષ રહે તે અંશક જાણવો. ૯

## ઉદાહરણ.

જુઓ કે ઘરની મૂળરાશિનો અંક ૧૨ મો છે ને વ્યય, ૩ જો છે તો ૧૨+૩=૧૫ થયા તેમાં ઘરનું નામ સર્વ લાભ છે, તો તેના ૪ અક્ષર એ ચાર અક્ષર પંદરમાં મેળવવા એટલે –૧૫+૪=૧૯ થયા તેને ૪ ભાગતાં શેષ ૧ વધ્યો માટે તેનો પેહેલો ઇંદ્રાંશ આવ્યો એ પ્રમાણે સર્વે કામને વિષે ગણી લેવો અને ટીપણીમાં જોવાથી સેહેજ માલમ પડશે.

## અંશક જોવાનું.

इंद्रोयमश्चराजश्च अंशकत्रयमेवच ।
त्रिप्रमाणंत्रिधोक्तव्यं श्रेष्टमध्यकनिष्टीकः ॥ १० ॥
प्रासादेप्रतिमालिंगे जगतिपिठमंडपे ।
वेदीकुंडशुचीश्चैव इंद्रोद्वजपताकयोः ॥ ११ ॥
स्वर्गाद्याभोगसंयुक्ता नृत्यगीतमहोत्सवे ।
अन्येषुशुभकार्येषु इंद्रांशव मिहोच्यते ॥ १२ ॥
क्षेत्रपालंभैरवस्यं बाणाधिकेतथैवच ।
ग्रहमात्रगणादेक यमांशकमिहोच्यते ॥ १३ ॥
वाणिज्यंविविधंचैव मद्यमांसादिकोद्भवः ।
आयुधानांसमस्तेषु यमांशकप्रदापयेत् ॥ १४ ॥
सिंहासनेचसय्यायां अश्वादिगजवाहने ।
राज्यौपस्कर्णहर्म्येषू राजांशकपुरादिषु ॥ १५ ॥

અર્થ—અંશક ત્રણ છે, ૧ ઇંદ્રાંશ ૨ યમાંશ, ૩ રાજાંશ, એ ત્રણેનાં જે પ્રમાણે નામ છે તેવાજ તેના ગુણ છે એમ જાણવું. ઉત્તમ ઇંદ્રાશક, કનિષ્ટ યમાંશક, મધ્યમ રાજાંશક. ૧.

~~પ્રાસાદને~~ વિષે, ~~પ્રતિમાને,~~ માહાદેવના લિંગને, પીઠ મંડપે, વેદીને, કુંડને, સરૂવાને, ~~ધ્વજાને, પતાકાને~~ વિષે ઇંદ્રાંશક દેવો. ૧૧

સુખ ભોગવવાને ઠેકાણે, નાટકના સ્થાને, ગીત ગાવા, ઉત્સવ ~~કરવાને સ્થા~~ને ઇત્યાદિ શુભ સ્થાને ઇંદ્રાંશ દેવો સારો છે. ૧૨

ભૈરવ, ક્ષેત્રપાળ, શીકોતર નવગ્રહના દેરામાં, માત્રિકાના દેહરામાં, યમાંશક દેવો સારો છે. ૧૩

વેપાર નિમિત્ત ઘર વિષે, કલાલને ઘેર, ખાટકીને ઘેર, હથિયાર રહેવાનાં સ્થાન ઇત્યાદિ ઠેકાણે યમાંશક દે તો સારો છે. ૧૪

સિંહાસને, સજ્યાએ, ઘોડારમાં, હાથીશાળામાં, રાજસામગ્રી રહેતી હોય ત્યાં, રાજકાજ ચલાવવાને ઠેકાણે, અને નગરને વિષે રાજાં શક દેવો સારો છે. ૧૫

## નવ તારાની સમજ.

यत्वद्गृहर्क्षं गणयत्स्वधिष्ण्या
ताराविभक्ते नवभिश्च शेषा ।।
त्रुधस्तृतिया सकलेषू वर्ज्या
या पंचमि सप्तमिका न शस्ता ।। १६ ।।

અર્થઃ—ઘરધણીના જન્મનું જે નક્ષત્ર હોય તે નક્ષત્રથી ઘરનું જે નક્ષત્ર આવ્યું હોય, ત્યાં સુધી ગણતાં જેટલા અંક આવે; તે અંકોને નવે ભાગતાં, જે શેષ રહે, તેટલામી તારા સમજવી. એ નવ તારાઓમાંથી ત્રીજી, પાંચમી, અને સાતમી તારા સારી નથી, માટે ડાહ્યા માણસે ત્યાગવી, અને બાકી રહેલી સર્વે શ્રેષ્ઠ છે. ( ૧–૨–૪–૬–૮–૯ એટલી શ્રેષ્ટ છે ) એમ જાણવું.

शांता मनोहरा क्रूरा विजया च कुलोद्भवा ।
पद्मिनि राक्षसि बाला आनंदा नवमी स्मृता ।।१७।।

અર્થઃ—શાંતા, મનોહરા, ક્રૂરા, વિજયા, કુલોદ્ભવા પદ્મિની, રાક્ષસી, બાળા, અને આનંદા એ નવ તારાંઓ છે. વળી કોઈ મતમાં આઠમી તારાને વિરા પણ કહે છે. એ નવેને ગણવાની રીત નીચે પ્રમાણે છે.

## ઉદાહરણ.

ઘરધણીના નામનું. ૪, થુ નક્ષત્ર રોહીણી છે અને ઘરનું નક્ષત્ર ૨૧ મું ઉત્રાષાઢા છે, તો તે બે વચેના અંક ગણતાં ૧૮ નો અંક આવ્યો તેને નવે ભાગતાં શેષ, છ, વધ્યા માટે તે નવમી તારા આનંદ આવી. એ રીતે સરવે તારાએ ઘરધણી તથા ઘરના આવેલા નક્ષત્ર ઊપરથી ગણાય છે. તે સમજી લેવું.

## તારા ગણવાનું કોષ્ટક.

ન

| | ઘરનાં નક્ષત્ર. | | ઘરધણીનાં નક્ષત્ર | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ |
| | | | | ૨૭ | ૨૬ | ૨૫ | ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | ૧૯ |
| | ૧૯ | ૧૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ |
| | ૨૦ | ૧૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ |
| ક | ૨૧ | ૧૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ |
| | ૨૨ | ૧૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ |
| | ૨૩ | ૧૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | ૨૪ | ૧૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | ૨૫ | ૧૬ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૨૬ | ૧૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | ૨૭ | ૧૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

હવે આપણે ધારીએ કે, ઘરધણીનું (૨૨) મું નક્ષત્ર અને ઘરનું ૧૭મું નક્ષત્ર છે; તો તે ઘરની કઇ તારા થઇ. નિશાની, ક. વાળા કોઠામાં ૨૨, મો અંક છે ને નિશાની ન, વાળા કોઠામાં ૧૭ નો અંક છે. તે બન્નેને એક સીધી લીટીમાં ભેળા કરીએ તો, ૬, તારા પદ્મિની નામની આવી. તે પ્રમાણે સર્વે નામને વિશે તારા ગણી લેવી જોઇએ.

## હોડા ચક્ર ઉપરથી ઘરધણીના નામનું નક્ષત્ર કહાડવાની સમજ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આશ્વની | ચુ, ચે, ચે, લા. | ૧૦ | મઘા. | મ, મી, મુ, મે. | ૧૯ | મૂળ. | જે, જો, ભ, ભી. |
| ૨ | ભરણી | લી, લુ, લે, લો. | ૧૧ | પુ. ફા. | મો, ટા, ટી, ટુ. | ૨૦ | પુ. ષા. | ભુ. ધ, ફ, ઢ |
| ૩ | કૃતિકા | અ, ઇ, ઉ, એ. | ૧૨ | ઉ. ફા. | ટે, ટો, પ, પા. | ૨૧ | ઉ. ષા. | ભ, ભા, જ, જી. |
| ૪ | રોહણી | ઓ, વા, વી, વુ. | ૧૩ | હસ્ત. | પુ, ષ, ણ, ઠ. | ૨૨ | શ્રવણ. | ખી, ખુ. ખે, ખો. |
| ૫ | મૃગશાર | બ, બો, કે, કી. | ૧૪ | ચત્રિા. | પે, પો, ર, રી. | ૨૩ | ધનીષ્ટા | ગ, ગ, ગુ, ગે, |
| ૬ | આરદ્રા | કુ, ઘ, ઙ, છ. | ૧૫ | સ્વાતી. | રૂ, રે, રો, તા. | ૨૪ | સતભી. | ગો, સા, સી, સૂ. |
| ૭ | પુનર્વસુ | કે, કો, હ. હી. | ૧૬ | વીશાખ. | તી, તુ, તે, તો. | ૨૫ | પુ. ભા. | સે, સો, દ, દા. |
| ૮ | પુશ્ય | હુ, હે, હો, ડા. | ૧૭ | અનુરા. | ન, ની, નુ, ને. | ૨૬ | ઉ. ભા. | દુ, ષ, ઝ, થ. |
| ૯ | અશ્લેષા | ડી, ડુ, ડે, ડો. | ૧૮ | જ્યષ્ઠા. | નો, ય, યી, યુ. | ૨૭ | રેવતી. | દે, દો, ચ, ચી, |

આ કોષ્ટકમાં જોવાથી ઘરધણીના નામનું નક્ષત્ર માલમ પડશે તે સમજી લેવું

### ઘરના અધિપતિની સમજ

यद्वाय व्यय संयोगे यदैक्यं वसुभिभजेत् ।
शेषस्त्वाधिपतिः केचिन्विषमः सभयावह ॥ १८ ॥

અર્થ—ઘરની આવેલી આય નેવ્યયના અંકનો શરવાળો કરવો તેનો જે અંક આવે તેને આઠે ભાગવો પછી જે શેષ જે અંક રહે તે, તે ઘરનો અધિપતિ જાણવો. એ ~~અધિપતિ એકી આવે તો ખરાબ~~ અને એકી આવે તો વિષમભાવને આપનાર જાણવો. ૯

विक्रतः कर्णकश्चैव धुम्रदो वितथस्वरः ।
विडालो दुन्दुंभिश्चैव दान्त कांतोऽधिनायक ॥ १९ ॥

અર્થઃ—એ અધિપતિ આઠ છે, તેનાં નામઃ—૧ વિકૃત, ૨ કર્ણક, ૩ ધુમ્રદ, ૪ વિતથસ્વર, ૫ બીડાલ, ૬ દુન્દુભિ, ૭ દાંત અને ૮ કાંત એ આઠ પ્રકારના છે.

## ઘરના અધિપતિ સમજવાનું કોષ્ઠક.
### ઉંચાઇના અંકમાં.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૪ | ૨૩ | ૨૨ |
| | | | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૬ | ૧૫ | ૧૪ |
| | | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૭ | ૯ | ૧ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૮ | ૧૦ | ૨ | ૨ | ૪ | ૬ | ૮ | ૨ | ૪ | ૬ | ૮ |
| ૧૯ | ૧૧ | ૩ | ૩ | ૬ | ૧ | ૪ | ૭ | ૨ | ૫ | ૮ |
| ૨૦ | ૧૨ | ૪ | ૪ | ૮ | ૪ | ૮ | ૪ | ૮ | ૪ | ૮ |
| ૨૧ | ૧૩ | ૫ | ૫ | ૨ | ૭ | ૪ | ૧ | ૬ | ૩ | ૮ |
| ૨૨ | ૧૪ | ૬ | ૬ | ૪ | ૨ | ૮ | ૬ | ૪ | ૨ | ૮ |
| ૨૩ | ૧૫ | ૭ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૮ |
| ૨૪ | ૧૬ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ |

અ

ગ

## કોષ્ટકની સમજણ.

કોઇ એક ઘર કે આસાહની ઉંચાઇમાં ગજ અને આંગળ તેમાં ગજને બીલકુલ સબુના નહીં, પણ ગજ ભરતાં આંગળ આવ્યા ન હોય તો પેલા આવેલા ગજમાંથી ૧, ગજ લેઇ તેના ૨૪, આંગળ કરવા ને પછી તે અંક કોષ્ઠકમાંથી શોધી કહાડવો અને અક્ષેત્રફળનો અંક પણ તેમાંથી શોધી કહાડવો એ બંને અંકની સીધી લીટી ભેળી કરતાં જે અંક ઉપર ભેગી થાય તે અધિપતિ જાણવો.

## ઉદાહરણ.

કોઇ એક ઘરની ઉંચાઇ ૨૧ ગજને ૧૩ આગળ છે તેની નિશાની ગ, વાળા કોઠામાંથી તેર (૧૩) અંક શોધી કહાડવો અને અક્ષેત્રફળનો અંક ૨૪ આંગળ છે તે નિશાની અ, વાળા કોઠામાંથી શોધી કહાડવો. તે બન્ને ઉભી ને આડી લીટીઓ ભેળી કરતાં, ગ, વાળા કોઠામાં મળી માટે તેનો ૮ મો અધિપતિ કાંત થયો તે સારો છે.

## અધિપતિના વર્ગ.

અ, ઇ, ઊ, એ, નો (૧) ગરૂડ, વર્ગ. (૧) ગરૂડ અને સર્પને વેર છે.

ક, ખ, ગ, ઘ, ઙ નો (૨) બીડાલ, વર્ગ.
ચ, છ, જ, ઝ, ઞ, નો (૩) સિંહ, વર્ગ.
ટ, ઠ, ડ, ઢ, ણ, નો (૪) શ્વાન, વર્ગ.
ત. થ, દ, ધ, ન, નો (૫) સર્પ વર્ગ.
પ, ફ, બ, ભ, મ, નો (૬) મૂષક વર્ગ.
ય, ર, લ, વ, નો (૭) મૃગ, વર્ગ.
શ, ષ, સ, હ, નો (૮) મેષ, વર્ગ.

(૨) બીલાડા અને મૂષકને વેર. (૩) સિંહ અને મૃગને વેર. (૪) શ્વાન અને, મેષને વેર. એમ અન્યોઅન્ય વેર છે તે ઉલટ-સુલટ વેર સમજવાં, ઘર તથા ઘર-ધણીને વર્ગવેર હોય તે હમેશાં તજવાં નીકર મૃત્યુ કરાવે અને ઉપર લખ્યાથી જો ઉલટા વર્ગ હોય; જેમકે ઘરધણીનો ગરૂડ અને ઘરનો સર્પ-ણીનો વર્ગ હોય તો ઘરધણીને દારિદ્ર તથા દ્રવ્યની પીડા થાય, માટે વર્ગવૈર તજવા.

ઘર તથા ઘરધણીના વામના અક્ષર જોઇ વર્ગ શોધી લેવો તે ઉપર અ-કારાદિ પાંચ વર્ગ લખેલા છે તે જોવા.

## ઘરની ઉત્પત્તિ.

**नवघ्नं गृह नक्षत्रं रुद्रसंख्या समन्वितम् ।**
**पंचभिस्तु हरेत् भागं शेषमुत्पत्ति पंचधा ॥ २१ ॥**

અર્થઃ—ઘરના નક્ષત્રને નવગણું કરવાથી જે અંક આવે, તેમાં ૧૧ ઉમેરીએ, અને સરવાળાની જે સંખ્યા આવે, તેને પાંચે ભાગ દેતાં જે શેષ રહે; તેને પાંચ પ્રકારના ગરની ઉત્પત્તિ જાણવી. તે નીચેના કોષ્ટકમાં જોતાં માલમ પડશે.

ઘરનું નક્ષત્ર ૭ મું પુનર્વસુ હોય તો ભ, વાળા કોઠામાં જોઇ સાતનો અંક શોધી કહાડવો ને પછી ક, વાળા કોઠામાં જોવું તો ૪ નો અંક ધનપ્રાપ્તિ ઘરની ઉત્પત્તિ આવી, એ પ્રમાણે સર્વે ઘરની સમજણ છે, તે કોષ્ટક જોવાથી સરવાળો કરવો પડતો નથી.

### સરળતાથી ઘરની ઉત્પત્તિ જોવાનું કોષ્ટક.

| | નક્ષત્રના અંક. | | | | | | ઉત્પત્તિના અંક. | ફળ. |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૬ | ૧૧ | ૧૬ | ૨૧ | ૨૬ | ૫ | પુત્રપ્રાપ્તિ, |
| ક | ૨ | ૭ | ૧૨ | ૧૭ | ૨૨ | ૨૭ | ૪ | ધનપ્રાપ્તિ. |
| | ૩ | ૮ | ૧૩ | ૧૮ | ૨૩ | | ૩ | સ્ત્રીપ્રાપ્તિ. |
| | ૪ | ૯ | ૧૪ | ૧૯ | ૨૪ | | ૨ | સુખપ્રાપ્તિ. |
| | ૫ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૫ | | ૧ | ઘણું દાન કરાવે. |

## યોનિવૈર સમજવાની રીત.

अश्वोऽश्विनी शत भयोर्भरणिपौष्ट्रमयोगजः ।
कृतिका पुष्ययो छाग रोहिणी मृगयोरहिः ॥ २२ ॥
श्वानो मूलार्दयोर्योनिः सर्पादित्यबिडालकः ।
पुर्वाफा मघयोराखु रुफोत्तरम भयोस्तुगोः ॥ २३ ॥
हस्तस्वात्योस्तु महिषी व्याघ्र चित्राविशाखयोः ।
जेष्टानुराधयो हरणः पुषाढा श्रवणे कपिः ॥ २४ ॥
उषाढाभिजितोर्बभ्रुः सिंहः पुभा धनिष्टयोः ।

અર્થ—અશ્વિની અને શતભીષાં એ બે નક્ષત્રની અશ્વની યોની છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ભરણી | ” | રેવતી | ” | ગજની | ” |
| કૃતિકા | ” | પુષ્ય | ” | અજની | ” |
| રોહિણી | ” | મૃગશીર | ” | સર્પની | ” |
| મૂળ | ” | આરદ્રા | ” | શ્વાનની | ” |
| આશ્લેષા | ” | પુનર્વસુ | ” | બીલાડાની | ” |
| પુર્વાફાલ્ગુની | ” | મઘા | ” | મૂષકની | ” |
| ઉત્રા ભાદ્રપદ | ” | ઉત્રાફાલ્ગુની | ” | ગાયની | ” |
| સ્વાતી | ” | હસ્ત | ” | મહીષની | ” |
| ચીત્રા | ” | વિશાખા | ” | વાઘની | ” |
| જેષ્ટા | ” | અનુરાધા | ” | મૃગની | ” |
| પુર્વાષાઢા | ” | શ્રવણ | ” | કપીની | ” |
| ઉત્રાષાઢા | ” | અભીજીત | ” | નકુળની | ” |
| પૂર્વાભાદ્રપદ | ” | ધનેષ્ટા | ” | સિંહની | ” |

એ ઉપર પ્રમાણે ઘર તથા ઘરધણીનું નક્ષત્ર ખોળી કહાડી પછી યોનિવૈર જોવાનો પ્રકાર જાણી લેવાનો છે.

**મેઢા વા મેષની યોનિને મરકટની યોનિ સાથે વૈર છે.**

| | | | |
|---|---|---|---|
| ગાયને | અને | વાઘને | ” |
| ગજને | અને | સિંહને | ” |
| શ્વાનને | અને | વાનરને | ” |
| સર્પને | અને | નોળવાને | ” |

| | | | |
|---|---|---|---|
| બીલાડાને | અને | મૂષકને | ” |
| મહીષને | અને | અશ્વને | ” |

ઉપર પ્રમાણે નક્ષત્રોની યોનિને પરસ્પર વૈર છે. તેથી વર, કન્યા, કે ઘર કે ઘરધણીને વૈરવાળી યોનિ ત્યાગ કરવી; કેમકે તે લેવાથી મૃત્યુ થાય છે. તે સમજણ ટીપણાંમાં જોઈ લેવી.

## નક્ષત્રનાં વૈર સમજવાની રીત.

वैरंचोत्तर फाल्गुनीश्वियुगले स्वाति भरण्येर्द्वयोः
रोहिण्युत्तरषाढयोः श्रुति पुनर्वस्वोर्विरोधस्तथा ॥
चित्राहस्त भयोश्च पुष्य फणिनो ज्येष्टा विशाखा द्वयोः ।
प्रासादे भवनासने च शयने नक्षत्रवैरं त्यजेत् ॥ २५ ॥

અર્થ–ઉત્તરા ફાલ્ગુની અને અશ્વિનીને પરસ્પર વૈર છે, સ્વાતી અને ભરણી એ બન્નેને વૈર છે, રોહિણી અને ઉત્તરાષાડા એ બન્નેને વૈર છે, શ્રવણ અને પુનર્વસુ એ બન્નેને વૈર છે, ચિત્રા અને હસ્ત એ બન્નેને વૈર છે, પુષ્યને અશ્લેષા એ બન્નેને વૈર છે, તથા જેષ્ટ અને વિશાખા એ બન્નેને વૈર છે. એમ પરસ્પર નક્ષત્રો વિષે વૈર છે, માટે ~~પ્રાસાદને વિષે~~, ઘર, આસન અને સજ્યા, ખાટલો, પલંગ, વિગેરે સુઇ રહેવાના સાધનોને વિષે ~~એ નક્ષત્રવેર તજવાનું શિલ્પશાસ્ત્રમાં કહેલું~~ છે.

## નક્ષત્રની નાડી સમજવાની રીત.

अश्विन्यादिकमत्रयं फणिनिभं चक्रंत्रिनाड्युत्रद्भवं ।
ह्येकस्थं वर कन्ययोश्च यदिभं तन्मृत्युदं चांशतः ॥
नाडी सेवक मित्रगेहपुरतश्चैकाशुभा सव्यथाः ।
आयादि त्रिक पंच सप्त नवभिस्त्वंगैर्गृहं सौख्यदम् २६ ॥

અર્થઃ-સર્પના (આકારે ત્રણ નાડીનું ચક્ર કરી તેમાં અશ્વિન્યાદિ ૨૭ ) નક્ષત્ર વેધકરવાં. તે સર્પનાડીના નવ ભાગ કરી, તે દરેક ભાગમાં ત્રણ ત્રણ નક્ષત્ર વેધવાં, તે સર્પાકૃતિ ચક્રમાં એક નાડીમાં વર અને કન્યાનાં નક્ષત્ર આવે તો તે મૃત્યુ કરે; માટે તે સારાં નથી. તેથી તે નક્ષત્રોના અંશ (નક્ષત્રભાગ વા ચરણ ) તજવા.

પણ સ્વામી અને સેવકને મીત્રને, અને ઘર અને ઘરના સ્વામીને

તેમજ નગર અને રાજાને એટલાઓનાં નક્ષત્રોનો એક નાડીમાં વેધ થાય તો સારો છે, વળી આગળ આ પુસ્તકમાં ઘરો વિષે આયાદિક નવ પ્રકાર જોવાના કહ્યા છે. પણ તેમાં વિશેષ કરી ત્રણ જોવા અથવા પાંચ સાત કે નવ પ્રકાર જોઇ ઘર કરે તો ઘર કરનાર ઘણી સુખી થાય. ૨૬

ઘર વિષે સારો નરસો પ્રવેશ જોવાની રીત.

प्रवेशः प्रतिकायको करुणदिग्वक्त्रो भवेत्सृष्टितो ।
वामावर्त्त उदाहृतो यमसुखे सौ हीनबाहुर्बुधैः ॥
उत्संगो नरवाहनाभिवदनः श्रष्टयायथानिर्मितः ॥
प्राग्वक्त्रोपि च पुर्णबाहु रुदितो गेहे चतुर्द्धापुरे ॥ २७ ॥

અર્થ—જે ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય, તેમાં પૂર્વ સામે પ્રવેશ કર્યા પછી હરકોઈ દિશાથી જમણા હાથ તરફ નમીને ચલાયા તે શ્રૃષ્ટીમાર્ગ અને ડાબા હાથ તરફ નમીને ચાલ્યા તે સંહારમાર્ગ કહેવાય; માટે સૃષ્ટિમાર્ગે પાછું પશ્ચિમમાં વાસ્તુઘરમાં પ્રવેશ કરાય તો તેનું નામ પ્રતિકાઇક, પ્રવેશ કહ્યા છે. જે ઘરનું મુખ દક્ષિણ સામે હોય તેમાં પ્રવેશ કરી ડાબી તરફ નમી વાસ્તુઘરમાં પ્રવેશ કરવામાં આવે તો તે પ્રવેશનું નામ હીનબાહુ કહેવાય. વળી પંડીતોએ મતાંતરે કહ્યું છે કે જે ઘરનું મુખ ઉત્તરમાં હોય તે ઘરમાં શ્રૃષ્ટિ માર્ગે થઈ વાસ્તુઘરમાં પ્રવેશ કરવામાં આવે તો તેનું નામ ઉત્સંગ પ્રવેશ કહેવાય. અને જે ઘરનું મુખ્ય પૂર્વે દિશામાં હોય તેમા પ્રવેશ કરી વાસ્તુ ઘરમાં પણ સન્મુખ પ્રવેશ કરવામાં આવે તો તેનું નામ પુર્ણબાહુ નામ છે એ રીતે ચાર પ્રકારના પ્રવેશ કહ્યા છે. તેજ પ્રમાણે નગરના પણ ચાર પ્રકારના પ્રવેશ સમજવા. ૨૭

ખડકીના બારણા વિષેની સમજણ.

द्वराग्रे खटकीमुखं च तदधोद्वाः षोडशां शाधिकं ।
सर्व वा शुभमिच्छता च सततं कार्यंतु पद्मादधः ॥
तन्नुनं न शुभं तुला तलगतं कुक्षौ तथा पृष्ठगं ॥
काष्ठं पंचक एवनीतमहितं यन्मूल पूर्वोत्तरं ॥ २८ ॥

અર્થ—ઘરના બારણા આગળ ખડકીનું બારણું કરવું હોય તો તેની કરવાની એવી રીત છે કે, ઘરના બારણાનો જેટલો ઉદય હોય તેટલા ઉદયમાંથી સોળમો અંશ ( ૧૬ મો ભાગ ) ખડકીના બારણામાં ઊમેરી ગણતાં જેટલું

થાય તેટલા ઉદયવાળું ખડકીનું બારણું કરવું.

ખડકીના બારણાનો ઉદય વધારવો એમ કહ્યું છે તે એવી રીતે વધારવો કે ખડકીના ઉદયના ભાગમાં નહીં, પણ ખડકીના બારણાના નીચેના ભાગમાં વધારવાનું કહ્યું છે તેમ જાણવું. અર્થાત્ ઘરના બારણાનો ઉત્તરંગ ને ખડકીના બારણાનો ઊત્તરંગ એ બેનો એકજ સૂત્રમાં ઊદય હોવો જોઇએ. પણ ઘરના બારણાના ઉંબરાથી ખડકીના બારણાનો ઉંબરો નીચે રાખવામાં આવે છે માટે તે નીચાઇના ભાગમાં સોળમો અંશ ( ભાગ ) વધારવો, તો પણ ઘરના બારણાના ઉંબરાથી ખડકીનો ઉંબરો નીચોજ હોવો જોઇએ.

મનુષ્યો પોતાનું શુભ ઇચ્છે તો ઘરના બારણાનાં કામો પાટડાથી નીચે રાખવાં; પણ તુળા તળઘટ એટલે ગમે તે દ્વાર પાટડાના તળાંચાથી ઉંચું લેવું નહીં. અને જતે મુખ્ય શાળાના દ્વારની ઉંચાઇથી બીજાં સરવે બારણાંના ભાગ (ઊંબરાથી) નીચા રાખવા; તેમજ કુક્ષ (કુખ) અને પાછળના ભાગ પણ વધારે કમી કરતાં સરખાં દ્વારો રાખવાં જોઇએ અને ~~ઘરના કામમાં જોઈતાં બે બારણાં તે~~ પંચકમાં ~~ન લાવવાં તે વાસ્તુનાં મૂળ બે થડ તે ઘરના પૂર્વ અને ઉત્તરમાં~~ રાખવાં નહીં. ૨૯

## બારણા ઉપર બારણું મુકવા વિષે.

द्वारार्द्धे यद्द्वारमस्यप्रमाणं
संकिर्णं वा शोभनं नाधिकं तत् ॥
ह्रस्वद्वाराण्येव यानि पृथुनी
तेषां शिर्षाण्येकसुत्राणि कुर्यात् ॥ २९ ॥

અર્થ—ઘરના બારણા ઉપર બારણું મુકવું હોય તો તે ઘરના નીચેના બારણા પ્રમાણે કરવું, પણ નીચેના બારણા કરતાં તે ઉપરનું સાંકડું અને સુશોભિત કરવું. તેમજ નીચેના બારણાનાં મથાળાં સમસૂત્રે રાખવાં જોઇએ, નીચેના પ્રમાણે અને ઊપરના બારણાનાં મથાળાં ઊપર પ્રમાણે એક સૂત્રમાં રાખવાં.

## બારણું પુરવા વિષે.

सर्वद्वारं चीयमानं रुजायै
यद्वाह्रस्वं तत्करोत्यर्थनाशं ॥
गेहाद्यं यत्पूर्वं वास्तुरवरुपं
तेषां भंगान्नैव सौख्यं कदाचित् ॥ ३० ॥

અર્થ—તઈયાર કરેલાં બારણાં (મૂકેલામાંથી) કોઇ પણ બારણું ચણી (પૂરી) લેવામાં આવે તો તે ઘરનાં માણસોને રોગ પ્રાપ્તિ થાય, અને ખાલી ઘર કરતી વખતે જે પ્રમાણમાં બારણું મુકયું હોય તે ઉખેડી ન્હાનું કે મોટું કરાવે તો તેથી ધનનો નાશ થાય, એટલુંજ નહિ પણ તે ન્હાનું મોટું કરવાથી જે વાસ્તુનું પ્રમાણ ઘર કરતી વખતે બાંધ્યું હોય તે વાસ્તુનો ભંગ થાય, તેથી ઘર ધણીને કોઇ દહાડો સુખ આવે નહીં. ॥ ૩૧ ॥

### બારણા વેધ.

द्वारं विद्धमशोभनं च तरुणा कोण भ्रमस्तंभकैः ॥
कूपेनापि च मार्ग देवभवनैर्विद्धं तथा कीलकैः ॥
उच्छ्रायात् द्विगुणां विहायपृथिवी वेधो न भित्यंतरे ।
प्राकारांतर राजमार्गपरतो वेधो न कोणद्वये ॥ ३१ ॥

અર્થ—કોઈ ઘરના બારણામાં ઝાડનો, સામા ઘરના ખુણાનો, ઘાણીનો, પાણીના રેંટનો વા કોલુ (શેરડી પીલવાનો), સામા ઘરના થાંભલાનો, કે કુવાનો, વેધ એટલાં વાનાં ઘરના બારણા સામાં ન જોઇએ, ઘરમાં જવા આવવાનો કોઈ બીજાનો માર્ગ ન જોઇએ. બારણા વચે કે સામો ખીલો ન જોઇએ. એટલા પ્રકારના વેધ તજવા કહ્યા છે, પણ ઘરની ઉંચાઇથી બારણા આગળ બમણી જમીન છોડી દીધા પછી વેધ હોય તો દોષ નથી, વેધ બારણા સામે આવતો હોય પણ વચમાં ભીંત હોય તો તેનો દોષ નથી. વેધ અને દ્વાર વચે કીલ્લો અથવા કોટ હોય તો તેનો દોષ નથી, અને વેધ વચે રાજમારગ હોય તો તેનો દોષ નથી, અને દ્વાર તથા આવેલા વેધ વચે સામેના ઘરના બે ખુણા આવતા હોય તો તેથી વેધનો દોષ લાગતો નથી એ પ્રમાણે વેધ જોઇ લેવા. ॥ ૩૧ ॥

### બારણાના ઉદયના ભેદ

दैर्घ्येसार्धशतांगुलं च दशभिर्हीनं चतुर्धाविधः
प्रोक्तं चाथशतंत्वशीती सहितं युक्तं नवत्याशतं ।
तद्वद् शोडषभिः शतं च नवभियुक्तं तथा शितिकं ।
द्वारं मत्स्यमतानुसारि दशकं योग्यं विधेयं बुधैः ॥३२॥

અર્થ—હવે મત્સ્યપુરાણ વિષે બારણાના ઉદય દશ પ્રકારના બતાવ્યા છે, તે એવી રીતે કે (૧૫૦) આંગળ પ્રમાણે ઘરના દ્વારનો ઉદય કરવો. એ દો-

ઢસો (૧૫૦) આંગળના ઊદયના બારણાના ચાર ભેદ છે તે કયા કયા છે. દોઢસો આંગળમાંથી દશ દશ આંગળ દરેકમાંથી બાદ કરવા એટલે (૧) ૧૪૦ નો ઉદય (૨) ૧૩૦ નો (૩) ૧૨૦ નો અને (૪) ૧૧૦ આંગળના બારણાના ઉદય (૫) ૧૮૦ આંગળનો (૬) ૧૯૦ નો, (૭) ૧૧૬ નો, (૮) ૧૦૯ નો (૯):૮૦ નો અને (૧૦) ૧૫૦ નો એ રીતે બારણાના ઉદય કરવા. સુબુદ્ધિવાન પુરૂષે જેવું જયાં ઘટે તેવું બારણું કરવું ૩૧.

स्ययमपि च कपाटोद्घाटनं वापिधानं ।
भयदमधिक हीनं शाखयोर्वाविचाले ॥
पुरुष युवति नाशं स्थंभ शाखा विहीनं ।
भयदमखिल काष्टाग्रं यदाधः स्थितंस्यात् ॥ ३३ ॥

અર્થ—બારણાનાં કમાડ પોતાની મેળે વસાઈ જાય, તથા પોતાની મેળે ઉઘડી જાય તો ભય ઉત્પન્ન કરે, બારણાની શાખો ઘટતી વધતી એક તરફ [illegible] જાય તો ભય ઉત્પન્ન કરે, તથા સ્થંભ અને શાખો વિનાનું દ્વાર હોય તેનાથી વા, પુરૂષનો નાશ કરે, વળી બારનાના કામમાં જેટલાં ઉભાં લાકડાં વાપરવામાં આવે તે સરવેનાં મૂળ નીચે અને ટોચનો ભાગ ઉપર રાખવાં, તથા સ્થંભ પણ તેવી રીતે (થડ નીચે ટોચ ઉપર એમ) રાખવા, પણ જો તેથી ઉલટી રીતે રાખવામાં આવે તો ભય પેદા કરે. ॥૩૩॥

देवालयो वा भवनं मठस्य मानौः करेर्वायुभिरेवाभिन्नं ॥
तन्मूलभूतौ परिवर्जनीयं छाया गता तस्य गृहस्य कूपे ३५

અર્થ:—દેવમંદીર, ઘર, મઠ, ઈત્યાદિની પહેલી ભૂમિમાં સૂર્યનાં કીરણો ન આવવાં જોઈએ. એટલે તેમની પેહેલી ભૂમિમાં જાળી કે બારી મૂકવી નહીં. મંદીરના ગભારામાં અને ઘર તથા મઠના ઓરડામાં જાળી બારી મૂકવી નહીં પણ મેડીના ભાગમાં મૂકવી તથા તેમાં પવન પણ ન આવવો જોઇએ, વળી ઘરની છાયા બીજે કે ત્રીજે પોહોરે જો કુવામાં ઉતરે તો સારી નહીં. ॥૩૫॥

## ધ્વજદંડના પ્રમાણની સમજણ.

करद्वय शकशाच्च रुद्रहस्ता विधिक्रमात् ॥
देवालयस्य शिखरे कार्योदंडो हि यत्नत ॥ ३६ ॥

અર્થ:—બે હાથથી તે અગીયારહાથના દેવાલયના શીખર સુધી ધ્વજાદંડ

સારો ને શોભીતો, ચક્ર, મોર કે શીવલીંગ કરવો, તેની વચે આંકડો તેમ તથા આર (ફાંટો) ન જોઇએ. જેટલો પ્રાસાદ રેખાએ મોટો હોય તેટલો ધ્વજાદંડ કરીએ; પણ જો દેવાલય શિખરબંધ હોય તો તેની બહારની બાજુઓથી ભરી ધ્વજદંડ કરવો. અને ઘર, મંદીર કે ધાબાનું મંદીર હોય તો અંદરનો આખો ભરીને ધજાગરો કરવો. ૩૬

षडांश दिर्घविस्तति सूर्यांशे न तदर्धतः ॥
पींडन्युनस्तु पार्श्वेऽर्ध चंद्र घट किंकणि युतम् ॥३७॥

અર્થ—જેટલો લાંબો ધજાગરો હોય તેના ( ૬ ) ભાગ કરવા અને તેમાંના એક ( ૧ ) ભાગની પાટલી લાંબી કરવી અને જેટલી પાટલી લાંબી હોય તેના અરધા ભાગે ( ધ્વજદંડના બારમે ભાગે ) પોહોળી કરવી અને ધ્વજાગરાના ( ૨૪ ) મા ભાગથી ન્યુન એટલે તેના ( ૩૬ ) મા ભાગની જાડી કરવી, તેથી વધારે જાડી નહીં જોઇએ, તે પાટલીની નીચે અર્ધચંદ્રાકૃતિ કરી બે પાસે બે શંકુ કરવા. ને ઉપર કળશ ( મોગરો ) કરવો તે નીચે ઘંટડીઓ લટકાવવી.

હવે તે દંડ (૧) ગજના દેરામાં એક ગજનો દંડ લાંબો ને ૦॥ આંગળ જાડો એ પ્રમાણે જેટલા ગજનો દંડ કરવો હોય તેટલા ( દરેક ) ગજે ૦॥ આંગળ વધારવો જેમકે ધ્વજાદંડ પાંચ ગજનો હોય તો તે (૨॥) આંગળ જાડો જોઇએ.

વળી તે દંડ, ઉત્તમ, મધ્યમ, અને કનિષ્ટ ત્રણ પ્રકારનો છે તે એવી રીતે કે જેટલો લાંબો દંડ હોય તેના દશ ભાગ કરવા, તે દશમાંથી એક હીન કરીએ તો મધ્યમ, બે હીન કરીએ તો કનિષ્ટ અને પુરે પુરો કરીએ તો ઉત્તમ છે; વળી તે ધજાગરાના જેટલીજ લુગડાની ધ્જા લાંબી કરવી ને આઠમે ભાગે પોહોળી તથા સારા નવા લુગડાની ત્રણ, પાંચ કે સાથ પાની કરવી. જે ધ્વજાગરો દેવાલય કરાવીને તરત ચડાવે તો અશ્વમેધ યજ્ઞનું પુન્ય થાય. પ્રસાદ, કોટ, નગ્ર, પુર, તળાવ, કુવો, વાવ ઈત્યાદિ ઠેકાણે ધ્વજાગરો કરવો કહ્યો છે. ॥ ૩૭ ॥

## નક્ષત્રની નાડીની સમજણ.

येष्टा रौद्रार्यमांभःपतिभयुगयुगं दास्त्रभं चैकनाडी ।
पुण्येदुत्वाष्ट्रमित्रांतकवसु जलभं योनिबुन्धे च मध्या ॥
वाय्वग्नि व्याल विश्वो युगयुगमथो पौष्णभं चापरास्या ।
दंपत्योरेक नाडयां परिणयनमसन्मध्यनाडयां हि मृत्युः ॥

અર્થ—જેષ્ટા, મૂળ, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, આરદ્રા, પુનર્વસુ, શતભીષા, પુર્વાભાદ્રપદ, અને અશ્વિની એ નક્ષત્રોની આદિનાડી છે.

પુષ્ય, મૃગશીર, ચિત્રા, અનુરાધા, ભરણી, ધનીષ્ઠા, પૂર્વષાઢા પૂર્વાફાલ્ગુની, અને ઉત્તરાભાદ્રાપદ, એ નક્ષત્રોની મધ્યનાડી છે.

સ્વાતી, વિશાખા, કૃતિકા, રોહીણી, અશ્લેષા, ઉત્તરાષાઢા, શ્રવણ અને રેવતી, એ નક્ષત્રોની અંત્યનાડી છે, વર કન્યા કે ઘર કે ઘરધણી એઓની એક નાડી હોય તો અશુભ છે ને એક હોય તો મૃત્યુ કરાવે. ૩૮

ઇતિ શ્રી વાસ્તુશાસ્ત્રે શિલ્પદિપકનું ૩ જું પ્રકર્ણ સમાપ્ત.

---

# प्रकरण ४ थुं.

थरभंगो यदा यस्य कुवडस्तत्र देवता ।
शिल्पिनां च क्षयां यांति तद्भवत् स्वामि मृत्युदं ॥ १ ॥

અર્થ—ઘરની ઇંટોના થરનો ભંગ થાય, અર્થાત્ ઉંચા નીચી થર આવે તો ઘરના દેવતા કોપાયમાન થાય, તે દેવથીશિલ્પીનો ક્ષય થાય અને ઘરધણીનું મૃત્યુ નીપજે, માટે સરળ ઇંટોના થર સૂત્રમાં રાખવા પણ ઉંચા નીચા નહીં. ૧

## બારણું મુકવાની વિધિ.

मध्ये न स्थापयेद्वारं गर्भे नैव परित्यजेत् ।
किंचित्मात्रे च इशानं द्वार स्थापये ध्रुवं ॥ २ ॥

અર્થ:—ઘરના મધ્ય ભાગે ( ગર્ભ ) બારણું મૂકવું, પણ ઘરની જમણી બાજુનો વધારે અંશ રાખવો ને ગર્ભથી ડાબી બાજુનો અંશ કિંચિત્ ન્હાનો રાખવો એ રીતે દ્વારનું સ્થાપન કરે તો ઉત્તમ પ્રકાર છે. ૨

## ઘરના ભાગની વિધિ.

चतुर्विंशं शतोशाला मध्यभागे चतुर्दश ।
हयांतरे त्रिभागं स्यात् द्वौ द्वौ वामे च दक्षिणे ॥ ३ ॥


અર્થ:—શાળા (ઘરના) ચોવીશ ભાગ કરવા તેમાં પાંચ પાંચ ભાગ ઘરની જમણી તથા ડાબી બાજુએ રાખી મધ્યમાં ચોદ ભાગ રાખવા. તે એવી રીતે કે ગર્ભ થકી સાત ભાગ જમણે ને સાત ભાગ ડાબી બાજુએ. એ રીતે ચોદ ભાગ


રાખવા. હવે તે તથા જમણી ડાબી બાજુએ પાંચ પાંચ ભાગ છે, તેમાં કરાથી માંડી બે ભાગ મૂકી ઘોડો એક મૂકવો, તે ઘોડાથી બીજો ઘોડો ત્રણ ભાગ મૂકી મૂકવો. એ રીતે બે બાજુએ મૂકવા.

વળી ગ્રંથાંતરે ઘરના બત્રીશ ભાગ પણ કરવામાં આવે છે, તેમ ઘરના ચૌદ ભાગ પણ કરવામાં આવે છે.

જ્યારે ઘરના બત્રીશ ભાગ હોય તો તે ઘરની જમણી તથા ડાબી બાજુએ સાત સાત ભાગ મૂકી મધ્યમાં અઢાર ભાગ રાખવા, તે ગર્ભથી બે બાજુએ જે સાત સાત ભાગ મૂકેલા છે તેમાં કરાથી ત્રણ ભાગ મૂકી પ્રથમ ઘોડો મૂકવો. તે પછી ચાર ભાગ મૂકી બીજો ઘોડો મૂકવો એ રીતે બે બાજુએ મૂકવા.

વળી જ્યારે ચૌદ ભાગનું ઘર હોય તો જમણી તથા ડાબી બાજુએ ત્રણ ત્રણ ભાગ મૂકી મધ્યમાં આઠ ભાગ મૂકવા, તે ગર્ભથી ડાબે જમણે ચાર ચાર રાખવા, હવે જે બે બાજુએ ત્રણ ત્રણ ભાગ મૂકયા તેમાં કરાથી એક ભાગ મૂકી પ્રથમ ઘોડો મૂકવો ને પછી બે ભાગ મૂકી બીજો ઘોડો મૂકવો.






પ૬ ભાગમાં થાંભલા મુકવાની વિધી.

**पंचभाग द्वयंकत्वा सप्तभाग त्रयंस्तथा ।**
**चत्वारो नवभागश्च शालादिनां प्रमाणतः ॥ ४ ॥**

અર્થ—જો ઘરના પદના પાંચ ભાગ કર્યાં હોય તો ભાગ બે મધ્યમાં શા-

આવા અને બે બાજુએ કરાઓની પાસે દોઢ દોઢ ભાગ મુકીએ અને જો સાત ભાગ પદના કર્યા હોય તો બે બાજુએ બબે ભાગ મુકી મધ્યમાં ત્રણ ભાગ મૂકવા.

વળી જો નવ ભાગ પદના કર્યા હોય તો બે બાજુએ અઢી અઢી ભાગ મૂકી મધ્યમાં ત્રણ ભાગ મૂકવા એ રીતે પદનાં પ્રમાણ છે.

તેમજ ગ્રંથાંતરે અગીયાર ભાગ પણ પદના થાય છે તે અગીયાર ભાગના પદના ઘરને ત્રણ ત્રણ ભાગ બે બાજુએ મુકી મધ્યમાં પાંચ મુકવા એમ ગમે તેટલા પદ ભાગ બુદ્ધિવાન પુરૂષોએ કરવા અને શાળા અલિંદને પ્રમાણે રાખવી

## થાંભલો મુકવાની વિધી.

**उच्छ्रयेनभिभुक्ते एकांशे पदकुंभिके ।**
**भागार्धं भरणंशिर्षं मुर्धस्थंभ षडांशकः ॥ ५ ॥**

અર્થઃ—આંગણાના ભોંય તળીયાથી તે પાટડાના મથાળા સુધી ઘરના ઉદયના નવ ભાગ કરવા તેમાં એક ભાગની કુંભી કરવી ને પછી ઉપરનો થાંભલો છ ભાગનો કરવો, તે ઉપર અરધ ભાગનું ભરણું કરવું ને અરધ ભાગનું શરૂ કરવું, અને એક ભાગનો પાટડો કનેરી સુદ્ધાં કરવો, એ પ્રમાણે સ્થંભનું માપ કરવું, એ માપથી કોઇ ભાગ ઓછો વધારે રાખે તો ઘરધણીને નુકશાન થાય. ૫

**उदुंबर समाकार्या कुंभिका सर्वतो बुधं ।**
**उम्रंग्रहं समंश्रेष्ट मग्रोच न सुखावहं ॥ ६ ॥**

અર્થઃ—બારણાની શાખની કુંભી ઉંબરા બરોબર રાખવી અને તે કુંભી બરોબર સર્વે કુંભીઓનાં મથાળાં સમસૂત્રે રાખવાં. વળી ઘર ઓરડામાં ઊંચુ રાખવું તેથી પરશાળમાં નીચું, તેથી બહાર શાળા નીચી અને શાળાથી આગળ આંગણાની જમીન નીચી એ પ્રમાણે કરવું, અને જો કદાપી બહારની જમીન ઉંચી હોય ને ઘરનું ભોંયતળીયું નીચું હોય એવી રીતે કે ઘર માંહેની જમીન બહારની જણીનને દેખે નહીં તો ધણીને તે ઘર દુઃખદાયક છે માટે એવું ઘર કોએપણ કરવું નહીં ને તે ઘરમાં વસવું પણ નહીં. ૬

**पदहिनं न कर्त्तव्यं प्रासादं मठ मंदीरं ।**
**एकस्थंभ द्वयंकार्या पुत्र पति धन क्षयं ॥ ७ ॥**

પ્રાસાદ, મઠ, કે મંદિર કોઇપણ ક્રમ પદહીન કરવું નહીં ને જો બે ઘર જોડે જોડે હોય તો તેમાં વચ્ચે એક થાંભલો મૂકનો નહીં, માટે પદહીન કે એક થાંભલો મૂકે તો તે ઘરધણીનો પુત્ર કે ધણી મરણ પામે કે ધનહીન થાય. માટે બે કામમાં બે થાંભલા મૂકવા. ૭

द्वारमध्ये ग्रहाणांतु कुणमेकं न कारयेत् ।
युग्मेषु च भवेत् श्रेष्टं मेकेकं परिवर्जयेत् ॥ ८ ॥

અર્થ—ઘરને વિષે બારણું મધ્ય ભાગે મૂકવું, ખુણા ઉપર મૂકવું નહીં. પણ એક વાસ્તુનાં બે ઘર હોય તો ઘોડાગરબે ખુણાપર મૂકીએ તો શ્રેષ્ટ છે ને એક ઘરને તો તે ખુણાનું બારણું વરજીત છે. ૮

સ્થંભ મૂકાવવાની વિધી.

द्वारमध्ये ग्रहाणांतु मेकस्थंभं न कारयेत्
मध्येषु च भवेत् श्रेष्ट मेकेकं परिवर्जयेत् ॥ ९ ॥

અર્થ—એક વાસ્તુનાં બે ઘર હોય પણ તેના બે દ્વારના વચ્ચે એક થાંભલો ન મૂકવો, પણ બેના બે થાંભલા મૂકવા તે શ્રેષ્ટ છે; ને ન મૂકે તો હાનિ કર્તા છે. ૯

उतानां अर्थ नाशाय अधोमुखं व्याधिसाधकं ।
मिलितं व्याधि पीडा च विकर्ण च नहंति च ॥ १० ॥

અર્થ—જો બારશાખ મુકતાં ઉતાંણુ રહે તો ઘરધણીના અર્થનો નાશ કરે, ને અધોમુખ રહે તો ઘરધણીને વ્યાધિ, રોગ, ને પીરા કરે. અને અંબળાતું રહેતું હોય તો પણ રોગ ને પીડા કરે, ને વિકણ રહે તો નિરંતર કલેશ કરાવે. ૧૦

स्वयंमुद्द अश्वनाद पतिते मर्णं भवेत् ।
कंपतेन महारोगा द्विघटानां कुलक्षयं ॥ ११ ॥

અર્થ—જે ઘરનાં કમાડ પોતાની મેળે ઉઘાડી જાય, અથવા ઉઘડતાં ઘોડાના નાદ જેવો નાદ કરે, તો ઘરધણીનો નાશ થાય. ને કંપાયમાન રહે તો રોગ પીડા કરે. વળી કમાડ ઊઘડતાં કચડ કચડ થાય, તો ઘરધણીના કૂળનો ક્ષય કરે. ૧૧

दिग्मुंढेन करे वास्तु पुर प्रासाद मंदिरे ।
अर्थनाशो क्षयं मृत्युं निर्वाणं नैव गच्छति ॥ १२ ॥

અર્થ—પૂર, પ્રાસદ કે મંદિર હરકોઇ કામમાં તો દીગ્મુઢ દીશાએ વાસ્તુ કરવો નહીં અને જો તેમ કરે તો કરનાર ધણીના અર્થનો નાશ થાય. તેના કૂળનો ક્ષય થાય ને તે મૃત્યુ પામે, તો નિર્વાણ કોઇ પ્રકારે થાય નહીં. ૧૨

दिशियो विदिशैश्चैव वास्तुमेध विशोधनं ।
जिर्णान् वर्त्तिते वास्तु वेधे दोषो नविद्यते ॥ १३ ॥

અર્થ—નવી ઇમારતો વાસ્તુદીશા ભંગ કરીને વિદીશાએ ન કરવી, ને કરે તો તે ઘરનો દીશાવેધ થયો, માટે તે હાનિ કર્તા છે. પણ જીર્ણ જે હોય તે તો મૂળવાસ્તુ પ્રમાણે કરવું તેનો દોષ નથી. ૧૩

यदि प्रवेशतो वास्तू गृहं दक्षिणतो भवेत् ।
प्रदक्षणा प्रवेश्यात् सिधिप्रतिपूर्णबाहुकं ॥ १४ ॥

અર્થ—જે ઘરનો જમણે અંગે પ્રવેશ હોય એટલે ઘરના જમણો કરો જોઇ વાસ્તુ ઘરમાં પ્રવેશ ડાબા હાથ તરફ નમી થાય, તે પ્રવેશ ઘણો શ્રેષ્ટ છે ને તે પૂર્ણબાહુ પ્રવેશ કહેવાય. ૧૪

तत्रापिपौत्राश्च योगाश्च धन धान्य सुखानि च ।
प्राप्नोति हिनरोनित्यं वसतां तत्र वास्तुके ॥ १५ ॥

અર્થ—પૂર્ણબાહુ ઘરને લીધે રહેનાર ધણીને પુત્ર પૌત્રાદિક ધન ધાન્યનું ઘણું સુખ ઉપજે એવા અવાસને વિસે રહેતાં દીન પ્રત્યે ઘણું સુખ ઉપજે માટે અવશ્ય તેવા ઘરમાં રહેવું એવું શ્રી વિશ્વકર્માનું વચન છે. ૧૫

## ઘરનું લાંબા ટુંકી પ્રમાણ.

सुर्पाकारं प्रष्टोधिकं विकर्णं च न कारयेत् ।
करता कारापिकाश्चैव अचिरेण विनस्यति ॥ १६ ॥

અર્થ—જો ઘર સુપડાના આકારે અથવા છીપના આકારે હોય વળી પછી તે પહોળુ હોય તથા ઘરનો ખુણો લાંબો કે ટુંકો હોય તે ઘરને [illegible] કહીએ તેવું ઘર કોઇનું કરવું નહીં, ને એવું જો કરે તો કરનારને મોટી ખોડ, ને વસનારને પણ મોટી ખોડ છે; તે એ કે રહેનાર ધણી ચીરંજીવી રહે નહીં થોડે દહાડે મૃત્યુ પામે. ૧૬

## જાળી તાકાં મુકવાનું પ્રમાણ.

कुडागारे गवाक्षादि मुखे च आलियस्तथा ।
द्वारस्थंभ तुला हीनं श्रेणिभंगं न कारयेन ॥ १७ ॥

અર્થ—ઘરને વિશે ગોખલા, જાળીઓ, તથા તાકાં અને બીજા બારણાં,

વળી થાંભલા, ભીંતા ઇત્યાદિ મેલવાં, પણ બારણાની કુંભીનો તળાંચો કે ઉપરની શ્રેણી તૂટવી ન જોઇએ. અર્થાત્ સર્વ સમસુત્ર તળે ઉપર જોઇએ, કદાપિ તે તળાંચો કે શ્રેણી ભાગે, તો તે ઘરમાં ઘણા પ્રકારના દોષ ઉપજે.

ગોખલો, જાળી, તાકાં એનો મથાળો શ્રેણીએ રાખવો, તેને તળાંચાનો ભાગ લાગુ ન કરવો.

### માળનું પ્રમાણ.

उपर्यु पर्यिद्रेस्म समं संकल्पयेत् क्वचित् ।
समवेधं भवेत्तत्र समस्तं च कुलक्षयं ॥ १८ ॥

અર્થ—ઘરની હેઠળની તથા ઉપરની ભુમિ સરખે ભાગે કરવી નહીં, ને જો તળે ઉપરની ભુમિ સરખી કરે તો સમવેધ ઉપજે તે વેધ ઘરમાં રહેનારના સમસ્ત કુળનો નાશ કરે માટે એવો વેધ કોઇપણ ઘરમાં લાવવો નહીં. ૧૮

उपर्युपरि सुमिस्तु द्वादशांश विवर्जिता ।
प्रासादे मर्वतकार्या स्तंभस्तत्रानुरतका ॥ १९ ॥

અર્થ—ઘરની નીચલી ભુમિના ઉદયના બાર અંશ કરવા, તેમાંથી એક અંશ લેઇ ઉપરની ભુમિનો ઉદય ઓછો કરવો, ( અગીયાર અંશે ) કરવી. તેમ તેનાથી ત્રીજી ભોમિ પણ એ રીતે ઓછી કરવી. પ્રાસાદને વિષે એકવણ ને મંડપને થાંભલાનો ઉદય કરવો. જેવી ઇમારત તે પ્રમાણે થાંભલો કરવો.

### વેધ વિધી

तलवेध तालवेधो द्वोविद्धो यत्र ईश्यते ।
क्षियंते तद्रवेद्रेस्म क्षेयंकारि च तद्गृह ॥ २० ॥

અર્થ—પણ તે થાંભલો એવો મુકવો કે ઉંબરાનો વેધ કે ઉત્તરંગનો વેધ આવે નહીં એટલે ઉંબરાનું મથાળું ને ઉત્તરંગનો તળાંચો એ બંને સમસુત્ર જોઇએ, એમાં નીચો હોય તો વેધ જાણવો. તે વેધ આવે તો તે ઘર ક્ષયકારી જાણવું. તે ઘરમાં રહેનારની સર્વ વસ્તુ નાશ થાય. ધણીની કદાપિ ઉતરંગનો તળાંચો તૂટે પણ ઉંબરનું મથાળું અવશ્ય તોડવું નહીં. ૨૦

### દ્વાર મુકવાની વિધી.

कुक्षे द्वारं न कर्त्तव्यं प्रष्टे द्वारं विवर्जयेत् ।
पृष्टे चैव भवेद्रोगी कुलक्षयो विनिर्दिशेत् ॥ २१ ॥

અર્થ—ઘરની કુખે બારણું કરે, વા પછીતે બારણું કરે, તો રોગની ઉત્પત્તિ, અનેક પ્રકારની વ્યાધી પીડા થાય, ને તે ઘરમાં રહેનાર ધણીના કુળનો ક્ષય થાય. એવું વિશ્વકર્માનું વચન છે.

संवर्धनं च वास्तुनां तथा संवरणाति च ।
प्रावर्त्तनं च यद्वाराणां सद्यः प्राण हरंति च ॥ २२ ॥

અર્થ—જો ઘરનું બારણું તળે પોહોળું હોય, અથવા ઉપર પોહોળું હોય, કે ઉપર સાંકડું હોય, કે વાસ્તુનો ભંગ કરી ઘરનું રૂપ ફેરવે, એટલે બારણું આગળનું પુરી, પાછળ કરે, કે હોય, તેથી નાનું કે મોટું કરે; કરો, પછીત કે આગલો ભાગ આઘો પાછો કરે, તો તે ઘરનું રૂપ ફેરવ્યું કહેવાય. એમ કરે તો ધણીના આયુનો નાશ થાય. ૨૨

मान प्रमाण संयुक्तं शाला तत्रैव कारयेत् ।
आयुरारोगं सौभाग्यं लभ्यते नात्र संशय ॥ २३ ॥

અર્થ—જો ઘર માન અને પ્રમાણ સહીત થાય, તો તે ઘરમાં વાસ કરનાર પુરૂષોનાં આયુષ, ઐશ્વર્ય લક્ષ્મી, પરીવારની વૃદ્ધિ થાય, ને આરોગ્યપણાને પામે. નાના પ્રકારના સુખની પ્રાપ્તિ થાય તેમાં સંશય ન જાણવો. ૨૩

## વેધ વિધી.

समानसुत्रे शुभ चाग्र भिति
श्रेणिविभाजिते सुत वित्त नाशः ॥
गर्भस्य वेधे न सुखी कदाचित्
स्वामिविभिन्ने न च दोषकारि ॥ २४ ॥

અર્થ—ઘરની સર્વે ભીતોનો અગ્રભાગ સમસુત્ર રાખવો. કોઇપણ શ્રેણી ભાગવી નહીં, ને ઇંટનો થર પણ તોડવો નહીં. ( ઉંચો નીચો થર થવો ન જોઈએ, ) એમ હોય તો તે વેધ કહેવાય. તે વેધ ઘરધણીના પુત્રનો નાશ કરે, અને ગર્ભવેધ હોય તો સુખ કીંચિત ન પામે; ને ઘરના સ્વામિનો નાશ કરે. માટે એટલા દોષમાંનો એકે દોષ ન રાખીએ. ૨૪

## ઘરના વિભાગ વીશે.

अलींदाश्चैवलींदाश्च नामस्तत्रानुसारत ।
वाद्यद्वारंतुकर्त्तव्यं किंचितनुन्पाधिकं भवेत ॥ २५ ॥

અર્થ— ઘરની પછીતનો જે ઓરડો, તેનાથી આગળ પરશાળ તુન્ય કરવી, ને પરશાળથી છુટપરશાળ તુન્ય કરવી. તે રીતે તુન્ય કરતાં આગળના આરણા સુધી જવું. ગમે તેટલા અલીંદ (વિભાગ) કરો. ૨૫

## સમુળ ઘર વિશે.

**कर्णाधिकं च हिनस्य यद्‌ग्रहं तद्रशं भवेत् ।**
**समुलं च तद्विजानियात् हन्यते सुत बांधवा ॥ २६ ॥**

અર્થ—જે ઘરના ઓરડાનો કરો લાંબો હોય, ને પછીત ટુંકી હોય તોતે સમુળ ઘર કહેવાય. તેવા ઘરમાં રહેનારના પરીવારનો ક્ષય થાય, માટે ઓરડો પોહોળો રાખવો ને લાંબણમાં થોડો કરવો. ૨૬

## પ્રતિકાર ઘર વિશે.

**प्रष्टेबाहु मस्तं मृत्यु द्वारवास्तु यदा भवेत् ।**
**प्रतिकार्यतच्चविद्या निवेशंतं न कारितं ॥ २७ ॥**

અર્થ—ઘરની પછીતે બારણું હોય કે ઓરડાને કરે બારણું હોય, તે ઘરને પ્રતિકાર કહીએ, તે ઘરને વિશે પ્રવેશ ન કરવો, ને તેમાં પ્રવેશ કરે તો મૃત્યુ ઉપજે. ૨૭

## એક ઘરનાં બે ઘર કરવા વિશે.

**युग्मग्रहं भवेत् तत्र वेदमध्येभितस्थितं ।**
**द्रव्यहानिः भवेतव्यं मृत्युरेव न संशय ॥ २८ ॥**

અર્થ—વાસ્તુઘરની મધ્યમાં ભીત નાંખી બે ઘર કરે, ને તે ભીંત આગળના દ્વારના મધ્યમાં પડે, તો તે બંને ઘર દ્રવ્યની હાંનિ કરનાર ને ઘરધણીનુ મૃત્યુ કરે એમાં સંશય નહીં.

માટે તેમ કરવાની જરૂર હોય તો સળંગ ભીંત નાંખી ઘરની મોવાળે બે બારણાં કરવાં ને ઘરનું રૂપ બદલવું તો દોષ થોડો. ૨૮

## એક વાસ્તુના બે ઘરનો વેધ.

**वामे जेष्ट भवेत्तत्र दक्षिणे च कनिष्टक ।**
**आंतकांत भवेतद्वेस्म हन्यतो कुलसंपदा ॥ २९ ॥**

અર્થ—વાસ્તુઘરનાં બે ઘર કરેલાં હોય, તેમાં ડાબીકોર ઘર મોટું કરે, ને જમણી કોરનું ઘર નાનું કરે તો તે ઘર અંતક કહેવાય તે બંને–ઘર કુળની લક્ષ્મીનો નાશ કરે માટે બે સરખાં કરવાં વા જમણું મોટું કરવું કે મોટું ઘર હોય તે મોટા ભાઇને આપવું, તો દોષ નથી. ૨૯

## પછીત વિધી.

**शुचीमूख भवेत्छिद्रं प्रष्टे यदा करोति च ।**
**प्रासादे न भवेत् पुजा गृहे क्रिडंति राक्षसा ॥ ३० ॥**

અર્થ—ઘરની પછીતે સોયના અગ્ર જેટલું પણ છીદ્ર મુકવું નહીં, ને જો છીદ્ર મૂકે તો તે ઘરમાં રાક્ષસો ક્રીડા કરે, અર્થાર્થ તે ઘરમાં રાક્ષસનો વાસ થાય, અને પ્રાસાદની પૃષ્ઠે છીદ્ર હોય તો તે પ્રાસાદના અધિષ્ઠાતા દેવ અપૂજ્ય રહે. ૩૦

## ઘર નીશેધ વિધી.

**द्रष्टी रुद्रकरालं च भ्रिषणारौद्रजानिच ।**
**वर्जयेत् गृहश्चैव श्रेयोस्तत्र न विद्यते ॥ ३१ ॥**

અર્થ—જે ઘરની દ્રષ્ટ બીહામણી હોય એટલે આગળનો ભાગ વિકાલ દેખાય, જે દેખીને ભય ઉપજે, તેવા ગરને તતકાળ ત્યાગ કરવું, અને તેમાં વાસ કરે તેની લક્ષ્મિનો નાશ થાય, ને તેનું શ્રેય પણ ન થાય.

## ઘરમાં ચિત્ર વિધી.

**ग्रध्र काक कपोताश्च पतिसंग्रामभिषण ।**
**पिसाचा राक्षसा क्रुरा गृहेषु परिवर्जयेत् ॥ ३२ ॥**

અર્થ—ગીધ, પક્ષી, કાગડા, હોલા, ઈત્યાદિ ક્રુર પક્ષીયો, વળી માંહોમાંહે યુદ્ધ કરનાર પક્ષીઓ, વળી પિશાચનાં રૂપ, રાક્ષસરૂપ, ને ક્રુરરૂપ ઈત્યાદિ ઘરને વિષે ચિત્ર કે રૂપ કરવાં નહીં ને કરે તો હાનિ કર્તા છે.

વળી ગ્રથાંતરે એમ પણ કહ્યું છે, કે જે એવાં ક્રૂર પક્ષીનો વાસ કે માળો ઘરની આસપાસ ન જોઈએ. ૩૨

## વાસ્તુભંગ ન કરવા વિશે

**अचला च लयद्वास्तु पुर प्रासाद मंदिरं ।**
**पतितं नर्कघोरे यावत् चंद्र दिवाकरं ॥ ३३ ॥**

અર્થ—જે ઘર તથા દેહેરું અથવા મંદિર અને પુર અચળ જે જીર્ણ થયું ન હોય ને એની મેળે પડે, તેમ પણ ન હોય, અને એને પાડે તો પાડનારને અને કરાવનાર બંને જણ, જ્યાં સુધી સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધી ઘોર નર્કને વિશે પડે. ૩૩

## દીશા લોપ.

दिशिलोपं पदलोपं गर्भलोपं तथैवच ॥
उभौ नर्के च यांति छान् पश्चापकौसंचनम् ॥ ३४ ॥

અર્થ—ઘરની દિશાનો લોપ કરે કે પદનો લોપ કરે, વળી ગર્ભનો લોપ કરે તો સુત્રધાર અને ઘરધણી બંને જણા ઘોર નર્કમાં પડે અને જીવે ત્યાં સુધી ઘણું દુઃખ ભોગવે. ૩૪

## ગુણ દોષ વિધી.

गुणा च बहवो यत्र दोष मेकं भवेद्यदि ।
गुणधिकं चाल्पदोषं करतव्यं नात्र संशय ॥ ३५ ॥

અર્થ—ઘર, પ્રાસાદ કે મઠ ઈત્યાદિ શીલ્પનાં જે જે કામ કરવાનાં છે તેમાં ગણા ગુણ હોય ને એક દોષ કદાપિ આવે તો તે કામ કરવામાં કાંઇ બાધ લાગે નહીં માટે થોડો દોષ ને ઘણા ગુણવાળું કામ કરવું એવું શ્રી વિશ્વકર્માનું વચન છે. ૩૫

## ઘર ઊંચું કરવા વિશે.

पश्यां भितोक्तां पूर्वो तस्मैनैव तथापरे ।
द्वारं द्वारस्य कथितं उपर्युपरि भूमिषु ॥ ३६ ॥

અર્થ—જે ઘરની ભીંત પેહેલી કરી હોય તેના ઉપર સીંચી ગમે તેટલી ઉંચી કરવી અને બારષાત ઉપર ગમે તેટલા બારષાત મેલવાં ને માળ ઉપર બીજા માળ ગમે તેટલા કરવા તેમાં બાધ નથી. ૩૬

मानहिनं न कर्त्तव्यं मानाधिकं न कारयेत् ।
शिल्पिनां क्षयां यांता मानहिनं कृतेगृहे ॥ ३७ ॥

અર્થ—એ પ્રમાણે ઘરને ઉંચુ વધારવું, પણ તેમાં કંઇ પણ વીષય માનહીન કરવું, તેમ માનથી અધિક પણ ન કરવું ને જો કરે તો શીલ્પીનો નાશ થાય પણ ધણીનું કહ્યું કારીગર માને નહીં ને આપમતે કરે તો તે ધણી જોરાઇએ કરાવે તો ધણીનો નાશ. ૩૭

त्रिकोणं पंच कोणं च रथाकारे तथैवच ।
रेखातारा नाडिवेधो वंशछेदन करे विभूः ॥ ३८ ॥

### ઘરના ખુણાવેધ.

અર્થ—ઘરના ત્રણ ખુણા પડે, વા પાંચ ખુણા પડે તેવું કરે, અથવા સુપડીના કે રથના આકારે (પાછળ પોહોળું આગળ સાંકડું) કે રેખાનો વેધ, નાડીવેધ એવા દોષવાળુ ઘર કરે તો કરાવનારના વંશનો છેદન થાય. ૩૮

### રાહુમાં દ્વાર મુકવા વિશે.

सन्मुखो राहु पृष्टवो स्थापयेत् द्वार बुद्धिमान् ।
सूर्यांगुल शलाकाद्य विस्तारं गुलमेवच ॥ ३९ ॥

અર્થ—સન્મુખ રાહુ હોય કે પછવાડે રાહુનું ઘર હોય, ને તે સમયમાં ઘરનું બારણું બેસાડવાને અવશ્ય હોય તો બુદ્ધિમાન પુરૂષો તે વખતે બારણાની નીચે ~~બાર આંગળ લાંબી ને એક આંગળ પહોળી~~ સલાકા (સળી ત્રાંબાની) કરી મૂકે છે. ૩૯

शलाका द्वय कोणस्या ताम्र शुद्धाय तत्रवै
स्थापितं वदनं द्धिमान् अंतरिक्ष प्रजायते ॥ ४० ॥

અર્થ—તેવી સલાકાયો બે શુદ્ધ ત્રાંબાની કરાવી બારણા તળે બે ખુણે બે મૂકી પછી બારણું મૂકવું. તે વખતે બારણાનો ~~વિધિ~~ ન કરતાં ~~એમને એમ મૂકી કામ ચાલતું કરવું.~~ તે બારણું અંતરીક્ષ કહેવાય, એ બુદ્ધિમાન પુરૂષોનું વચન છે. ૪૦

पुनः शुद्धदिशा जाते तिर्यक्नक्षेशुशोभनें ।
द्वारचक्रं शुभस्थाने बलिपुजा विधानकैं ॥ ४१ ॥

અર્થ—તે બારણું કયાં સુધી રાખવું કે જ્યારે રાહુ શુભ દિશાને વિષે આવે ત્યારે રૂડુ મહુરત જોરાવીએ, નક્ષત્ર તીર્યક્ મુખુ હોય તે દિનમાન ચોખો હોય તે દહાડે પેલી શલકાયો કાઢીએ. તે વખતે દ્વારનું બળીદાન (પુજા) વિધિ કરી. દ્વારનું સ્થાપન કરવું. ॥ ૪૧ ॥

षादयेत् कुह्रीतं द्वारं भितिकास्थापयेत्तदा ।
तत्र शिल्पि बुद्धिदाश्चैव इति द्वारस्थापनविधि ॥ ४२ ॥

અર્થ—પણ જે દહાડે શલકાયો કાઢવી હોય તે દહાડે બુદ્ધિવાન શિલ્પીએ દ્વાર ઉપર કોચી ઈંટો કાઢી બાકુ પ્રથમ પાડવું, ને પછી શલાકાયો કાઢી દ્વાર સ્થાપન કરવું, એ સ્થાપનવિધિ કહી. ૪૨

### દ્વાર મુકવાનું અંગ.

पृष्टे गवाक्षं न कर्त्तव्यं वामांगे परिवर्जयेत् ।
अग्रतो च भवेत् श्रेष्ट जयमानं सदाजयं ॥ ४३ ॥

અર્થ—ઘરની પછીતે બારણું કે બારી મુકવાં નહીં, અને ડાબી બાજુએ પણ મુકવું નહીં, પણ ઘરની મોવાળ આગળ મધ્યમાં બારણું મુકવું, તેજ શ્રેષ્ટ છે, ને સદા જય આપનાર છે. ॥ ૪૩ ॥

यदा पृष्टे न कर्त्तव्यं वामांग परिवर्जयेत् ।
ततगृहे अशुभं ज्ञेयं पुत्र पति धन क्षयं ॥ ४४ ॥

અર્થ—જો પાછળ અને ઘરની ડાબી બાજુએ બારણું હોય, તો તે ઘણું અશુભ છે. તેમાં રહેનાર ધણીનું મૃત્યુ થાય છે, પુત્ર અને ધનનો નાશ થાય. ૪૪

### ઘરના માનનો લોપ ન કરવા વિશે.

द्वार सर्व गृहाणांतु तलमानं न लोपयेत् ।
अग्रतो पृष्टतश्चेव समसुत्रं च कारयेत् ॥ ४५ ॥

અર્થ—ઘરમાં જેટલાં બારણાં મુકવાં, તે તમામના માનનો લોપ લેશમાત્ર પણ કરવો નહીં. તે તમામનો આગળનો ને પાછળનો ભાગ સમસુત્ર રાખવો. ॥ ૪૫ ॥

### બે બારણાંના વેધ.

द्वार स्तंभ गवाक्षंतु भजंकोणं च कोणयेत् ।
मुख मंडप समायुक्तं श्रेणीभंगं न कारयेत् ॥ ४६ ॥

અર્થ—ઘરના બારણાના સ્થંભ, અને ખડકીના બારણાના સ્થંભ, એ બેનો વેધ થવો ન જોઈએ. અથાર્થ એ બે બારણામાં દોઢ પડવી ન જોઈએ. એકસુત્ર મુકવાં. વળી ઘરનું બારણું, આગળનો મંડપ ને ખડકીનું બારણું, એઓની શ્રેણીનો ભંગ કરવો નહીં. ૪૬

### પદ ભંગ વિશે.

भंजिता लोपिता यंत ब्रह्मदोषं महाभवेत् ।
शिल्पिनांतु कुलयांतु स्वामि सर्व धनक्षयं ॥ ४७ ॥

અર્થ—જો કદાપી શીલ્પી ઘરના પદનો ભંગ કરે, વા દીશાલોપ કરે કે શ્રેણી ભંગ કરે, કે મુર્ખ અભણ સુત્રધાર હોય ને ઘરમાં વેધ મુકે, તો તે શીલ્પીના કુળનો ક્ષય થાય અને ઘર ધણીની લક્ષ્મી નાશ પામે. માટે મુર્ખ પાસે કાર્ય કરાવવું નહીં. ॥ ૪૭ ॥

### માન ભંગ વિશે.

स्थंभिका कुंभिका सर्वे तलमानं न लोपयेत् ।
अग्रतुष्टी तथा श्चैव समसुत्रं च कारयेत् ॥ ४८ ॥

અર્થ—ઘરના થાંભલા તથા કુંભી એ સર્વેના માનનો તલમાત્ર પણ લોપ કરવો નહીં. સર્વેનો આગળ ને પાછળનો ભાગ સમસૂત્ર કરવો, તોજ ઘર ઉત્તમ ફળને આપે. ॥૪૮॥

### ઘરના સુખ વિશે.

आशासं मंदिरं कृत्वा प्रजा राजा गृहं भवेत् ।
छींद्रीपृष्टी न कर्त्तव्यं ध्रुवादि ग्रहषोडश ॥ ४९ ॥

અર્થ—ધ્રુવાદિક સોળ જાતીનાં ઘર રાજા તથા પ્રજા સર્વે મનુષ્ય પોતાના સુખની આશાએ કરે છે. માટે બુદ્ધિવાન શિલ્પીએ ઘર વિશે છીંદ્રી પૃષ્ટી, ઇત્યાદિ કોઇ પ્રકારના દોષ મુકવા નહીં ॥ ૪૯ ॥

### નળહીન ઘર વિશે.

नलहीनं तद्वीजानियात् स्वामि सर्व धनक्षयं ।
विधिहिनं न कर्त्तव्यं सर्वदोषो विवर्जयेत् ॥ ५० ॥

અર્થ—જો ઘરની પછીત ઓછી હોય ને કરો લાંબો હોય, ઓરડાનો તો તે નળહીન કહેવાય. તે ઘરમાં વાસ કરે તો સ્વામીનો ને ધનનો નાશ થાય. અને જો એક પછીતે બે ઘર કરે તો તે સમલાર્ક કહેવાય તેવાં ઘરમાં વાસ કરવો નહીં. માટે દોષરહીત ઘર કરવું. ॥ ૫૦ ॥

### તત્ત્વપરથી હરેક કામનો આયુષ્ય.

गुणयदष्टभिः क्षेत्रफलं षष्टि विभाजितम् ।
लब्धं दश गणं जीवेच्छेषं भूतसमाहतम् ॥ ५१ ॥

અર્થ—ક્ષેત્રફળને આઠે ગુણી, સાઠે ભાગ દેતાં, જે અંક આવે, તે અંકને દશે ગુણવા. તેનો જે અંક આવે, તેટલો તે ઘરનો આયુષ્ય કહેવાય. પેલો જે સાઠનો ભાગ દેતાં જે અંક આવે, તેને પાંચે ભાગતાં જે અંક શેષ રહેશે, ~~તે તત્વ જાણવું.~~ જે તત્ત્વ આવે તે પ્રમાણે ઘરનો વિનાશ જાણવો. ૫૧

प्रथिव्यापस्तथातेजो वायुराकाशमेव च ।
पंचतत्वानि जानियादंत्तकाळे प्रभेदने ॥ ५२ ॥

અર્થ—તે તત્વનાં નામ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, ને આકાશ, એ પાંચ

તત્ત્વ છે. તે પાંચ તત્ત્વથી ઘરના અંતઃકાળનો ભેદ. પણ ઘર આગર આસાદન આયુષ્ય વિષે શાશિલ્પ સંગ્ર નામના ગ્રંથ વિશે ઉપરના કરતાં વિશેષ સમજણ જણાવેલી છે. તે નીચે પ્રમાણે. ॥ ૫૨ ॥

फलंनागगुणंषष्टा हृतालब्धं फलंभवेत् ।
मृन्मयेशर्करायुक्ते गृहेजीवः सुनिश्चलः ॥ ५३ ॥

અર્થ—ક્ષેત્રફળને આઠ ઘણું કરવું, અને સાઠે ભાગતાં જે અંક આવે તેજ ફળ કહ્યું. તે ફળ કાંકરી ને માટીથી બનેલા ઘરનું સ્થીર આયુષ્ય હોય છે. ૫૩

तद्दशघ्नं भवेदायु रिष्टीकामृत्स धामये ।
चुर्णपाषाणजेत्रिंशघ्ने फलेस्थितिरुत्तमा ॥ ५४ ॥

અર્થ—એ ફળને દશઘણું કરીએ, તો ઇંટ માટી ચુનાથી બનેલા ઘરનો આયુષ્ય આવે છે, એમ જાણવું. ૫૪

नवतिघ्नफलेनागैर्युक्ते पाषाणजेगृहे ।
धातुजेभवनेभ्राद्रि लोचनघ्नेफलेभवेत् ॥ ५५ ॥

અર્થ—અને જો એ ફળને નેવું ઘણું કરીએ, તો ઇંટ પથ્થર અને સીસાથી બનેલા ઘરનું આયુષ્ય થાય છે. તેમજ તે ફળને એકસોંને સીતેર ઘણું કરીએ તો ધાતુ (ત્રાંબુ, લોઢું, સોનું વિગેરે) થી બનેલા ઘરનું આયુષ્ય બંધાય છે. ॥ ૫૫ ॥

परायुः पंचधाप्रोक्तं शेषं भूतसमाहृतम् ।
पृथिव्यापस्तथा तेजो वायुराकाशमेव च ।
इत्येतानि विजानियात्तत्वानि सद्मनाशते ॥ ५६ ॥

અર્થ—એ પરમ આયુષ્ય ઘર અમર આશાદનું પાંચ પ્રકારનું કહ્યું છે. અને લબ્ધાંક (ફળ) નિકળ્યા પછી જે શેષ રહે, તેને પાંચે ભાગતાં જે શેષ રહે, તે અનુક્રમે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ ઇત્યાદિ પાંચ તત્વ છે. તે ગ્રહાદિના અંતકાળનાં ચિન્હ છે, એટલે એનાથી નાશ થાય છે. ૫૬

એ લબ્ધાંકનો અર્થ એવો છે કે, એક રકમને બીજી રકમે ભાગતાં, શેષ રહે. તેનું નામ લબ્ધાંક જેમકે ૭. આમાં ૪ નો અંક છે તે ૪ લબ્ધાંક

## અથ તત્વનું ફળ.

લબ્ધી આવ્યા પછી જે શેષ રહે, તેને પાંચનો ભાગ આપવો. ભાગતાં ૧, વધે તો પૃથ્વી તત્વ જાણવું. એ તત્વવાળા ઘરમાં ધન ધાન્યની વૃદ્ધિ થાય,

અને પૂર્ણ આયુષ્ય ભોગવી જીર્ણ થઇને પડે. અને જો પાંચે ભાગતાં ૨, વધે તો જળતત્ત્વ જાણવું. તે તત્ત્વવાળું ઘર પાણીથી રચી પચી પડે. ને જો ૩, વધેતો અગ્નિતત્ત્વ જાણવું, તે તત્ત્વવાળું ઘર અગ્નિથી બળે. અને જો ૪ વધે તો વાયુતત્ત્વ જાણવું, તે તત્ત્વવાળું ઘર વાયુના કોપથી પડે. ને જો ૦) વધે તો તે આકાશતત્ત્વ જાણવું, એ તત્ત્વવાળા ઘરને અકસ્માતથી પડી જવાનો ભય રહે છે. વળી એ ઘરમાં વસ્તી ન હોય, શુન્ય રહે, ને જો વાસ પુરે તો સંતતીનો નાશ થાય.

ઉપરના કહેવા પ્રમાણે કોઈપણ ઘર અથવા પ્રાસાદનું ગણી~~તકામ~~ કર્યા પછી પાયો ખોદવાનું મોહુરત કરીને કામ શરૂ કરવામાં આવે, તે દિવસથી આગળ બતાવ્યા પ્રમાણે જેટલાં વર્ષ, માસ, દિવસ, વિગેરે આવે તેટલું તેનું આયષ્ય જાણવું, કેમકે એ ગણીત ઉપરથી આયુષ્ય કલ્પેલું છે માટે ગણીતનો ઉપયોગ થાય ત્યાંથી તેનું આયુષ્ય જાણવું.

## ઉદાહરણ.

હવે કોઇ એક ઘર અગર ~~પ્રાસાદ~~ ૭ ગજને ૧૫) આંગળ લાંબુ છે, ને ૪ ગજને ૩ આંગળ પોહોળું છે. તેનું આયુષ્ય કેટલું ? તે ક્ષેત્રની પોહોળાઈ અને લંબાઇના ગજના આંગળ કરી ક્ષેત્રફળ લાવવું. ૭ ગજને ૧૫ આંગળના ૧૮૩ આંગળ થયા ને ૪ ગજને ૩ આંગળના ૯૯ આંગળ તે બંનેનો ગુણાકાર કર્યો તો ૧૮૧૧૭ આંગળ ક્ષેત્રફળ થયું. તેને ૮ નો ગુણાકાર કર્યો, એટલે ૧૪૪૯૩૬ આંગળ થયા. માટે તેટલી ઘડીયોનું, માટી અને કાંકરીથી બનેલા ઘરનું આયુષ્ય થયું. તે આયુષ્યની ઘડીયોને ૫, થી ભાગવી એટલે શેષ ૧ વધ્યો માટે તેનું પૃથ્વી તત્ત્વ થયું માટે તે ધન ધાન્યથી વૃદ્ધિવાળું થયું.

હવે તે ફળને ૬૦ નો ભાગ દીધો એટલે ૨૪૧૫ દિવસ ને ૨૬ ઘડીનું આયુષ્ય તે લબ્ધાંકને ૩૦ નો ભાગ દીધો એટલે ૮૦ માસ ૧૫ દિવસને ૩૬ ઘડી આયુષ્ય તે લબ્ધાંકને ૧૨ નો ભાગ દીધો એટલે ૬ વરસ ૮ માસ ૧૫ દીવસને ૩૬ ઘડીનો આયુષ્ય માટી કાંકરીના ઘરનો થયો, હવે તે આયુષ્યને ૧૦ નો ગુણાકાર કર્યો, એટલે ૬૦ વરસ ૧૩ માસને ૬ દિવસનો માટી ચુનો ને ઇંટના ઘરનો આયુષ્ય થયો. હવે તે લબ્ધાંકને ૩૦ નો ગુણાકાર કર્યો એટલે ૨૦૧ વર્ષ ૩ માસ ને ૧૮ દિવસના પથ્થરને ચુનાથી બનેલા ઘરનો આયુષ્ય થયો.

હવે તે લબ્ધાંકને ૯૦ નો ગુણાકાર કર્યો, એટલે ૬૦૭ વર્ષ ૭ માસ ને ૨૪ દિવસ પથ્થર ને સીસાથી બનેલા ઘરનો આયુષ્ય જાણવો. વળી તે લબ્ધાંકને ૧૭૦ નો ગુણાકાર કરવો, એટલે ૧૧૪૦ વર્ષ ૮ માસ ને ૧૨ દિવસ લોઢું,

સોનું ને રૂપું ઈત્યાદિ ધાતુથી બનેલા ઘરનો આયુષ્ય જાણવો, એ સર્વેનુ પૃથ્વીતત્વ છે માટે પૂર્ણ આયુષ્ય ભોગવે, ધન ધાન્યવાળાં થાય. એ પ્રમાણે શાસ્ત્રમાં આયુષ્ય કહેલાં છે.

दिक्षुपूर्वादितःशाला ध्रुवामुर्द्धौ कृता गजाः ।
शाला ध्रुवांक संयोगः सैकोवेश्मधुवादिकम् ॥ ५७ ॥

અર્થઃ—પૂર્વને આદિ લેઇને દિશાઓમાં ૧, ૨, ૪, ૮, શાળાધ્રુવ છે. ધ્રુવોના અંકોના યોગમાં ૧ ઉમેરવાથી ધ્રુવાદિક ઘર થાય છે. ૫૭

ધ્રુવાદિ ઘરોના નામની સંખ્યા.

तिथ्यर्काष्टाष्टिगो रुद्र शक्रे नामाक्षरं त्रयम् ।
भूद्व्यर्धीष्वंगदिग्वन्हि विश्वेषु द्वौनगेऽब्धयः ॥ ५८ ॥

અર્થઃ— જો ૧૫, ૧૨, ૮, ૧૬, ૯, ૧૧, ૧૪ એ અંકમાંથી કોઇપણ સંખ્યા ઘરની હોય તો તે ઘરનું નામ ત્રણ અક્ષરનું થાય, અને જો ૧, ૨, ૫, ૬, ૧૦, ૩, ૧૩ એ અંકોની સંખ્યા હોય તો તે ઘરનું નામ, ૨, અક્ષરનું થાય. ૫૮

સોળ ઘરનાં નામ.

ध्रुव धान्ये जय नंदौ खर कांत ।
मनोरम सुमुख दुर्मुखोग्रंच ॥
रिपुदं वित्तद नाशे चाक्रंदं ।
विपुल विजयाख्यंस्यात ॥ ५९ ॥

અર્થઃ—૧ ધ્રુવ, ૨ ધાન્ય, ૩, જય, ૪ નંદ, ખર, ૬ કાંત, ૭ મનોરમ, ૮ સુમુખ, ૯ દુર્મુખ, ૧૦ ઉગ્ર, ૧૧ રિપુદ, ૧૨ ધનદ, ૧૩ નાશ, ૧૪ આક્રંદ, ૧૫ વિપુલ, ૧૬ વિજય ઈત્યાદિ ઘરોનાં નામ છે. તેમાં ખર, દુર્મુખ, ઉગ્ર, રિપુદ, નાશ ને આક્રંદ એટલાં અશુભ છે. ૫૯


ઘરની કાંબડીનું પ્રમાણ.

ઘર જેટલા ગજ લાંબુ હોય, તેના ૯ ભાગ કરવા, તે રેખા કહેવાય. તે રેખા એવી પાડવી કે કોઇપણ અલીંદના ઓસારામાં દબાય નહીં, ને જો કદાપિ દબાય તો ઘરધણીને હાની કરે.

હવે કાંબડીનું પ્રમાણ જેટલા ગજ ઘર લાંબું હોય તેટલા ગજને નવે ભાગવા ને ભાગતાં જે ભાગ આવે તેટલા ગજની કાંબડી કરવી, જેમકે કોઇ ઘર ૨૩ ગજને ૯ આંગળ લાંબું છે ને ૭ ગજને ૨૩ આંગળ પોહોળું છે,

તો તેનું ૧૨ સું ઉત્રાફાલ્ગુની નક્ષત્ર મનુષ્યગણનું થયું ને દક્ષિણ દિશામાં પડયું. માટે તે ઘર પૂર્વ ને પશ્ચિમ એ દિશાનું થયું. હવે તેની કેટલી કાંબડી થઇ ? ૨૩ ગજ ૯ આંગળને ૯ નો ભાગ દેતાં ૨ા ગજ ૨ા આંગળ ને ૧ દોરાની કાંબડી થઇ એમ જાણવું.

## ઘરનો નકશો.



## કાંબડીની રેખા વિધાન.

હવે ૫ ગજને ૯ આંગળનો ઓરડો છે તેની બે કાંબડી થઇ એટલે ૫ ગજને ૪॥ આંગળ ઉપર રેખા છુટી, ને ૪। આંગળ રેખા ને ઓસાર વચે છુટ રહી ને ૧૫ આંગળનો ભડાનો ઓસાર મળી ૬ ગજ ઓરડાના ઓસારની બહારની ફરક સુધી થયું. હવે ૪ ગજને ૧૭ આંગળથી પરશાળ, તેમાં બે કાંબડી થઈ તેમાં ૪ ગજને ૯॥ આંગળ ઉપર કાંબડીની રેખા છુટી એટલે રેખાને પરશાળના ઓસાર વચે ૭। આંગળ છુટ રહી, ને તેનો ૧૫ આંગળનો ઓસાર એટલે ૫ ગજને ૮ આંગળ પરશાળના ઓસારની બહારની ફરક સુધી થયું.

હવે ૨ ગજને ૧ આંગળની માંડવી, તેમાં એક કાંબડી પડી તે કાંબડીની રેખા, ૧ ગજ ને ૧૫ આંગળ ઉપર છુટી ને ૯ આંગળ માંડવીની ઘેર વચે છુટ રહી ને ૧૫ નો ઓસાર મળી, ૨ ગજને ૧૬ આંગળ માંડવીની ઘેરની બહારની ફરક સુધી થયું.

હવે ૩ ગજ ને ૧ આંગળનો ચોક, તેમાં બે કાંબડી પડી તેની રેખા ચોકના ગરભે છુટી. એ રીતે કાંબડીની રેખા સમજવાનું છે. તેવી રીતે ગમે તે ઘરની રેખાઓ છોડવી, પણ લંબાઈનું પ્રમાણ જોઇ ઓછી વધતી કાંબડી કરવી. જેવી કાંબડી તે પ્રમાણે રેખા છુટે. ઘરની તથા ઓરડા પરશાળ ઇત્યાદિની આય એક કલ્પવી જોઇએ.

ઇતિશ્રી વાસ્તુશાસ્ત્રે શિલ્પદિપક ગ્રંથે પ્રકરણ ૪ થું સમાપ્ત.

---

# प्रकरण ५ मुं.

अथेनृपाणांभवनानिवक्ष्ये त्वेकातपत्रावानिपालकस्य ।
शतंचहस्ताष्टसमन्वितंच व्यासंगृहंचोत्तममेवतस्य ॥ १ ॥

અર્થ—ચક્રવર્તિ રાજેન્દ્રના આસાદનો વિસ્તાર એકસોઆઠ હાથનો રાખવો જોઇએ. ૧

येद्वापरेभूमिभूजोबभूवुः तेषांगृहंहस्तशतंद्विहीनं ।
तत्र्यंशभूमीश्वरकोनृनाथः त्वष्टाधिकाशीतिकरंगृहंस्यात् ॥ २ ॥

અર્થ—દ્વાપરમાં જે રાજાઓ હતા તેના પ્રાસદો ૯૮ હાથનાં હતાં અને તે રાજાઓના તાબામાં રહેતી જમીનના એક તૃત્યાંશ જમીનના અધિપતીઓનાં મકાનો અઠયાશી હાથનાં હતાં. ૨

ग्रामैकलक्षद्वयमास्तियस्य प्रोक्तोमहामंडलिकोनरेंद्रः ।
अशीतिहस्तंद्विकरेणहीनं कुर्याद्गृहंशोभनमेवतस्य ॥ ३ ॥

અર્થ—એક કે બે ગામવાળા મહામંડલીક કહેવાય છે. અને તેનું ઘર ૭૮ હાથનું કરવું. ૩

पंचायुतेशोनृपमंडलीको भवेद्गृहंतस्यकराष्टषष्टिः ।
सामंतमुख्योद्वयमुताधिपोसौ तद्गेहमष्टेषुकरप्रमाणं ॥ ४ ॥

અર્થ—૫૦૦૦૦ ગામવાળા ધણી મંડળીક કહેવાય. અને તેનો મહેલ ૬૮ હાથનો કરવો. ૨૦૦૦૦ ગામવાળો સામંત કહેવાય, તેનું ઘર ૫૮ હાથનું હોવું જોઇએ. ૪

सामंतसंज्ञोयुतनाथएव तद्वेश्मपंचाशदपिद्विहीनं ।
तथातृतीयोपिततोर्धहीन स्त्रिंशत्कराष्टाधिकमेवगेहं ॥ ५ ॥

અર્થ—૧૦૦૦૦ ગામવાળો સામંત હોય તેનું ૪૮ હાથનું કરવું અને ૫૦૦૦ ગામવાળા સામંતનું ૩૨ હાથનું કરવું. ૫

प्रोक्तःप्रवीणैश्चतुरासिकोसौ ग्रामाहियस्यैवसहस्रमेकं ।
अष्टाधिकंविंशातिहस्तहर्म्यं सिद्धयैसमस्तानियथोदितानि ॥६॥

અર્થ—એક હજારનો ધણી ચોર્યાશીનો ધણી હોય, અને તેનું ઘર ૨૮ હાથનું કરવું. ~~શાસ્ત્ર રીતી મુજબ ઘર કરવાથી~~ સિદ્ધતા પામે. ~~અનું વીપરીત રીતેથી હાણ~~ થાય. ૬

ग्रामाधिपायेतुशताधिपाश्च तेस्वल्पराष्ट्राअपिसैन्यपाश्च ।
तेषांगृहाअष्टदशाधिकैश्च करैःसमानामुनिनिर्मिताश्च ॥ ७ ॥

અર્થ—સો ગામનો ધણી ન્હાનો કહેવાય, તેનું અને મહારાજાના સેનાપતીનું ઘર સરખાં કરવાં અને તે ૧૮ હાથનાં હોવાં જોઇએ. ૭

भूपालयार्धेनचमंत्रिगेहं यथाधिकारेणभवंतिहीनं ।
व्यासाद्दशांशाधिकमेवदैर्घ्यं कुर्यादथोपंचमभागमिश्रं ॥ ८ ॥

અર્થ—રાજા કરતાં પ્રધાનનું અરધું અને તેથી ઉતરતા કામદારોનાં ઘર ક્રમવા અર્ધ અર્ધ ભાગમાં કરવાં ઘરની પહોળાઈથી દશમો ભાગ વધારી લંબાઈ કરવી. નહીંતો પહોળાઈનો પાંચમો ભાગ લંબાઈમાં ઉમેરી લેવો. ૮

गृहंचतुर्हस्तामितंकरादि वृद्ध्याद्विरामांतमितिप्रमाणं ।
ततःपरंभूपतिमंदिराणि यावच्छतंचाष्टकराभियुक्त ॥ ९ ॥

અર્થ— સાધરણ માણસનું ઘર ૩૨ હાથનું અને તે ઉપરાંત રાજા વિગેરેનાં ઘર એકસો આઠ હાથનાં હોવાં જોઇએ. ૯

स्याद्भूमिरेकावसुहस्तगेहे दशाभिवृध्याचपुनर्द्वितीया ।
प्रासादएवामरभूपयोश्च हर्म्याणिलोकेमुनिनोदितानि ॥ १० ॥

અર્થ— આઠ હાથવાળા ઘરની એક ભોમ રાખવી, અઢારની બે કરવી, દેવ કે રાજાનાં ઘરોને પ્રાસાદ અને માણસનાં ઘરોને હર્મ્ય કહેવાય. ૧૦

शालायानवधाचपंचकरतोमानंचविश्रांतकं
भित्तेरेवचतुर्दशांगुलमितंयावत्सपादंकरं ।
आगारस्यचषोडशांशरहितोप्यर्द्धेनहीनोथवा
भित्तेर्मानमिदंत्रिधाविरचितंकल्प्यंयथायोग्यतः ॥ ११ ॥

અર્થ—પાંચથી તેર હાથસુધીની શાળા હોય તો પાયાની પહોળાઇ ૧૪ આંગળ અથવા ઘરના વિસ્તારથી સોળમો કે સાડાપંદરમો ઓસાર રાખવો એ પ્રમાણે ભીંતનું માન છે. ૧૧

दैर्घ्येचंद्रकलांगुलोत्तमाशिलामध्यांगुलोनांतिमा
व्यासोदिग्नव भूभृदुच्छ्रितिरपित्र्यंशेनविस्तारतः ।
हस्तादे स्त्रिकरोदयंनवविधंपीठंगृहेसर्वतः ।
विप्रादेरसभूतवेदगुणकाःस्युःपीठकेमेखलाः ॥ १२ ॥

અર્થ—૧૬ આંગળ લાંબો પત્થર ઉત્તમ, ૧૫ મધ્યમ. ૧૪ કનિષ્ટ હોય. ૧૬ લાંબી ૧૦ પહોળી શીલ ઉત્તમ, ૧૫ લાંબી ૯ પહોળી મધ્યમ, ૧૪ લાંબી ૭ પહોળી કનિષ્ટ. પત્થરની પહોળાઇથી ત્રીજા ભાગે તે જાડો હોવો જોઇએ. શાળાની પીઠી એકથી ત્રણ હાથ સુધીની હોવી જોઇએ. ૧૨

षड्यावाथशतार्धसप्ततियुतैर्व्यासस्यहस्तांगुलैः
द्वारस्योदयकोभवेच्चभवनेमध्यःकनिष्ठोत्तमौ ।
दैर्घ्यार्द्धेनचविस्तरःशशिकलाभागोधिकःशस्यते ।
दैर्घ्यात्त्र्यंशविहीनमर्धरहितंमध्यंकनिष्ठंक्रमात ॥ १३ ॥

અર્થ—દ્વારની પહોળાઇના હાથ જેટલા આંગળમાં ૬૦ ઉમેરી તેટલો દ્વારનો ઉદય બનાવવો તે મધ્યમ છે. ૫૦ ઉમેરી બારણાની ઉભણી મુકેતો કનિષ્ટ કહેવાય. અને ૭૦ ઉમેરી ઉભણી કરે તો ઉત્તમ છે. ૧૩

ज्येष्ठाप्रतोलीतिथिहस्तसंख्या प्रोक्तोदयेविश्वकराचमध्या ।
कनिष्ठिकारुद्रकराक्रमेण व्यासेष्टसैवचरागसंख्या ॥ १४ ॥

અર્થ—દરવાજાની ઉભણી ૧૫ હોય તો ઉત્તમ, ૧૩ હોય તો મધ્યમ, ૧૧ હોય તો કનિષ્ટ કહેવાય. અને વ્યાસ ૮ હાથ હોય તો ઉત્તમ ૭ હોય તો મધ્યમ અને ૬ હોય તો કનિષ્ટ જાણવો. ૧૪

गेहोदयंतुविभजेन्नवधाषडंश स्तंभोर्द्धभागसमकंभरणंशिरश्च ।
कुंभिद्युदंबरसमैकविभागतुल्या पट्टश्चतंत्रिकयुतःसममानएव १५

અર્થ—ભોંયતળીએથી પાટડા સુધી ઉભણીના ૯ ભાગ કરવા, તેમાંથી ૭ ભાગનો થાંભલો અને અડધા ભાગનું ભરણું, અડધા ભાગનું શરૂ, એક ભાગની કુંભી ઉંબરાના મથાળા બરોબર કરવી અને એક ભાગમાં કનેરી સહીત પાટડો કરવો. ૧૫

दीपालयोदक्षिणादिग्विभागे सदाविधेयोगेल्यासमानः ।
वामेचमध्येनशुभायगेहे सुरालयेवामदिशीष्टसिद्धये ॥ १६ ॥

અર્થ—ગોખલો અથવા આળિયાં જમણા અંગે રાખવાં, આલયની બરોબર રાખવાં, ડાબે કે મધ્યે ન કરવાં, દેવમંદીરમાં ડબીકોર હોયતો હરકત નહી. ૧૬

द्वाराग्रेखटकीमुखंचतदधोद्वाःषोडशांशाधिकं
सर्वंवाशुभमिच्छताचसततंकार्यंतुपट्टादधः ।
तन्नूनंनशुभंतुलातलगतंकुक्षौतथापृष्टगं
काष्टंपंचकएवनीतमहितंयन्मूलपूर्वोत्तरं ॥ १७ ॥

અર્થ—ઘરના બારણા આગળ ખડકી મુકવી. બારણાની ઉભણીનો સોળમો ભાગ ખડકીમાં ઉમેરી તેટલી ઉભણી વાળી ખડકી કરવી. ૧૭

द्वारोर्द्धेयद्वारमस्यप्रमाणं संकीर्णंवाशोभनंनाधिकंतत् ।
हस्वद्वाराण्येवयानिप्रथूनि तेषांशीर्षाण्येकसूत्राणिकुर्यात् ॥१८॥

અર્થ- બારણામાં બારણું મુકવામાં આવે તેનું પ્રમાણ એ કે અંદરના બારણાથી બહારનું બારણું ~~ઊંચું ન કરવું~~ અને સુંદીર બનાવવું, ઉભણી ન વધારવી. નીચે ઉપરનાં બારણાંનાં મથાળાં એકસુત્ર રાખવાં. ૧૮

सर्वद्वारंचीयमानंरुजायै यद्वाहस्वंतत्करोत्यर्थनाशं ।
गेहाद्यंयत्पूर्ववास्तुस्वरुपं तेषांभंगान्नैवसौख्यंकदाचित् ॥१९॥

અર્થ- કોઈપણ તૈયાર બારણું ચણીલેવામાં આવે તો ઘરનાં માણસમાં રોગ થાય. અને નાનું મોટું કરવામાં ~~આવેતો ધન નાશ~~ થાય. પ્રથમ વાસ્તુ કરેલ ઘરનો ભંગ કરવામાં આવેતો ઘરધણી સુખ ન પામે. ૧૯

दैर्घ्येमार्धशतांगुलंचदशभिर्हीनंचतुर्धावधिः
प्रोक्तंचाथशतंत्वशीतिसहितंर्युक्तंनवत्याशतं ।
तद्वद्षोडशभिः शतंचनवभियुक्तंतथाशीतिकं
द्वारंमत्स्यमतानुसारिदशकंयोग्यंविधेयंबुधैः ॥ २० ॥

અર્થ---મત્સ્ય ~~પુરાણ~~ પ્રમાણે બારણાની ઉભણી ૧૫૦--આંગળના પ્રમાણમાં કરવી, તેમજ ૧૪૦-૧૩૦-૧૨૦-૧૧૦-૧૮૦-૧૯૦-૧૧૬-૧૦૯-૮૦ એવા પ્રમાણમાં પણ કરવી. ૨૦

स्वयमपिचकपाटोद्घाटनंवापिधानं
भयदमधिकहीनंशाखयोर्वाविचाले ।
पुरुषयुवतिनाशंस्तंभशाखाविहीनं
भयदमखिलकाष्टाग्रंयदाधःस्थितंस्यात् ॥ २१ ॥

અર્થ—બારણાં પોતાની મેળે બંધ થાય અનેઉઘડે, અને શાખો એક તરફ પહોળી અને બીજી તરફ સાંકડી હોયતો ભય પેદા થાય. થાંભલો, અને શાખા વિનાનું દ્વાર હોયતો સ્ત્રી પુરૂષનો નાશ કરે. ~~લાકડાની થડ ટોચનો~~ વિચાર ~~કરી ઉપર~~ નીચે ~~બારશાખ મુકાયતો~~ ભય કરે. ૨૧

देवालयंवाभवनंमठश्च भानोःकरैर्वायुभिरेवभिन्नं ।
तन्मूलभूमौपरिवर्जनीयं छायागतायस्यगृहस्यकूपे ॥ २२ ॥

અર્થ---મંદીર, ~~મઠ~~ કે ઘરના પ્રથમ ભાગમાં ~~વાયુ કે સૂર્ય ન આવવો જોઈએ~~. અને જે ઘરની ~~છાયા બીજા કે બીજા પહોરે~~ કુવામાં ~~ઉતરે~~ તો ઘર ~~ઉત્તમ ના~~ કહેવાય. ૨૨

नैकोलघुर्वामदिशाविभागे मध्योद्धिपट्टारुनवर्णगेहं ।
स्तंभासनंहीनमपिक्षयाय यदाधिकंरोगकरंतदास्यात् ॥ २३ ॥

અર્થ—એક અલીંદ ઘરની ડાબી બાજુ હોય તે સારૂં નહી. શાળા કે ઘરમાં ~~એક પાટડો સારો નહીં~~. કુંભી પણ પ્રમાણ કરતાં ઓછી ~~વધતી હોય તો ક્ષય કરે કે રોગ કરે~~. ૨૩

स्तंभोष्टास्रसुवृत्तभद्रसहितोरूपेणचालंकृतः
युक्तःपल्लवकैस्तथाभरणकंयत्पल्लवेनावृतं ।
कुंभीभद्रयुताकुमारसहितंशीर्षंतथाकिन्नरः
पत्रंचेत्तिगृहेनशोभनमिदंप्रासादकेशस्यते ॥ २४ ॥

અર્થ—ઘરમાં આઠ હાંસવાળો, ગોળ ખાંચાવાળો, મુર્તિવાળો, પાંદડાવાળો, કોતરેલા ભરણાંવાળો, કુંભીમાં ભદ્ર હોય તેવો, સ્થંભશરામાં ગ્રીચકવાળો, કીન્નરવાળો, પત્ર કોતરેલો એવા થાંભલા સારા નહીં તેતો મહેલમાંજ શોભાય. ૨૪

स्तंभोद्वयोर्मध्यगतोनशस्तः शुभंकरौपट्टयुगांशतोद्वौ ।
गृहेप्रशस्ताश्चतुरस्रकास्ते स्तंभानकंदेनविनाप्रशस्ताः ॥ २५ ॥

અર્થ—એક થાંભલો બે ઘરવચ્ચે હોય તે નઠારૂં પણ ભારવટ કે લગ એમ ચાર હોય તો સારા પણ તે ચોખંડા હોવા જોઇએ. થાંભલો કુંભી વિના સારો નહી. ૨૫

उच्छ्रायार्द्धविनिर्गतंशरयुगांशेनाधिकंशस्यते
छाद्यंपट्टसमानकंसुखकरंनाशायनिम्नोन्नतं ।
तत्काकस्यचपक्षवच्चकुमुदाभंसोपिकालापकं
प्रालंबंचकरालकंहिविबुधैःप्रोक्तंचतत्षड्विधं ॥ २६ ॥

અર્થ—કરાની ભણીથી અડધ કરાની ટોચમાં ઉમેરી જેટલી ઉંચાઈ થાય તેટલો કરો કરવો. છાપરાને વધારે ઢાળ રાખવો હોય તો કરાની ઉભણીનું અડધ ઉમેર્યું હોય તો પણ મુળ કરાનો ચોથોભાગ ઉમેરી ઉભણી કરવી. ઢાળ પાટડાથી નીચો કે ઉંચો રાખવો નહીં. ૨૬

भूम्यारोहणमुर्द्धतस्तदुपरिप्रागदक्षिणंशस्यते
द्वारंतूर्द्धभवंचभूमिरपराहस्वार्कभागैःक्रमात ।

प्रासादेचमठेनरेंद्रभवनेशैलःशुभोनोगृहे
तस्मिन्भीत्तिषुबाह्यकासुशुभदः प्राग्भूमिकुंम्यांतथा ॥२७॥

અર્થઃ—પહેલા બારણામાં ગયા પછી જમણા હાથ તરફ મેડીપર જવાની નીસરણી હોય તે સારી. નિચલા બારણા કરતાં મેડીનું બારણું બારમે અંશે ઘટતું કરવું, મેડીની ઉભણી પણ બાર અંશે ઓછી કરવી. ૨૭

पृष्टेक्षणानंतरमेवबाह्यात् गृहप्रवेशोनशुभंकरोसौ ।
गृहस्यपृष्टेयदिराजमार्गस्तदादिभूमेर्नाहिपृष्ठमक्षियं ॥ २८ ॥

અર્થ—બહારથી ઘરની પ્રથમ પછીત નજરે પડતાં અંદર જવાય તો તે નઠારૂં. પછીતે રાજમાર્ગ હોય તો સારૂ. પણ મેડી નિચેના ભાગની પછીત જોવાય અને અંદર જવાય તો પણ સારૂં નહીં અને રાજમાર્ગ હોય તો દોશરૂપ છે. ૨૮

जीर्णगेहंभित्तिभग्नंविशीर्णं तत्पातव्यंस्वर्णनागस्यदंतैः ।
गोशृंगैर्वाशिल्पिनानिश्चयेन पुजांकृत्वावास्तुदोषोनतस्य ॥२९॥

અર્થ—જે ઘર જુનું થયું હોય, ભીંત પડી હોય, વેરાન હોય, તેને પાડી ફરી ચણાવવું હોય તો સુવર્ણ હાથીદાંત તથા સુવર્ણ ગાયના શીંગડાથી ઘર પાડવું અને પાડયા પહેલાં વાસ્તુપુજા કરવી. ૨૯

हर्म्यस्यापिसमृद्धितोगृहपतिर्वृद्धिंयदापीहते
सर्वाशासुविवर्धनंचफलदंदुष्टंतदेकत्रच
प्राग्मित्रैरपिवैरमुत्तरदिशाभागेमनस्तापकृत्
पश्चादर्थविनाशिदक्षिणदिशःशत्रोर्भयंवर्द्धते ॥ ३० ॥

અર્થ—પૈસાદાર માણસનું ઘર કરવું હોય તો જમીન ઘરમાં વધારવી, પૂર્વની એકમ વધેતો મિત્રમાં વેર વધે. પશ્ચિમની વધેતો ઘર નાશ થાય, ઉત્તરની વધેતો સંતાપ થાય, દક્ષિણની વધેતો શત્રુભય થાય. થોડી થોડી ચારે બાજુએ વધારવી. ૩૦

वामांगेधनवस्त्रदेवभवनंधातुश्रियोर्वाजिनः
नार्यास्त्वोषधभोजनस्यभवनंस्याद्वाटिकावामतः
वह्नेर्गोजलदंतिशस्त्रसदनंस्त्रीणांतथादक्षिणे

स्थानंमहिषमाजमौर्णिकमिदंयाम्याग्निमध्येशुभं ॥ ३१ ॥

અર્થ—ધન, વસ્ત્ર, દેવ, લક્ષ્મી, ધાતુ, રાણી, ઘોડા, ઔષધ, વાદ્ય, ભોજન વગેરેનું સ્થાનક રાજાએ મહેલથી ડાબી બાજુ કરવું. અગ્નિ, ગાય, જળ, હાથી, શસ્ત્ર, સ્ત્રીઓનાં રહેઠાણો જમણી બાજુ કરવાં. ભેંશ, બકરાં ગાડરોનાં દક્ષિણ તથા અગ્નિ કોણે કરવાં. ૩૧

सुग्रीवेवरुणेऽसुरेगणवरेस्याद्घोटकानांगृहं
द्वास्थेयुद्धगृहंचनृत्यरमणंगंधर्वदेवाश्रितं ।
राज्ञोमातृगृहंजयेंद्रजयकेरुद्रेमाहिष्यागृहं
सत्येधर्मगृहंरवोव्ययगृहंप्रोक्तंजयेश्रीगृहं ॥ ३२ ॥

અર્થ—સુગ્રીવ, વરૂણ, અસુર, પુષ્પદંત, એના સ્થાનકે ઘોડાશાળા કરવી. નંદીના સ્થાનકે યુદ્ધગ્રહ કરવું. ગંધર્વ સ્થાને નાટયશાળા. જય ઇંદ્રજયને ઠેકાણે રાજમાતાનું ગ્રહ કરવું. રૂદ્રસ્થાને પાટરાણીનું ઘર કરવું. સત્યસ્થાને ધર્મશાળા, સૂર્યસ્થાને વ્યયશાળા કે તીજોરી અને જય સ્થાનકે લક્ષ્મીનું સ્થાન કરવું. ૩૨

ईशप्राच्योरंतरेगर्दभानामुष्ट्राणांवास्थानमेवात्रकार्यं ।
धान्यागारंस्याच्चवायव्यकोणे भृंशेप्येवंशंभुकोणेशिवार्चा ॥३३॥

અર્થ—ઇશાને પૂર્વે મધ્યમાં ગધેડાનું સ્થાનક કરવું. અને ઉંટનું કરવું. વાવ્ય કોણે ભૃંશસ્થાને કોઠાર કરવો, ઇશાને શંકર દેવળ કરવું. ૩૩

प्राक्पश्चिमेमारुतवह्निकोणे प्रोक्ताप्रवीणैरपिनृत्यशाला ।
वर्चोगृहंरात्रिचरस्यकोणे स्यात्पश्चिमेभोजनशालिकाच ॥ ३४ ॥

અર્થ—પૂર્વે, પશ્ચિમે, વાયવ્યે અને અગ્નિ કોણે નાટકશાળા કરવી, નૈરૂત્યે પાયખાનું અને પશ્ચિમે ભોજનગૃહ કરવું. ૩૪

प्राक्शोभानृपमंदिरेचपुरतःस्थानंतथापौत्रकं
वामांगेनृपतेस्तथायुधधराःकृष्णातनुत्राणिच ।
छत्रंचामरतापसाःस्वगुरवस्तांबूलधृक्दक्षिणे
गेहाधीशयदृच्छयाचशयनंसर्वासुभूमीषुच ॥ ३५ ॥

અર્થ—મહેલમાં સારો મંડપ બનાવવો. અને તેની પાસે કુમારોનો મહેલ

કરવો. ડાબી બાજુ, યોદ્ધા અને બખતરોનું ઠેકાણું કરવું. જમણી બાજુ છત્ર ધરનાર, ચામર ઢોળનાર, ગુરૂજી, તંબોળીનું રહેઠાણ કરવું. શયનગ્રહ તો મરજી મુજબ કરવું. ૩૫

विवस्वदाख्येध्ययनंप्रसिद्धंवादित्रगेहंसवितुर्विधेयं ।
पूषाश्रितंभोजनमंदिरंचमहानसंवह्निदिशाविभागे ॥ ३६ ॥

અર્થ—પાઠશાળા વિવસ્વતના સ્થાને કરવી, સવિતાના સ્થાને વાજીંત્રશાળા અને પુષના સ્થાને ભોજનગૃહ અને અગ્નિ કોણે રસોડું એમ કરવું. ૩૬

माहेंद्राख्येगोपुरंद्वित्रिभूमं भानोःसंख्यातस्यमध्येविधेया ।
उक्तानुक्तंमंदिरादौनिवेशे त्वष्ट्राकार्यंचाज्ञयाभूपतीनां ॥३७॥

અર્થ—ઇંદ્રસ્થાને બે કે ત્રણ ભૂમિ વાળો દરવાજો કરવો તેમાં સૂર્યની ગતિની સંખ્યા ગણવાનું યંત્ર રાખવું. આ સિવાય જે જણાવેલ નથી તે પણ રાજા આજ્ઞા કરે તો તે પણ કરવું. ૩૭

दिक्शालांतंह्येकशालादिगेहं ज्येष्ठामध्याकन्यसादक्षिणांगात् ।
शालाकार्यालोकगेहेयुगांता त्रिद्व्येकाःस्युर्भूमयस्तेषुनूनं ॥३८॥

અર્થ—એકથી માંડી દશશાળા સુધી ઘરો બનાવવાં, તેમાં ઉત્તમ મધ્યમ અને કનિષ્ટ એવા ત્રણ પ્રકારો છે, પણ લોકો વાસ્તે એકથી ચારશાળા સુધી ઘરો કરવાનાં છે. તે એક, બે, કે ત્રણ માળ સુધી કરવાં કહ્યાં છે. ૩૮

---

# प्रकरण ६ ठुं.

## ગામમાં વાસ કરવાનો વિચાર.

यद्व्यंकसुतेशदिङ्नीतमसौग्रामःशुभोनामभा ।
त्संवर्गाद्विगुणंविधायपरवर्गाढ्यंगजैःशेषितम् ॥
काकिण्यस्त्वनयोश्चतद्विवरतो यस्याधिकाःसोऽर्थदो ।
ऽथद्वारंद्विज वैश्यशुद्रनृपराशिनांहितंपूर्वतः ॥ १ ॥

અર્થ—જે પોતાના નામની રાશીથી ગામની રાશી ૨, ૯, ૫, ૧૦,મી હોયતો એ ગામમાં રહેવું તે શુભ છે.

વળી પોતાના નામનો જે પહેલો અક્ષર હોય તે પોતાનો વર્ગ જાણવો તે વર્ગને બમણો કરવો ને પછી ગામના વર્ગને જોડવો. પછી ગામના વર્ગને બ-

મણો કરી પોતાનો વર્ગ જોડવો. તે બે વર્ગને જુદા જુદા રાખી ૮) નો ભાગ દેવો. ભાગ દેતાં જે બચે તે કાકિણી સંજ્ઞા કહેવાય, એમાંથી જેની કાકિણી વધે તે લાભ આપે ને જેની ઘટે તે લેણદાર.

બ્રાહ્મણ, વૈશ્ય, શુદ્ર, ક્ષત્રી ચારે વર્ણની રાશી વાળાઓને ક્રમથી. પૂર્વ, દક્ષિણ, પશ્ચિમને ઉત્તર દિશાનાં દ્વાર રાખવાં એ શુભ છે.

## ઉદાહરણ.

કોઈ એક માણસનું નામ ધનંજય છે ને ગામનું નામ વિશ્વનગર છે. હવે ધનંજયનો ૫) મો વર્ગ થયો ને ગામનો વર્ગ ૭) મો થયો તો પાંચને બમણા કર્યા તો ૧૦) થયા તેમાં ગામનો વર્ગ મેળવતાં ૧૭) થયા, તેને આઠે ભાગતાં ૧) વધ્યો તે માણસની કાકિણી.

હવે ગામનો વર્ગ ૭) છે તેને બમણા કર્યા એટલે ૧૪) થયા ને તેમાં ધણીનો વર્ગ ૫ મો મેળવ્યો એટલે ૧૯ ની સંખ્યા થઈ તેને આઠે ( ૮ ) ભાગ દેતાં ૩ ) વધ્યા તે ગામની કાકિણી થઈ. તેમાં મનુષ્યની કરતાં ગામની કાકિણી વધી માટે મનુષ્ય પાસે ગામ માગે તે ઠીક નહીં. ૧

### ગામમાં વસવા વિશે.

गासिहनक्रमिथुनं निवसेन्नमध्ये ।
ग्रामस्यपुर्वककुभोऽलिझषांगनाश्च ॥
कर्कोधनुस्तुलभमेषघटाश्चतद्व ।
द्वर्गाःस्वपंचमपराबलिनःस्युरैंद्रयाः ॥ २ ॥

અર્થ—વૃષભ, સિંહ, મકર, મીથુન એ રાશીવાળાને ગામની મધ્યમમાં ન વસવું, ને વૃશ્ચિક રાશીવાળાને, ગામની પૂર્વે ન વસવું, ને મીન રાશીવાળાને અગ્નિ કોણે ને કંન્યા રાશીવાળાને દક્ષિણે ને કર્ક રાશીવાળાને નૈરૃત્યે, ને ધન રાશીવાળાને પશ્ચિમે, ને તુળારાશીવાળાને વાવ્યકોણે, એને મેષરાશી વાળાને ઉત્તરે, ને કુંભ રાશીવાળાને ઈશાન કોણમાં વસવું નહીં, પોતાના વર્ગથી પાંચમો વર્ગ શત્રુ છે માટે પૂર્વાદી જે આઠ દીશાયો તેમાં સમવર્ગ જોઈ વસવું તો બળવાન છે. ૨

### આયપરથી ઘરનાં દ્વાર મુકવાની રીત.

द्वजादिकाःसर्वदिशिद्वजेमुखं ।
कार्यं हरौ पूर्वयमोत्तरेतथा

प्राच्यां वृषे प्राग्यमयोर्गजेऽथवा ।
पश्चादुदक्यर्वयमे द्विजादितः ॥ ३ ॥

અર્થ— જો ઘરની ધ્વજ આય હોયતો ઘરનું દ્વાર સર્વે દિશાયોમાં રાખવું અને સિંહાય હોય તો ઘરનું પૂર્વ, દક્ષિણ, ઉત્તર ત્રણ દીશામાં મુખ રાખવું, વૃષાય હોય તો પૂર્વમાં દ્વાર કરવું, ને ગજાય હોય તો પૂર્વ ને દક્ષિણમાં દ્વાર કરવું અથવા બ્રાહ્મણને આદી લેઇ ચારે વર્ણને ક્રમથી પશ્ચિમ, ઉત્તર, પૂર્વ, દક્ષિણ દીશામાં દ્વાર શુભ છે. ૩

ઘરમાં વાસ કરવાના નિષેધ ગ્રહ.

गृहेश तत्स्त्रीसुख वित्त नाशौ
ऽर्के द्रीज्य शुक्रे विबलेऽस्तनीचे ।
कर्तुःस्थितिर्नोविधु वास्तुनोर्भे
पुरःस्थिते पृष्ट गते खनिश्यात् ॥ ४ ॥

અર્થ— ઘરના સ્વામીની જન્મરાશિથી જો સૂર્ય, ચંદ્ર, બૃહસ્પતિ અને શુક્ર નિર્બલ હોય, અથવા અસ્ત હોય અથવા નીચ રાશિપર હોય તો ક્રમથી, સ્વામી, સ્ત્રી, સુખ, ને વિત્ત ( લક્ષ્મી ) નો નાશ કરે છે. વળી ચંદ્રનું નક્ષત્ર અને વાસ્તુનું નક્ષત્ર એ બે સનમુખ હોય તો ઘરના સ્વામીનો એ ઘરમાં વાસ ન હોય અને જો વાસ પાછળથી હોય તો તે ઘર ચોરથી ખોદાય. ૪

કઇ તીથીમાં ઘરનું દ્વાર ન મૂકવું તે વિષે.

पुर्णेंदुतः प्राग्वदनं नवम्यादिषूत्तरास्यं त्वथ पश्चिमास्यम् ।
दर्शादितः शुक्लदले नवम्या दौदक्षिणास्यं न शुभंवदंति ॥५॥

અર્થ— પૂર્ણિમાથી તે કૃષ્ણપક્ષની આઠમ સુધી પૂર્વના મુખવાળું ઘર ન કરવું. ને નોમીથી તે ચોદશસુધી ઉત્તરમુખનું ન કરવું. ને અમાવાસ્યાથી શુકલપક્ષની આઠમ સુધી પશ્ચિમ મુખનું ન કરવું ને શુકલ પક્ષની નોમથી તે ચૌદશ સુધી દક્ષિણના મુખનું ઘર ન કરવું. ૫

ઘર કરવાનાં વાર ને લગ્ન.

भोमार्क रिक्ता माद्युने चरोनेगोवि पंचके ।
व्यष्टांत्यस्थैः शुभैर्गेहारंभ स्त्र्यायारिगैः खलैः ॥ ६ ॥

અર્થ— મંગળવાર, રવીવાર, રીકતાતીથી, અમાવાસ્યા, અષ્ટમી ને ચરલગ્ન, પંચક, એટલાને ત્યાગીને ૧૨, ૮ મે લગ્ને શુભગ્રહ હોય અને ૩, ૬, ૧૧, મે

લગ્ને પાપગ્રહ હોય તો ઘર કરવાનો આરંભ કરવો. ૬

ઘરમાં કુવો કરવાની દીશા જોવાનું.

कूपे वास्तोर्मध्यदेशेऽर्थनासा
स्त्वैशान्यादौ पुष्टी रेश्वर्यवृद्धि ।
सूनोर्नाशः स्त्रीविनाश मृतिश्च
संपत् पीडा शत्रुतः स्याच्च सौख्यम ॥ ७ ॥

અર્થ—ઘરના મધ્ય ભાગમાં કુવો કરે તો ધનહાની થાય, ને ઇશાન્ય કોણમાં કરે તો પુષ્ટી કરે, પૂર્વ દીશાએ કરે તો ઐશ્વર્ય વૃદ્ધી કરે, તથા અગ્નિ કોણે કરે તો પુત્ર નાશ કરે ને દક્ષિણ દિશામાં કરે તો સ્રીનો નાશ કરે, અને નૈરૃત્ય કોણમાં કરેતો ઘરધણીનું મૃત્યુ થાય, પશ્ચિમે કરેતો શુભ છે, વાવ્યકોણમાં કરે તો શત્રુની પીડા થાય, ને ઉત્તર દીશામાં કુવો કરે તો સુખ ઉપજે. એ રીતે કુવો કરવાની દીશાઓ સમજવી. ૭

ઘરના આવરદા જાણવાની રીત.

जीवार्के पिम्लुक्र शनैश्चरेषु
लग्नारिजा मित्र सुख त्रिगेषु ।
स्थितिः शतंस्या च्छरदां सितर्का
रज्येतनुत्र्यंग सुते शतेद्वे ॥ ८ ॥

અર્થ—ઘરનો આરંભ કરતી વખતેજ જો (૧) લગ્નમાં ગુરૂ, (૬) સૂર્ય, (૭) મામાં શુક્ર, ૪) થા લગ્નમાં બુધ ને ૩) જામાં શની હોય તો ઘર ૧૦૦) વર્ષ સુધી કાયમ રહે. (૨) અને જો શુક્ર લગ્નમાં ને ૩) જે સુર્ય ને ૬) ઠે મંગળ ને ૫) મે ગુરૂ એ રીતે ગ્રહ હોયતો ઘર ૨૦૦) વર્ષ સુધી આબાદ રહે. ૮

लग्नांबरायेषु भृगुज्ञभानुभिः
केंद्रेगुरौवर्षशतायुरालयम् ।
वंधोगुरूव्योम्निशशीकुजार्कजौ
लाभेतदाशिति समायुरालयम् ॥ ९ ॥

અર્થ—(૧) ગ્રહારંભની વખતે લગ્નમાં શુક્ર ને ૧૦) મે બુધ ને ૧૧ મે સૂર્ય અને લગ્ન રહીત કેંદ્રસ્થાનમાં બ્રહસ્પતી હોય તો વે ઘરનો ૧૦૦) વર્ષનો આવરદા હોય. (૨) ચોથે લગ્ને બ્રહસ્પતી, ને ૧૦) મે ચંદ્ર. મંગળને શની ૧૧ મે સ્થાને હોય તો તે ઘરનો આવરદા ૮૦) વર્ષનો હોય.

### લક્ષ્મીયુક્ત ઘરનો યોગ.

स्वोच्चेशुक्रेलग्नगेवा गुरोर्वेश्मगत्तेऽथवा ।
शनौस्वोच्चेलाभगेवा लक्ष्म्यायुक्तंचिरगृहम् ॥ १० ॥

અર્થ—ગૃહારંભ વખતે લગ્નમાં શુક્ર ઉંચનો હોય, વા કર્કનો બ્રહસ્પતિ ૪) થે હોય, વા તુળાનો શની ૧૧) મે હોય, તો ઘણા કાળ સુધી તે ઘર લક્ષ્મી યુક્ત રહે. ૧૦

### ઘર બીજા ધણી પાસે જવાના યોગ.

द्युनांबेर यदैकोऽपिपरांशस्थोगृहोगृहम् ।
अब्दांतःपरहस्तस्थं कुर्याच्चद्रर्णपाऽबलः ॥ ११ ॥

અર્થ—જ્યારે એકપણ ગૃહશત્રુના નવાંશકમાં પ્રાપ્ત થઈને ૭ મે વા ૧૦ મા સ્થાનમાં હોય અને વરણુનો સ્વામી નિર્બળ હોય, તો એક વર્ષમાં તે ઘર બીજે ઠેકાણે વેચાઈ જાય ને જો વરણુનો સ્વામી બળવાન હોયતો તે ન જાય.૧૧

### ઘરના આરંભમાં નક્ષત્ર વારનાં વિશેષ ફળ જોવાનું.

पुष्यध्रुवेंदुहरिसर्पजलैःसजीवै
रतद्वासरेणचकृतं सुतराजदंस्यात्
द्विशाश्वितक्षवसु पासिशिवैःसशुक्रे ।
र्वारेसितस्यचगृहं धनधान्यदंस्यात् ॥ १२ ॥

અર્થ—પુષ્ય ધ્રુવસંજ્ઞક, મૃગશીર, શ્રવણ, અશ્લેષા, પુર્વાશાઢા એ નક્ષત્રોમાં જેનાપર બ્રહસ્પતિ હોય, એ નક્ષત્રમાં અને બ્રહસ્પત વારમાં જો ગ્રહારંભ હોય તો તે ઘર પુત્ર પરીવારવાળું અને રાજ સંપત્તી મળે તેવું થાય, અને વિશાખા, અશ્વિની, ચીત્રા, ધનીષ્ટા, શતભીષા, આરૂદ્રા એ નક્ષત્રોમાં જેના ઉપર શુક્ર હોય ને શુક્રવારમાં ગૃહારંભ કરવામાં આવે તો તે ઘર ધનધાન્યની વૃદ્ધી કરે તેવું થાય. ૧૨

सारेःकरेज्यांत्पमघांबुमूलैः
कौजेऽह्विवेस्माग्निसुतार्तिदंस्यात् ।
सज्ञैःकदास्रार्यमतक्षहस्तै
र्ज्ञस्यैववारेसुखपुत्रदंस्यात् ॥ १३ ॥

અર્થ—હસ્ત, પુષ્ય, રેવતી, મઘા, પુર્વાષાઢા, મૂળ, એ નક્ષત્રોમાં કોઈ

નક્ષત્રપર મંગળ હોય, ને તે દિવસે મંગળવાર હોય ને ઘરનો આરંભ કરવામાં આવે તો તે ઘરમાં અગ્નિનો ભય અગર પુત્રની પીડા હોય. વળી રોહણી, અશ્વની, ઉત્તરાફાલ્ગુની, ચીત્રા, હસ્ત, એ નક્ષત્રોમાં કોઇ નક્ષત્રપર બુધ હોય ને બુધવારમાં ઘરનો આરંભ કરવામાં આવે તો તે ઘરમાં સુખ અને પુત્ર દાયક હોય.૧૩

अजैकपदहिर्बुध्न्य शक्रमित्रानिलांतकैः ।
समंदैर्मंदवारे स्याद्रक्षोभूतयुतंगृहम् ॥ १४ ॥

અર્થ—પુર્વાભાદ્ર, ઉત્રાભાદ્ર, જેષ્ટા, અનુરાધા, રેવતી, સ્વાતી, ભરણી, એ નક્ષત્રોમાં કોઇ નક્ષત્ર ઉપર શની હોય, વળી શનીવાર હોય ને ઘરનો આરંભ કરવામાં આવે તો તે ઘરમાં ભુતનો વાસ થાય. ૧૪

સૂર્ય, ચંદ્ર યુક્ત નક્ષત્ર અને વાર ન લખ્યા તે ઉપર વશીષ્ટરૂષીનું વચન છેકે

अग्निनक्षत्रगेसुर्ये चंद्रेवासंस्थितेयदी ।
निर्मितंमन्दिरंनून मग्निनादह्यतेचिरात् ॥ १५ ॥


અર્થ—સૂર્ય, ચંદ્ર, જ્યારે કૃતિકા ઉપર હોય તે નક્ષત્રમાં ને રવી ને સોમવારમાં ઘરનો આરંભ થાય તો અગ્નિભય હોય, પણ અહીંઆં એક શંકા છે. કેમકે કૃતિકા નક્ષત્ર તો સ્વયંગ્રહણ નથી ને કેમ લખ્યું. એના લીધે એ શ્લોકનું એ પ્રયોજન છે કે વિહાત નક્ષત્ર ન મળવામાં કદાચીત્ એના વિશે ન કરી લે, એટલા માટે એ વાક્ય નિષેધાર્થ અને અત્યંત દુષીત છે. ૧૫

### અથદ્વારચક્રની સમજણ.

सूर्यर्क्षाद्युगभैः शिरस्यथफलं लक्ष्मीस्ततःकोणभै
र्नागैरुद्वसनंततोगजमितैः शाखासुसौख्यंभवेत् ।
देहल्यांगुणभैर्मृतिर्गृहपतै र्मध्यस्थितैर्वेदभैः
सौख्यंचक्रमिदं विलोक्यसुधिया द्वारंविधेयंशुभम् ॥१६॥

અર્થ—સૂર્યના નક્ષત્રથી ૪) નક્ષત્ર દ્વારના શારે મુકવાં તેનું ફળ એ છે કે લક્ષ્મી પ્રાપ્તિ કરે, પછી ૮) ચારે કોણમાં ( દરેક કોણે બબે ) મુકવાં તેનું ફળ નેષ્ટ છે તે મોહુરતમાં દ્વાર મુકે તો તે ઘરમાં મનુષ્યનો વાસ થાય નહીં અથાર્થ શુન્ય રહે. પછી ૮ નક્ષત્ર બે બાજુની બે શાખાએ ચાર ચાર મુકવાં તેનું ફળ સુખ આપે. પછી ૩) નક્ષત્ર ને અભીજીતગણી મુકે તો ૪) નક્ષત્ર દેહેલી ( ઉંબરે ) મુકતાં તેનું ફળ ઘરધણીનું મૃત્યુ થાય, પછી ૪ ) મધ્યમાં મુકવાં તેનું ફળ સુખ સંપત્તી આપે તેવું છે એ પ્રમાણે જોઇને પંડીતોએ દ્વારનું મોહુરત આપવું. ૧૬

## દ્વાર ચક્ર.




એ દ્વારચક્રની એવી સમજણ છે કે સૂર્યના નક્ષત્રથી દીનીયા નક્ષત્ર સુધી નક્ષત્ર ગણવાં; ગણતાં જે અંક આવે તેમાંથી ચાર બારણાના સીરે મુકવાં; તે પુર્વ સમજવું, પછી શ્રષ્ટી માર્ગે અગ્નીકોણે બે મુકવાં; પછી દક્ષીણસાખે ૪ મુકવાં પછી નૈરૂત્યે ૨) મુકવાં પછી તલઘટે ૪) મુકવાં પછી વાવ્યકોણે ૨) મુકવાં પછી ઉત્તરે ૪) મુકવાં પછી ઈશાન્યકોણે ૨) મુકવાં તે પછી મધ્યમાં ૪) મુકવાં એવી રીતે દ્વાર મોહુરત આપવું.

### અથ ઘરમાં વાસ પુરવાનાં મોહુરત.

सौम्यायनज्येष्टतपोऽत्यमाधवे
यात्रानिवृत्तौनृपतेर्नवेगृहे ।
स्याद्वेशनंद्वास्थमृदुध्रुवोडुभि
र्जन्मर्क्षलग्नो पचयोदयेस्थिरे ॥ १७ ॥

અર્થ—ઉત્તરાયણના સૂર્ય, જેઠ, ફાગણ, વૈશાખમાસ દ્વારના. તથા મૃદુ-શંઝક, ધ્રુવસંઝક નક્ષત્ર અને જન્મનીરાશી અથવા જન્મલગ્નમાં ઉપચય, ( ૩, ૬, ૧૦, ૧૧ ) તથા સ્થીર લગ્ન હોય એ સમયમાં રાજાએ યાત્રા (મુસાફરી)થી આવી નવિન ઘરમાં પ્રવેશ કરે તો શુભ છે. ૧૭

અથ જીર્ણ ઘરમાં પ્રવેશનાં મોહુરત.

जीर्णगृहेऽग्न्यादिभयान्नवेऽपि ।
मार्गोर्जयोः श्रावणिकेऽपिसत्स्यात् ॥
वेशोऽबुपेज्योनिलवासवेष्ठू ।
नावश्यमस्तादिविचारणाऽत्र ॥ १८ ॥

અર્થ—જીર્ણ તથા અગ્નિથી બળેલું, વર્ષાદથી પડેલું વા કોઇ પ્રકારના ભયથી નવિન ( જીર્ણ ઉદ્ધાર ) કરેલા ઘરમાં ઘર પ્રવેશ કરવો હોય તો કાર્તિક, માર્ગશીર, શ્રાવણમાસ શતભીષા, પુષ્ય, સ્વાતી, ધનીષ્ટા, નક્ષત્ર શ્રેષ્ઠ છે. અને એ કામમાં ગુરૂ કે શુક્રના અસ્તનો પણ દોષ નથી. ૧૮.

ઘર પ્રવેશ પહેલાં વાસ્તુશાંતી લગ્ન વારાદી.

मृदुध्रुवक्षिप्रचरेषुमूलभे ।
वास्त्वर्चनंभूतबलिंचकारयेत् ।
त्रिकोणकेंद्रायधनत्रिगैःशुभे ॥
लग्नेत्रिषष्ठायगतैश्चपापकै ॥ १९ ॥

અર્થ—ધ્રુવ, મૃદુ, ક્ષિપ્ર, ચળ, મુળ, નક્ષત્રોમાં તથા કેંદ્ર, ત્રિકોણ સ્થાનમાં ૧૧, ૨, ૩, શુભગ્રહ અને ૩, ૬, ૧૧ માં પાપગ્રહ હોય એવા લગ્નમાં વાસ્તુ-પુજન અને ભૂતબળી કરવી જોઇએ. ૧૯

કળસ મુકવાનું મોહુરત.

शुद्धांबुरंध्रे विजनुर्भमृत्यौ
व्यर्कारिरिक्ताचरदर्शचैत्रे ॥
अग्रेऽबुपुर्ण कलशांद्विजांश्च ।
कृत्वाविशेद्वेश्म भकूटशुद्धम् ॥ २० ॥

અર્થ—ચોથો ને આઠમો ભાવ શુદ્ધ હોય, જન્મ લગ્ન ને જન્મરાશીથી

આઠમું લગ્ન ન હોય તથા રવી, મંગળવાર રીક્તાતીથિ, ચરલગ્ન, અમાવાસ્યા, ચૈત્રમાસ ઇત્યાદી ત્યાગ કરી, શુદ્ધ ભકુટમાં જળપૂર્ણ કળસ તથા બ્રાહ્મણોને આગળ કરી ગ્રહપ્રવેશ કરવો. ૨૦

## વામ રવિનો વિચાર.

वामोरविर्मृत्युसुतार्थलाभतो
ऽर्केपंचमेप्राग्वदनादिमंदिरे
पुर्णेतिथौप्राग्वदनोगृहेशुभो
नंदादिके याम्यजलोत्तरामने ॥ २१ ॥

અર્થ—જો સૂર્ય લગ્નથી ૮, ૫, ૨, ૧૧ એ સ્થાનોથી (ચાર સ્થાનો) પછી ૫) સ્થાનોમાં સૂર્ય હોય, તો ક્રમથી પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તરવાળા ઘરમાં ઘર પ્રવેશ કરનારને વામ રવી હોય. અને પુર્વ દ્વાર ઘર હોય તો પૂર્ણા તિથીમાં પ્રવેશ સારો, દક્ષિણદ્વાર ઘર હોય તો નંદાતીથીમાં પ્રવેશ સારો અને પશ્ચિમ દ્વાર ઘર હોય તો ભદ્રા તીથીમાં પ્રવેશ સારો ને ઉત્તર દ્વાર ઘર હોય તો જયા તીથીમાં ઘર પ્રવેશ સારો ને શુભ કરતા છે. ૨૧

## અથ કળસ ચક્ર.

वक्र्कंभूरविभात्प्रवेशसमये कुंभेऽग्निदाहः कृताः
प्राच्यामुद्वसनंकृता यमगतालाभःकृताःपश्चिमे ।
श्रीर्वेदाःकलिरुत्तरे युगमितागर्भेविनाशोगुदे
रामाःस्थैर्यमतःस्थिरत्वमनलाः कंठेभवेत्सर्वदा ॥ २२ ॥

અર્થ—સૂર્યના નક્ષત્રથી ચંદ્રના નક્ષત્ર સુધી ગણવું, પછી ૧ નક્ષત્ર કળસના મુખમાં મુકવું. ત્યાં મોહુરત હોય તો અગ્નિદાહ હોય, પછી ૪) પૂર્વમાં તેનું ફળ મોહુરત કરે તો તે વાસસુન્ય થાય, પછી ૪) દક્ષિણમાં તે મોહુરત શુભ છે, પછી ૪) પશ્ચીમમા તેનું ફળ લાભ થાય, પછી ૪) ઉત્તરમાં તેનું ફળ કલેશ કરે. પછી, ૪ ગર્ભમાં તેનું ફળ વિનાશ, પછી ૩ તળે તેનું ફળ સ્થિતી કરાવે પછી કળસના કંઠમાં તેનું ફળ ઘરધણીની ચીર સ્થિતી (ઉદવેગ) વાળી સ્થીતી કરાવે. ૨૨

## ગ્રહ પ્રવેશ કર્યા પછી કરવાની વીધિ.

एवंसुलग्नेस्वगृहप्रवेश्य वितानपुष्पश्रुतिघोषयुक्तम् ।
शिल्पज्ञदैवज्ञविधिज्ञपौरान् राजार्चयेद् भुमिहिरण्यवस्त्रैः ॥२३॥

અર્થ—રાજા ઈત્યાદી ચારે વર્ણને શુભ લગ્નમાં વિતાન, પૃષ્પ, વેદધ્વની ઈત્યાદી શુભ ઉપચારોથી ઘરને વિશે પ્રવેશ કરી પછી શીલ્પી (સુતાર) જોષીને આચાર્ય વીગેરે પુરવાશીઓને ભુમી, સુવર્ણ, વસ્રાદીથી, પુજન કરવું જોઈએ. ૨૩

## ૨૬ નક્ષત્રનાં નામ.

અશ્વની, ભરણી, કૃતીકા, રોહીણી, મૃગશીર, આરૂદ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, મઘા, પુર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચીત્રા, સ્વાતી, વીશાખા, અનુરાધા, જેષ્ટા, મૂળ, પુર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભીજીત, શ્રવણ, ધનેષ્ટા, શતભીષા, પુર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી, એ અઠાવીશ નક્ષત્ર જાણવાં.

## નક્ષત્ર ઉપરથી રાશીચંદ્ર જોવાનું કોષ્ટક.

| પાયા. | નક્ષત્ર. | રાશિચંદ્ર | પાયા. | નક્ષત્ર. | રાશિચંદ્ર | પાયા. | નક્ષગ. | રાશીચંદ્ર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧<br>૧<br>૦। | અશ્વની.<br>ભરણી.<br>કૃતિકા. | મેષ.<br>નાચંદ્ર. | ૧<br>૧<br>૦। | મઘા.<br>પૂર્વા ફા.<br>ઉત્તરા ફા. | સિંહ<br>નાચંદ્ર. | ૧<br>૧<br>૦। | મૂળ.<br>પુર્વાશાઢા.<br>ઉત્તરાશાઢા | ધનના<br>ચંદ્ર. |
| ૦॥। | કૃતિકા.<br>રોહિણી.<br>મૃગશીર. | વૃષભ.<br>નાચંદ્ર. | ૦॥।<br>૧<br>૦॥ | ઉત્તરા ફા.<br>હસ્ત.<br>ચીત્રા. | કન્યા.<br>નાચંદ્ર. | ૦॥।<br>૧<br>૦॥ | ઉત્તરાશાઢા<br>શ્રવણ.<br>ધનેષ્ટા. | મકરના<br>ચંદ્ર |
| ૦॥<br>૧<br>૦॥। | મૃગશીર.<br>આરૂદ્રા.<br>પુનર્વસુ. | મિથુન.<br>નાચંદ્ર. | ૦॥<br>૧<br>૦॥। | ચીત્રા.<br>સ્વાતી.<br>વિશાખા. | તુળા.<br>નાચંદ્ર. | ૦॥<br>૧<br>૦॥। | ધનેષ્ટા.<br>શતભીષા.<br>પુર્વાભાદ. | કુંભના<br>ચંદ્ર. |
| ૦।<br>૧<br>૧ | પુનર્વસુ.<br>પુષ્ય.<br>અશ્લેષા. | કર્કના.<br>ચંદ્ર. | ૦।<br>૧<br>૧ | વિશાખા.<br>અનુરાધા.<br>જેષ્ટા. | વૃશ્ચીક<br>નાચંદ્ર. | ૦॥<br>૧<br>૧ | પુર્વાભાદ.<br>ઉત્તરાભા.<br>રેવતી. | મીનના<br>ચંદ્ર. |

## ચારે દીશાઓમાં ચંદ્રનું ઘર જોવાનું.

**मेषेषुसिंहेघनपूर्वभागे वृषेषुकन्यामकरेतुयाम्याम् ।**
**मिथुनेतुलैवेघटपश्चिमायां कर्केषुमीनेअलीउत्तरायें ॥ २४ ॥**

અર્થ—મેષ, સિંહ, ધન આ ત્રણ રાશિના ચંદ્ર હોય તો પૂર્વ દિશામાં ચંદ્રમાનું ઘર હોય. વૃષભ, કન્યા, મકર, આ ત્રણ રાશિના ચંદ્ર હોયતો દક્ષિણ દિશામાં ચંદ્રમાનું ઘર હોય, મિથુન, તુળા ને કુંભના ચંદ્ર હોય તો પશ્ચિમ દિશામાં ચંદ્રનું ઘર હોય, અને કર્ક, મીન, ને વૃશ્ચિકના ચંદ્ર હોય તો ઉત્તર દિશામાં ચંદનું ઘર જાણવું. ૨૪

## ચારે દીશાના ચંદ્રનાં ફળ.

**सन्मूखो अर्थलाभाय दक्षिणतोसुखसंपदा ।**

पश्चंतोमर्णचैव वामेचंद्र घनक्षयम् ॥ २५ ॥

અર્થ—જો સન્મુખ ચંદ્રમાનું ઘર હોય તો અર્થ લાભ કરે અને જમણા હાથની તરફ ચંદ્રમાનું ઘર હોય તો સુખ ને લક્ષ્મીની વૃદ્ધી કરે. ને જો પુઠે ચંદ્રમાનું ઘર હોય તો મરણ કરે ને ડાબા હાથકોર ચંદ્રમાનું ઘર હોય તો ધનનો ક્ષય કરે. એ રીતે ચંદ્રની દીશાઓ ગ્રામ પ્રવાસે ગ્રહપ્રવેશમાં, વધુ પ્રવેશ ઈત્યાદી શુભ કામમાં લેવાની છે. ૨૫

ધ્રુવ નક્ષત્ર ને તેના વિશે કામ.

उत्तरात्रयरोहिण्यो भास्करस्यश्चध्रुवंस्थिरम् ।
तत्रस्थिरंबीजगेहशां त्यारामादिसिद्धये ॥ २६ ॥

અર્થ—ત્રણ ઉત્તરા, રોહીણી, અને રવીવાર એની ધ્રુવ અને સ્થીર સંજ્ઞા છે. એના વિશે જેટલાં સ્થીર કર્મ બીજ વાવવું, ઘર બનાવવું, ગણપતી આદીની શાન્તી, ગૃહપ્રવેશ બગીચો કરવો ઈત્યાદિ સ્થીર કાર્ય કરવાં ૨૬

ચરગણ નક્ષત્ર ને તેના વિશે કામ.

स्वात्यादित्येश्रुतेस्त्रिणी चंद्रश्चापिचरंचलम् ।
तस्मिन्गजादिकारोहो वाटिकागमनादिकम् ॥ २७ ॥

અર્થ– સ્વાતિ, ધનેષ્ટા, પુનર્વસુ, શ્રવણ, શતભીષા અને સોમવાર એની ચર ને ચલ સંજ્ઞા છે. એમાં હાથી વાહને ચઢવું અને વાડી બનાવવી ઈત્યાદિ કાર્ય કરવાં. ૨૭

ઉગ્રગણ અને તેના વિશે કામ.

पूर्वात्रयंयाम्यमघ्ये उग्रक्रुरंकुजस्तथा ।
तस्मिन्घाताग्निशाठ्यानी विषशस्त्रादिसिध्यति ॥ २८ ॥

અર્થ—ત્રણ પૂર્વા, ભરણી, મઘા, મંગળવારની ઉગ્ર અને ક્રુર સંજ્ઞા છે એમ ઘાત કરવાનું. અગ્નિ સંબંધી કામ, શઠતા, વીષ, શસ્ત્રઆદીકનાં કામ કરવાને સિદ્ધિ આપે છે. ૨૮

મીશ્રગણ અને તેના વિશે કામ.

विशाखाग्नेयभेसौम्यो मिश्रमंसाधारणंस्मृतम् ।
तत्राग्निकार्यंमिश्रंच वृषोत्सर्गादिसिध्यति ॥ २९ ॥

અર્થ—વિશાખા, કૃતિકા અને બુધવાર એની મિશ્ર અને સાધારણ સંજ્ઞા છે. એના વિશે ભઠ્ઠી આદી અગ્ની કામ કરવાં અને મળેલાં કામ અને વૃષોત્સર્ગાદિ કામ કરવાની સીદ્ધી થાય. ૨૯

### લઘુગણ અને તેના વિશે કામ.

**हस्ताश्विपुष्याभिजीतः क्षिप्रंलघुगुरुस्तथा ।**
**तस्मिन्यण्यरतिज्ञान भुषाशिल्प कलादिकम् ॥३०॥**

અર્થ—હસ્ત, અશ્વિની, પુષ્ય, અભીજીત ને બ્રહસ્પતવાર એની લઘુ અને ક્ષીપ્ર સંજ્ઞા છે. માટે એના વીશે દુકાનનું કામ, રતીકામ, જ્ઞાન, આભુષણ, શિલ્પકર્મ અને ચોસેઠકળા આદી કામ સીદ્ધ થાય. ૩૦

### મૃદુગણ અને તેના વિશે કામ.

**मृगांत्यचित्रामित्रर्क्षं मृदुमैत्रंभृगुस्तथा ।**
**तत्रगीतांबरक्रीडा मित्रकार्यविभुषणम् ॥ ३१ ॥**

અર્થ—મૃગશીર, રેવતી, ચીત્રા અનુરાધા અને શુક્રવારની મૃદુ અને મીત્ર સંજ્ઞા છે. એમાં ગીત, વસ્ત્ર, ક્રીડા મીત્રનું કામ, અને આભુષણાદી પેહેરવાનાં કાર્ય સીદ્ધ થાય. ૩૧

### તીક્ષણ ગણ અને તેના વિશે કામ.

**मूलेंद्रार्द्राहिभंसौरि स्तीक्ष्णंदारुणसंज्ञकम् ।**
**तत्राभिचारघातोग्र भेदापशुदमादिकम् ॥ ३२ ॥**

અર્થ—મુળ, જેષ્ટા, આરૂદ્રા, અશ્લેષા અને શનીવાર એની તીક્ષણ અને દારૂણ સંજ્ઞા છે. એમાં અભીચાર, ઘાત, મીત્રોમાં કલેશ અને પશુઓને શીક્ષા બંધન ઇત્યાદી કાર્ય સિદ્ધ થાય. ૩૨

### ૨૭ યોગનાં નામ.

વિષ્કુંભ, પ્રિતી, આયુષ્યમાન, સૌભાગ્ય, શૌભન, અતિગંજ, શુકર્મા, ધૃતિ, શુળ, ગંજ, વૃદ્ધી, વ્યાઘાત, હર્ષણ, વજ્ર, સિધી, વ્યતિપાત, વરિયાણ, પરીઘ, શિવ, સિધી, સાધ્ય, શુભ, શુકલ, બ્રહ્મા, ઐંદ્ર, વઇધૃત, એ સત્યાવીશ યોગ છે.

તેમાં વ્યતિપાત ને વઇધૃત એ બે શુભ કાર્યમાં ત્યાગ કરવા અને પરીઘનો અરધો આગલો ભાગ શુભ કામમાં ત્યાગ કરવો. શુળ યોગની આદની ૫ ઘડી, ગંજ, અતીગંજની ૬ ઘડી, વ્યાઘાત યોગની પ્રથમની ૯ ઘડી ત્યાગ કરવી.

## યમઘંટ યોગ સમજવાનું.

मघार्कवारेशशिनेविशाखा आरुद्राकुजेईंदुसुतश्चमुल ।
गुरुजकृतिकाभृगुरोहिणीच शनिजहस्तेयमघंटयोग ॥ ३३ ॥

અર્થ—રવીવાર ને મઘા નક્ષત્ર હોય તો યમઘંટ યોગ થાય, અને સોમવાર ને વિશાખા નક્ષત્ર ને મંગળવાર ને આરૂદ્રા નક્ષત્ર, બુધવાર ને મૂળ નક્ષત્ર, ગુરૂવાર ને કૃતિકા નક્ષત્ર, શુક્રવાર ને રોહીણી નક્ષત્ર, અને શનીવાર ને હસ્ત નક્ષત્ર એ ઉપર લખેલા વારને નક્ષત્ર મળે તો યમઘંટ યોગ થાય છે. ૩૩

## યમઘંટનાં ફળ.

यमघंटेगतेमृत्यु कुरुक्षेतकरगृहे ।
कृत्यमृत्युप्रतिष्टाच शीशुर्जातिनजीवती ॥ ३४ ॥

અર્થ—જો યમઘંટને વીશે કોઈ ગામ જાય તો ગએલો પાછો ન આવે મરણ પામે, ને ઘર કરે તો પડી જાય; અને દેવ પ્રતિષ્ટા કે ગૃહ પ્રવેશ કરે તો તે કરનાર ધણીનું મૃત્યુ થાય. વળી બાળકનો જન્મ યમઘંટમાં થાય તો તે પણ જીવે નહીં. માટે યમઘંટ યોગ હોય ત્યારે કોઈપણ શુભ કામ કે પ્રવાસ કરવો નહીં. ૩૪

## દીશાકાળની સમજણ.

रवेउत्तरेवाव्यादिशाचशोमे भोमेप्रतिश्चाबुधनैऋतस्य ।
याम्यांगुरुवन्हिदिशाच शुक्रेशनिजपुर्वेप्रवदंतिकाल ॥ ३५ ॥

અર્થ—રવીવારને દીવશે ઉત્તર દીશામાં કાળ રહે છે, ને સોમવારે વાવ્યકોણમાં કાળ રહે છે. મંગળવારે પશ્ચિમ દીશાએ કાળ રહે છે. બુધવારે નઈઋત્ય કોણમાં કાળ રહે છે. ગુરૂવારે દક્ષિણ દીશામાં કાળ રહે છે. શુક્રવારે અગ્નિ કોણમાં કાળ રહે છે. શનીવારે પૂર્વ દીશામાં કાળ રહે છે. એ રીતે કાળ સાતવારોમાં સાત દીશાએ ફરે છે. ઈશાન કોણમાં કોઈ દહાડો કાળ નહીં, માટે જે દીશામાં કાળ હોય તે દીશાનું ઘરનું બારણું ન મૂકવું, ઘરપ્રવેશ ન કરવો. કાળ સમો ગામ પણ ન જવું, ને સામા કાળે કોઈ શુભ કામ કરવું નહીં. ૩૫

## જોગણીનું ઘર જોવાનું.

नवभूम्यःशिववन्हयोऽक्षविश्वे
ऽर्ककृताःशक्ररसास्तुरंगातिथ्यः ।

**द्विदिशोमावसवश्चपुर्वतःस्यु**
**स्तिथयःसंमुखवामगानशस्ता ॥ ३६ ॥**

અર્થ—૯, ૧, ને દીવશે યોગણીનું ઘર પૂર્વ દીશામાં હોય છે.
૩, ૧, ને દીવશે યોગણીનું ઘર અગ્ની કોણુમાં હોય છે.
૫, ને ૧૩, ને દિવશે દક્ષિણ દીશામાં યોગણીનું ઘર હોય છે.
૪, ને ૧૨, ને દીવશે યોગણીનું ઘર નૈરૂત્ય કોણુમાં હોય છે.
૬ ને ૧૪, ને દીવશે યોગણીનું ઘર પશ્ચીમ દીશામાં હોય છે.
૭, ને ૧૫, ને દીવશે યોગણીનું ઘર વાવ્ય કોણુમાં હોય છે.
૨, ને ૧૦ ને દીવશે યોગણીનું ઘર ઉત્તર દીશામાં હોય છે.
૮, ને ૩૦, ને દીવસે યોગણીનું ઘર ઇશાન કોણુમાં હોય છે.

એ યોગણીઓ સન્મુખ ડાબી હોય તો તે દીવસે શુભ કામ કે પ્રવાસ કરવો નહીં. ને જમણીને પછવાડાની સારી છે. ૩૬

## વારના અનુક્રમે રાહુનું મુખ જોવાનું.

રવીવારને દીવશે નૈરૂત્ય કોણુમાં રાહુ રહે છે, ને સોમવારે ઉત્તર દીશામાં રાહુ હોય છે, ને મંગળવારે અગ્નીકોણે રાહુ હોય છે, અને બુધવારે પશ્ચિમે રાહુ હોય છે, તથા ગુરૂવારે ઇશાન્યકોણમાં રાહુ હોય છે, શુક્રવારે દક્ષિણદિ શામાં રાહુ હોયછે, અને શનીવારે વાવ્યકોણે રાહુ હોય છે, એ રીતે પુર્વ દીશાને ત્યાગ કરીને વીલોમ ગતીએ રાહુ ફરે છે, માટે જ્યાં રાહુ હોય તે દિશામાં શુભ કામ વા પ્રવાસ ન કરવો.

## માસ પ્રમાણે રાહુ જોવાનું.

માર્ગશીર્ષ, પૌષ ને માઘ, એ ત્રણ માસમાં પુર્વ દીશામાં રાહુ રહે છે,
ફાગણ, ચૈત્ર ને વઇશાખ, એ ત્રણ માસમાં દક્ષીણે રાહુ રહે છે.
જેઠ, અષાડ ને શ્રાવણ, એ ત્રણ માસમાં પશ્ચીમ દીશામાં રાહુ હોય છે,
ભાદરવો, આસો ને કાર્તિક, એ ત્રણ માસમાં ઉત્તર દીશામાં રાહુ હોય છે.
માટે જે દીશામાં રાહુ હોય તે દીશાનું શુભ કામ કોઇપણ કરવું નહીં.

## વાર તથા નક્ષત્ર શુળ.

**नपुर्वदिशिशक्रभेनविधुशौरीवारेतथा**
**नचाजपदभेगुरौयमदिशीनदैत्येज्ययोः ।**
**नपाशिदिशीधातृभेकुजबुधैर्यमर्क्षेतथा**
**नसौम्यककुभिव्रजेत्स्वजयाजिवितार्थीबुधः ॥ ३७ ॥**

અર્થ—જેષ્ટા નક્ષત્ર ને શનીવાર તથા સોમવારે પુર્વ દીશામાં વાર શુળ જાણવું. પૂર્વાભાદ્રપદ નક્ષત્રને ગુરૂવારે દક્ષિણ દીશામાં વાર શુળ હોય છે. રોહીણી નક્ષત્ર ને શુક્રવાર તથા રવીવારે પશ્ચીમ દીશામાં વાર શુળ હોય છે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ને મંગળવારે તથા બુધવારે ઉત્તર દિશામાં વાર શુળ હોય છે. જે દીશામાં એ વાર શુળ હોય તે દીવસે તે દીશામાં ગામ જવું નહી તથા કોઈ પણ શુભ કામ કરવું નહીં. ॥ ૩૭ ॥

## અથ ઘાત ચક્ર.

| રાશી. | પુરૂષ ઘાત ચંદ્ર. | ઘાત વાર. | ઘાત તીથી. | ઘાત નક્ષત્ર. | ઘાત લગ્ન. | ઘાત જોગ. | ઘાત દિશા. | ઘાત માસ. | સ્ત્રીના ઘાત ચંદ્ર. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મેષ. | ૧ | રવી. | નંદા. | મઘા. | ૧ | વિષ્કુંભ. | દક્ષિણ. | કાર્તિક | ૧ |
| વૃષભ. | ૫ | શની. | પુર્ણા. | હસ્ત. | ૨ | પ્રિતી. | પશ્ચીમ. | માર્ગશીર | ૮ |
| મિથુન. | ૯ | સોમ. | ભદ્રા. | સ્વાતી. | ૪ | આયુષ્માન | ઉત્તર. | પોષ. | ૭ |
| કર્ક. | ૨ | બુધ. | ભદ્રા. | અનુરાધા | ૭ | સો. | દક્ષિણ. | જ્યેષ્ટ. | ૯ |
| સિંહ. | ૬ | શની. | જયા. | મૂળ. | ૧૦ | વૃ. | પૂર્વ. | શ્રાવણ. | ૬ |
| કન્યા. | ૧૦ | શની. | પુર્ણા. | શ્રવણ. | ૧૨ | વ્યતીપાત. | પશ્ચીમ. | ભાદરવો. | ૩ |
| તુળા. | ૩ | ગુરૂ. | રીક્તા | શતભી. | ૬ | ધૃતી. | પશ્ચીમ. | માધ. | ૪ |
| વૃશ્ચીક. | ૭ | શુક્ર. | નંદા | રેવતી | ૮ | હર્ષણ. | દક્ષિણ. | આસો. | ૨ |
| ધન. | ૪ | શુક્ર. | જયા. | ભરણી. | ૯ | સિ. | ઉત્તર. | શ્રાવણ. | ૧૦ |
| મકર. | ૮ | મંગળ. | રીક્તા | રોહણી. | ૧૧ | ગંજ. | પૂર્વ. | વૈશાખ. | ૧૧ |
| કુંભ. | ૧૧ | ગુરૂ. | જયા. | આરૂદ્રા | ૩ | શુળ. | દક્ષિણ. | ચૈતર. | ૫ |
| મીન. | ૧૨ | શુક્ર. | પુર્ણા. | અશ્લેષા | ૫ | વૃ. | પૂર્વ. | ફાગણ. | ૧૨ |

એ ઉપરનું જે ઘાત ચક્રનું કોષ્ટક છે તેમાં હરેક રાશિવાળાને પોતાના કાટાની સીધી લીટીએ જે જે ઘાત વિષય છે તે જોઇ લેવો તે ઘાતાંદીક વીશ-

યમાં કાંઈ શુભ કાર્ય વા પરદેશગમન ન કરવું અને પુરૂષ કરતાં સ્ત્રીનો સ્ત્રી પુરૂષને પણ ઘાતચંદ્ર ઉલટો છે તે કોષ્ટકના છેલા પદમાં લઈ લેવો.

## અથ દીવસનાં ચોઘડીયાં.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| રવિ. | ઉદ્વેગ. | ચળ. | લાભ. | અમૃત. | કાળ. | શુભ. | રોગ. | ઉદ્વેગ. |
| સોમ. | અમૃત. | કાળ. | શુભ. | રોગ. | ઉદ્વેગ. | ચળ. | લાભ. | અમૃત. |
| મંગળ. | રોગ. | ઉદ્વેગ. | ચળ. | લાભ. | અમૃત. | કાળ. | શુભ. | રોગ. |
| બુધ. | લાભ. | અમૃત. | કાળ. | શુભ. | રોગ. | ઉદ્વેગ. | ચળ. | લાભ. |
| ગુરૂ. | શુભ. | રોગ. | ઉદ્વેગ. | ચળ. | લાભ. | અમૃત. | કાળ. | શુભ. |
| શુક્ર. | ચળ. | લાભ. | અમૃત. | કાળ. | શુભ. | રોગ. | ઉદ્વેગ. | ચળ. |
| શનિ. | કાળ. | શુભ. | રોગ. | ઉદ્વેગ. | ચળ. | લાભ. | અમૃત. | કાળ. |

## અથ રાત્રિનાં ચોઘડીયાં.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| રવિ. | શુભ. | અમૃત. | ચળ. | રોગ. | કાળ. | લાભ. | ઉદ્વેગ. | શુભ. |
| સોમ. | ચળ. | રોગ. | કાળ. | લાભ. | ઉદ્વેગ. | શુભ. | અમૃત. | ચળ. |
| મંગળ. | કાળ. | લાભ. | ઉદ્વેગ. | શુભ. | અમૃત. | ચળ. | રોગ. | કાળ. |
| બુધ. | ઉદ્વેગ. | શુભ. | અમૃત. | ચળ. | રોગ. | કાળ. | લાભ. | ઉદ્વેગ. |
| ગુરૂ. | અમૃત. | ચળ. | રોગ. | કાળ. | લાભ. | ઉદ્વેગ. | શુભ. | અમૃત. |
| શુક્ર. | રોગ. | કાળ | લાભ. | ઉદ્વેગ. | શુભ. | અમૃત. | ચળ. | રોગ. |
| શની. | લાભ. | ઉદ્વેગ. | શુભ. | અમૃત | ચળ. | રોગ. | કાળ. | લાભ. |

એ ઉપરના બે કોષ્ટકમાં દીવસ અને રાતનાં ચોઘડીયાં મૂકેલાં છે તે ચોઘડીયાં દીવસે ૮ ને રાત્રીમાં આઠ એ રીતે ભોગવે છે તેમાં દરેક ચોઘડીયું ઘડી ૩ ને પળ ૪૫ (૧॥ કલાક) ભોગવે છે તે પ્રમાણે ગણતરી કરી સમજી લેવાં.

## અથ શુભ શુકન.

विप्राश्वेभफलन्नदुग्धदधिगोसिधार्थपद्मांबरं ।
वेश्यावाद्यमयुर चाषनकुलाबद्धैकपश्वामिषम् ॥

सद्वाक्यंकुशुमेक्षुपुर्णं कलशच्छत्राणिमृत्कन्यका ।
रत्नोष्णीषासितोक्षमद्य ससुतस्त्रीदिप्तविश्वानराः ॥३८॥

અર્થ— જે વખતે ગામ જવું હોય તે વખતે માર્ગે નીકળતાં ઘણા બ્રાહ્મણ, ઘોડા, હાથી, ફળ, અન્ન, દુધ, દહી, ગાય, ધોળોસારસ, કમળ, લુગડાં વેચનાર વેશ્યા, વાજાં, મોર, ચાષપક્ષી, નકુળ, (નોળવો) બાંધેલાં પશુ, માંસ, રૂડીવાણી, પુષ્પ, પૂરણ ભરેલો કળશ, અથવા બેડું ભરેલું શોભાશણુ સ્રીને માંથે, છત્ર વા છત્રી, ગોરમટિ મૃતિકા, કુંવારી છોડી, રત્ન, પાઘડી, ધોળો બળધ, દારૂ, પુત્ર કેડે તેડેલી સ્રી, સળગતો અગ્ની ઈત્યાદિ સામાં મળે તો સારા શુકન જાણવા. ૩૮

आदर्शांजनधौतवस्त्ररजकामिनाज्यसिंहासनं ।
शावंरोदनवर्जितं ध्वजमधुच्छागास्त्रगोरोचनम् ॥
भारद्वाजनृयानवेदनिनदा मांगल्यगितांकुशा ।
दृष्टाःसत्फलदाःप्रयाणसमयेरिक्तोघटःस्वानुगः ॥३९॥

અને વળી દર્પણ, અંજન, ધોએલા વસ્ત્ર લેઈને આવતો ધોબી, માછલાં. ઘી, સિંહાસન, રોયાવિના લેઈ જતાં મુડદુ, પતાકા સહત, બકરાં, હથિયાર, ગોરૂચંદન, ભારદ્વાજ નામનું પક્ષી, પાલખી, વેદભણતા બ્રાહ્મણ, ગાયન, અંકુશ, એટલાં વાનાં ગામ જતાં આગળ દેખાય અથવા આવે તો શુભ શુકન છે. એ વીના બીજા અશુભ શુકન જોવાના છે. ૩૯

ગામ જતાં અપશુકન.

वंध्याचर्मतुषास्थिसर्पलवणांगारेंधनक्लिबाविट् ।
तैलोन्मत्तवसौषधारी जटिलप्रव्राटतृणव्याधिताः ॥
नग्नाभ्यक्तविमुक्तकेशवपतिताव्यंगक्षुधार्ताअसृक् ।
स्त्रीपुष्पंसरठःस्वगेहदहनं मार्जारयुद्धं क्षुतंम ॥ ४०॥

અર્થ—વાંઝણી સ્રી, ચામડું, ડાંગેરનાં ફોતરાં, કાળાંહાડ્કાં, સર્પ, મીઠું, અંગારા, ઈંધણ, નપુંશક, વીષ્ટા, તેલ, ઉન્મત (ગાંડોમાણસ) ચર્બિ, ઔષધી, શત્રુ, જટાવાળો સંન્યાસી, તૃણ ( ઘાસ ), રોગી, નાગોમાણસ, માંથાના વાળમાં કાંઇ ચોપડેલું ને છુટા, વળી વીખરાએલા કેશવાળાં મનુષ્ય, નીચજાતી માણસ, અંગવિનાનો ( ખોડો, લુલો ઇત્યાદી ), ભુખ્યો, રૂધીરચુતો, રજસ્વળા સ્રી, કાચંડો,

પોતાનું ઘર બળતું દેખે, લડતાં બીલાડાં ને છીક. એટલાં વાનાં ગામ જતાં મળે તો અશુભ જાણવા. ૪૦

काषायीगुडतक्रपंकविधवा कुब्जाःकुटुंबेकलि ।
वस्त्रादेःस्खलनंछुलायसमरं कृष्णनिधान्यनिच ॥
कार्पासंवमनंचगर्दभरवो दक्षऽतिरुद्गर्भिणी ।
मुंडार्द्रांवरदुर्चोऽधबधिरोदक्योनदृष्टाःशुभाः ॥ ४१ ॥

અર્થ—ગેરૂથી રંગેલાં વસ્ત્રવાળા મનુષ્ય; ગોળ, છાશ, કીચડ, વિધવા સ્ત્રી, કુબડા, કુટુંબમાં લડતાં, પડતાં વસ્ત્ર, કાલુ અનાજ (અડદી), કપાસ, વમન થતુ મનુષ્ય, જમણાપાસે ગધેડાનો શબ્દ, ઘણા ક્રોધવાળો મનુષ્ય, ગર્ભિણી સ્ત્રી, મુડાએલા, ધોએલાં લીલાંવસ્ત્ર લેઇને આવતો મનુષ્ય, દુષ્ટવચન, આંધળો, બેહેરો ઇત્યાદી ગામ જતાં સનમૂખ આવે તો અશૂભ શૂકન જાણવા.

### ગામ જતાં અપશુકનનો પરિહાર.

आद्येऽपशुकनेस्थित्वा प्राणानेकादशव्रजेत् ।
द्वितियेशोडष प्राणां स्तृतियेन कचिद्व्रजेत् ॥ ४२ ॥

અર્થ— જો ગામ જતાં અપશુકન થાય તો અગીયાર સ્વાસ ભરીને પછી ચાલવું, વળી પાછા અપશુકન થાયતો ત્યાં ઉભા રહીને શોળસ્વાસ ભરીને ચાલવું, વળી પાછા અપશુકન થાયતો ત્યાં ઉભારહીને શોળસ્વાસ ભરીને ચાલવું, તેમ ત્રીજીવાર અપશુકન થાયતો કદાપિકાળે ચાલવું નહીં ને જાયતો વિઘન થાય. ॥ ૪૨ ॥

એ શીવાય ઘણા શુકન છે. જમણા લેવા, ડાબા લેવાના તે જગત પ્રસીદ્ધ ચાલતા લોક વહેવાર હોય તે જોવા, બધા લખતાં ગ્રંથ વધી જાય માટે કીંચીત લખ્યા છે.

ઇતિશ્રી શિલ્પદિપક ગ્રંથે પ્રકરણ ૬ ઠું

સંપૂર્ણમ્.

આ પ્રમાણે શિલ્પદિપક ગ્રંથ પુરાતનપર ગુજરાતી ટીકા કરી લોકોપકારને માટે છપાવી પ્રસીદ્ધ કર્યો છે તેમાં કોઈ વિષયમાં ભુલ હોય તો હમેશાં સુધારજો ને મારો અપરાધ ક્ષમા કરજો એવી સર્વે પંડિતો પ્રતિ મારી વિનંતી છે.